પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૧૭-૩-૨૦૨૬, મંગળવાર
વર્ષ: ૧૫, અંક : ૮

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

દુનિયામાં એક જ વસ્તુને રિસાયકલ કરી શકાતી નથી એ છે ... વેડફી નાખેલો ‘સમય’.

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

### હાશ ગેસના બાટલાની ચિંતા હળવી થશે

# થોડા જ દિવસોમાં ૩૬ ટકા ઉત્પાદન વધારા સાથે ૬૫ લાખ બાટલા બજારમાં ઠાલવવા સરકાર સજ્જ

## ૯૨,૦૦૦ ટન એલપીજી ધરાવતા ટેન્કર જહાજો મુન્દ્રા પોર્ટ પર પહોંચ્યા: અન્ય ૨૨ જહાજોને હોર્મુઝની ખાડીમાંથી સુરક્ષિત રીતે પસાર કરાવવા માટે સરકારની ઈરાન સાથેની વાતચીત ચાલુ

**અબતક, રાજકોટ**

દેશમાં રાંધણ ગેસ (એલપીજી) ની અછતનો સામનો કરી રહેલા સામાન્ય નાગરિકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા તાત્કાલિક પગલાંને કારણે આગામી દિવસોમાં ગેસ સિલિન્ડરની સપ્લાયમાં મોટો સુધારો જોવા મળશે. સરકારના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા ૧૫ દિવસમાં ઘરેલુ એલપીજી ઉત્પાદનમાં રેકોર્ડબ્રેક ૩૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

આ ઉત્પાદન વધારાને પરિણામે સરકાર આગામી થોડા જ દિવસોમાં ૬૫ લાખ નવા ગેસ બાટલા બજારમાં ઠાલવવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આ આંકડો વધતી જતી માગને પહોંચી વળવા અને વેટિંગ લિસ્ટ ઘટાડવા માટે પૂરતો માનવામાં આવી રહ્યો છે.



હોર્મુઝની સામુદ્રધુનીમાં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવ વચ્ચે પણ ભારત પોતાની ઉર્જા સુરક્ષા જાળવી રાખવામાં સફળ રહ્યું છે. તાજેતરમાં જ ૪૬,૦૦૦ ટન એલપીજી જથ્થા સાથેનું ’શિવાલિક’ જહાજ મુંદ્રા પોર્ટ પર સુરક્ષિત રીતે આવી પહોંચ્યું છે. અન્ય ૪૬,૦૦૦ ટન એલપીજી સાથેનું બીજું જહાજ મંગળવારે વહેલી સવારે કંડલા પોર્ટ પર પહોંચ્યું તેમજ યુએઈથી ૮૧,૦૦૦ ટન ક્રૂડ ઓઈલ લઈને આવતું આ ટેન્કર પણ મંગળવારે બપોરે મુન્દ્રા પહોંચવાની શકયતા છે.વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાન સાથે સીધી વાતચીત કરીને ભારતીય જહાજોના સુરક્ષિત માર્ગ માટેના પ્રયાસો તેજ કર્યા છે, જેનાથી ગેસના પુરવઠામાં કોઈ મોટો અવરોધ ન આવે તેની તકેદારી રાખવામાં આવી રહી છે. બજારમાં એકસાથે લાખોની સંખ્યામાં સિલિન્ડર આવવાથી ગેસ એજન્સીઓ પર રહેલું દબાણ ઘટશે અને જે ગ્રાહકોને રિફિલિંગ માટે લાંબો સમય રાહ જોવી પડતી હતી, તેમને હવે સમયસર ડિલિવરી મળી શકશે. તહેવારો કે અન્ય કારણોસર વધતી માગને પહોંચી વળવા માટે સરકારનું આ આયોજન મધ્યમ વર્ગ માટે મોટો આશરો બની રહેશે.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝને લઈ ટ્રમ્પનું ‘સુરસુરિયું’ ચીન, સાઉથ કોરિયા જેવા સાતમાંથી એક પણ દેશ ટ્રમ્પ સાથે જોડાવા તૈયાર નથી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટ્રેટ ઓફ હોર્મુઝની સુરક્ષા માટે ચીન, સાઉથ કોરિયા, જાપાન અને યુરોપના દેશોને તેમની નૌકાઓ તૈનાત કરવા પર ભાર મૂક્યો છે. જોકે, અત્યાર સુધી કોઈ પણ દેશે પ્રતિબદ્ધતા દર્શાવી નથી, જેનાથી અમેરિકાના પ્રયાસો પર સવાલ ઉભા થયા છે. ટ્રમ્પનું કહેવું છે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિશ્વના લગભગ ૨૦ ટકા તેલ પુરવઠા માટે જવાબદાર છે અને ચીન અને સાઉથ કોરિયા જેવા દેશોની અર્થવ્યવસ્થા તેના પર વધુ આધાર રાખે છે. જોકે, તેમણે આ દેશોને પોતાની સુરક્ષા કરવા માટે દબાણ કર્યું છે. હાલના તણાવપૂર્ણ માહોલમાં આંતરરાષ્ટ્રીય સમુદાય તરફથી કોઈ સ્પષ્ટ પ્રતિસાદ મળ્યો નથી.

# યુધ્ધને ત્રણથી વધુ અઠવાડિયા ખેંચી જવા ઈઝરાયેલ તૈયાર: ટ્રમ્પની મૂંઝવણમાં વધારો

## ઈઝરાયેલનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનની બેલેસ્ટિક મિસાઈલ ક્ષમતા, પરમાણુ સુવિધાઓ અને સુરક્ષા માળખાને જડમૂળથી નબળું પાડવાનો

**અબતક, રાજકોટ**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે ભયાનક વળાંક લઈ રહ્યો છે. ઈઝરાયલે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે ઈરાન વિરુદ્ધનું આ યુદ્ધ હજુ લાંબુ ચાલશે. ઈઝરાયેલી સૈન્યએ સોમવારે જાહેરાત કરી હતી કે તેમની પાસે ઈરાન પર સતત હુમલા કરવા માટે આગામી ત્રણ અઠવાડિયાનો વિગતવાર ઓપરેશનલ પ્લાન તૈયાર છે. આ જાહેરાતને પગલે વૈશ્વિક સ્તરે ખળભળાટ મચી ગયો છે અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓમાં પણ ધરખમ વધારો થયો છે.

ઈઝરાયેલી સૈન્યના પ્રવકતા લેફ્ટનન્ટ કર્નલ નાદવ શોશાનીએ પત્રકારોને જણાવ્યું હતું કે, સૈન્ય પાસે માત્ર આગામી ત્રણ સપ્તાહ જ નહીં, પરંતુ તે પછીના સમયગાળા માટે પણ ચોક્કસ આયોજન છે. ઈઝરાયલનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાનની બેલેસ્ટિક મિસાઈલ ક્ષમતા, પરમાણુ સુવિધાઓ અને સુરક્ષા માળખાને જડમૂળથી નબળું પાડવાનો છે. આ ઓપરેશન માટે ઈઝરાયલે ૧,૧૦,૦૦૦ થી વધુ રિઝર્વિસ્ટ સૈનિકોને મેદાનમાં ઉતાર્યા છે. દરમિયાન, તેહરાન, શિરાઝ અને તાબ્રિઝ જેવા શહેરોમાં ઈઝરાયલી વાયુસેનાએ ભારે બોમ્બમારો ચાલુ રાખ્યો છે, જેમાં રહેણાંક વિસ્તારો અને શાળાઓને પણ નુકસાન થયું હોવાના અહેવાલ છે. બીજી તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ યુદ્ધને કારણે બેવડી મુસીબતમાં ફસાયા છે. એકબાજુ અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીઓ નજીક આવી રહી છે, ત્યારે બીજીબાજુ આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. હોર્મુઝની સામુદ્રધુની

(અનુ. આઠમા પાને)



### દુબઈ એન્લાઈન્સ ખુલ્લું મુકાયું પણ પ્લેન આવાગમન અચોક્કસ મુદત સુધી સ્થગિત

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ નજીક ઈંધણ ડેપો પર થયેલા ડ્રોન હુમલા બાદ સુરક્ષાના કારણોસર વિદેશી એરલાઈન્સના લેન્ડિંગ પર અચોક્કસ મુદત સુધી પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. એક શંકાસ્પદ ઈરાની ડ્રોન હુમલામાં ફ્યુઅલ ટેન્કને નિશાન બનાવતા ભયાનક આગ લાગી હતી, જેના પગલે યુએઈની સિવિલ એવિએશન ઓથોરિટીએ આ કડક નિર્ણય લીધો છે. એરપોર્ટ કાર્યરત હોવા છતાં અન્ય દેશોની ફ્લાઈટ્સના આવાગમન પર રોક લગાવાતા ઈન્ડિગો સહિતની ભારતીય એરલાઈન્સે પોતાની ઉડાનો રદ કરી છે. ખાડી દેશોમાં ચાલી રહેલા યુદ્ધની સ્થિતિ વચ્ચે આ આદેશથી હજારો મુસાફરો અટવાયા છે.

# ૧૦ ટકા ચીની ભાગીદારી ધરાવતી વિદેશી કંપનીઓ ભારતમાં સીધું રોકાણ કરી શકશે

## એફડીઆઈ પોલિસી હળવી કરાઈ, જો કે ચીન કે અન્ય પાડોશી દેશોની કંપનીઓને સીધી રીતે આ છૂટછાટનો લાભ નહીં મળે

**અબતક, નવી દિલ્હી**

ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ દ્વારા સોમવારે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ પોલિસીમાં મહત્વના ફેરફારો જાહેર કરવામાં આવ્યા છે. નવા નિયમ મુજબ, હવે જે વિદેશી કંપનીઓમાં ચીનનું ૧૦ ટકા સુધીનું શેરહોલ્ડિંગ હશે, તેવી કંપનીઓ ઓટોમેટિક રૂટ મારફતે ભારતમાં રોકાણ કરી શકશે. જોકે, આ માટે સેક્ટરલ લિમિટ અને અમુક શરતોનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

આ નવી રાહત ચીન, હોંગકોંગ અથવા ભારત સાથે જમીની સરહદ ધરાવતા અન્ય દેશોમાં સીધી રીતે નોંધાયેલી કંપનીઓને લાગુ પડશે નહીં. અગાઉના નિયમો મુજબ, આવા દેશો સાથે એક ટકાનું પણ શેરહોલ્ડિંગ ધરાવતી વિદેશી કંપનીઓએ ભારતમાં કોઈપણ સેકટરમાં રોકાણ કરવા માટે ફરજિયાતપણે સરકારની પૂર્વ મંજૂરી લેવી પડતી હતી. કોવિડ-૧૯ મહામારી દરમિયાન ભારતીય કંપનીઓના તકવાદી ટેકઓવરને રોકવા માટે એપ્રિલ ૨૦૨૦માં પ્રેસ નોટ ૩ દ્વારા આ કડક નિયમો લાદવામાં આવ્યા હતા.

(અનુ. આઠમા પાને)

# ખાતરના ભાવ ૨૦ ટકા જેટલા વધે તે પહેલાં જ સરકાર હરકતમાં

## ખરીફ સિઝન પહેલા યુરિયા અને ડીએપીની અછતની ભીતિ વચ્ચે ભારતીય કંપનીઓએ ઉત્પાદન વધાર્યું

**અબતક, નવી દિલ્હી**

ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા પછી આયાતી સ્પેશિયાલિટી ખાતરના ભાવમાં ૧૦ થી ૨૦ ટકાનો વધારો થયો છે. જેના કારણે ખેતી માટે જરૂરી પોષક તત્વોના પુરવઠા પર ખતરો ઉભો થયો છે. આ સ્થિતિને પહોંચી વળવા અને આગામી મહત્વની ખરીફ વાવણીની સિઝનને ધ્યાનમાં રાખીને ભારતીય કંપનીઓએ ખાતરનું ઉત્પાદન વધારવાની ફરજ પડી છે.

ખરીફ સિઝન પહેલા જ યુરિયા અને ડીએપીની અછત ઉભી થવાની ભીતિ વચ્ચે ખાતર ઉદ્યોગ દ્વારા સ્ટોક અને કાચા માલની વ્યવસ્થા વધારવામાં આવી રહી છે. ઈન્ડિયન માઈક્રો ફર્ટિલાઈઝર્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રમુખ રાહુલ

(અનુ. આઠમા પાને)

# સસ્તા ડાયમંડવાળા ચાંદીના દાગીનાની આયાત પર 30 જૂન સુધી પ્રતિબંધ

## ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા નોટિફિકેશન જારી આસિયાન દેશોમાંથી થતી આયાતને નાથવા માટે લેવાયો નિર્ણય

**અબતક, નવી દિલ્હી**

ભારત સરકારે વિદેશી વેપાર નીતિમાં મોટો ફેરફાર કરતા સસ્તા હીરા જડેલા ચાંદીના દાગીનાની આયાત પર તાત્કાલિક અસરથી નિયંત્રણો લાદી દીધા છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા સોમવારે એક સત્તાવાર નોટિફિકેશન જારી કરીને આ અંગેની માહિતી આપવામાં આવી છે. સરકારનો આ નિર્ણય આગામી ૩૦ જૂન, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. ડિજીએફટી દ્વારા જારી કરાયેલા નોટિફિકેશનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, સસ્તા હીરા જડેલી ચાંદીની જ્વેલરી માટે અત્યાર સુધી આયાત નીતિ ’મુક્ત’ (ફ્રી) હતી, જેને બદલીને હવે ૩૦ જૂન, ૨૦૨૬ સુધી ’પ્રતિબંધિત’ કે ’નિયંત્રિત’ (રિસ્ટ્રિક્ટેડ) કેટેગરીમાં મૂકવામાં આવી છે. આનો સીધો અર્થ એ છે કે, હવે આ પ્રકારના દાગીનાની આયાત કરવા માટે સરકાર કે સંબંધિત સત્તામંડળ



(અનુ. આઠમા પાને)


# ક્રોસ વોટિંગથી રાજ્યસભાની ૧૧ પૈકી ૮ બેઠકો અંકે કરતી એનડીએ

## રાજ્યસભાની કુલ ૩૭ બેઠકો માંથી ૨૨ બેઠક એનડીએને મળી: વિપક્ષને મળી માત્ર ૧૫ સીટ

**અબતક, રાજકોટ**

પાંચ રાજ્યોની રાજ્યસભાની ૩૭ બેઠકો પૈકી ૨૨ બેઠકો એનડીએ ગઠબંધનના ફાળે આવી છે.જયારે વિપક્ષના ફાળે ૧૫ બેઠકો આવી છે.જે ૧૧ બેઠકો માટે મતદાન કરવાની જરૂરિયાત ઉભી થઈ હતી તેમાં ક્રોસ વોટિંગ થકી એનડીએએ ૮ બેઠકો અંકે કરી લીધી છે.રાજ્યસભામાં સરકારનું બળ વધ્યું છે.

રાજ્યસભાની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં વિરોધ પક્ષો પોતાના ધારાસભ્યોને એકજૂથ રાખવામાં નિષ્ફળ રહ્યા હતા.



બિહારમાં ગેરહાજર ધારાસભ્યોને કારણે ’મહાગઠબંધન’ને એક બેઠક ગુમાવવી પડી હતી. જ્યારે ઓડિશામાં ક્રોસ વોટિંગને કારણે ભાજપને એક વધારાની બેઠક મળી છે.હરિયાણામાં બેલેટ પેપરની ગુપ્તતા અંગેના વિવાદને કારણે પરિણામ અટવાયું હતું.

બિહારમાં મહાગઠબંધનના એકમાત્ર ઉમેદવાર આઈજેડીના અમરેન્દ્ર ધારી સિંહની હાર થઈ છે. ચાર વિપક્ષી ધારાસભ્યો ચૂંટણીથી દૂર રહ્યા હતા. નીતીશ કુમાર અને નીતિન નવીન સહિત

(અનુ. આઠમા પાને)

# પાકિસ્તાને કાબુલની હોસ્પિટલમાં એરસ્ટ્રાઈક કરતા ૪૦૦થી વધુના મોત, ૨૫૦ ઘાયલ: તાલિબાન

## પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના પ્રવક્તા મોશર્રફ ઝૈદીએ અફઘાનિસ્તાનના આરોપોને પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા

**અબતક, રાજકોટ**

એક તરફ ઈરાનમાં યુદ્ધ ચાલી રહ્યું છે, ત્યાં બીજી તરફ ભારતના પડોશમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સંઘર્ષ સતત વધી રહ્યો છે. છેલ્લા કેટલાય સમયથી પાકિસ્તાન વારંવાર અફઘાનિસ્તાન પર હવાઈ હુમલા કરી રહ્યું છે. એવામાં હવે અફઘાનિસ્તાનનો દાવો છે કે પાકિસ્તાને કાબુલમાં એક હોસ્પિટલ સહિત રહેણાંક વિસ્તારો પર હવાઈ હુમલા કર્યા છે. પાકિસ્તાનના આ હુમલામાં ૪૦૦ લોકોના મોત થયા છે. જ્યારે ૨૫૦થી વધુ ઈજાગ્રસ્ત



છેઅફઘાનિસ્તાનના આરોગ્ય વિભાગના પ્રવકતા શરાફત ઝમાને જણાવ્યું કે કાબુલમાં નશામુક્તિ કેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવાતી એક હોસ્પિટલ પર હુમલો કરવામાં આવ્યો. આ હુમલામાં અનેક નિર્દોષોના જીવ ગયા છે. જોકે બીજી તરફ પાકિસ્તાનનો દાવો જુદો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફના પ્રવકતા મોશર્રફ ઝૈદીએ અફઘાનિસ્તાનના આરોપોને સંપૂર્ણપણે પાયાવિહોણા ગણાવીને ફગાવી દીધા છે. પાકિસ્તાને કહ્યું

(અનુ. આઠમા પાને)

# વાતાવરણમાં ફરી પલ્ટો: તાપમાનમાં ચાર ડિગ્રી સુધીનો ઘટાડો

## રાજકોટ-અમરેલી સહિતના શહેરોમાં ઝાકળવર્ષા: પવનની દિશા બદલાતા રાજ્યમાં ગરમીમાં રાહત: આગામી ૭ દિવસ સુધી હિટવેવની કોઈપણ પ્રકારની શક્યતા નથી

**અબતક, રાજકોટ**

રાજ્યમાં માર્ચના પ્રારંભમાં આકરી ગરમીનો પ્રકોપ શરૂ થયા બાદ વાતાવરણમાં પલટો આવતા ગરમીમાં રાહત મળી છે. તો બીજી તરફ કાલથી ૨૦ માર્ચ સુધી માવઠાની આગાહી કરાતા ધરતીપુત્રોની ચિંતામાં વધારો થયો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં હાલ તાપમાનનો પારો

(અનુ. આઠમા પાને)



### હિમાચલમાં જબરદસ્ત બરફ વર્ષા થતા અટલ ટનલમાં હજારો પ્રવાસીઓ ફસાયા

હિમાચલ પ્રદેશમાં હવામાનના બદલાયેલા મિજાજને કારણે પ્રવાસીઓની મુશ્કેલીમાં મોટો વધારો થયો છે. પ્રખ્યાત અટલ ટનલ ના બંને છેડે અચાનક થયેલી ભારે બરફવર્ષાને કારણે ૧૦૦૦ થી વધુ પ્રવાસી વાહનો ફસાઈ ગયા છે. હિમવર્ષાનો આનંદ માણવા પહોંચેલા હજારો સહેલાણીઓ હવે થીજવતી ઠંડી અને ટ્રાફિક જામની વચ્ચે અટવાયા છે, જેમને સુરક્ષિત બહાર કાઢવા મનાલી અને લાહૌલ-સ્પીતિ પોલીસ દ્વારા સંયુક્ત રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

# ન હોય... ૪૨ વર્ષ જૂની પીએલઆઈ સુપ્રીમમાં પેન્ડિંગ!

## સુપ્રીમ કોર્ટમાં ૩૫૦૦થી વધુ પીઆઈએલ પેન્ડિંગ, પર્યાવરણ અને જમીન વિવાદને લગતી અરજીઓનું પ્રમાણ વધુ: કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે લોકસભામાં જાહેર કરી માહિતી

**અબતક, નવી દિલ્હી**

બંધારણીય અર્થઘટન અને ફોજદારી અપીલની મુખ્ય જવાબદારી નિભાવતી સુપ્રીમ કોર્ટમાં હાલ ૩,૫૦૦થી વધુ જાહેર હિતની અરજીઓ (પીઆઈએલ) પેન્ડિંગ છે. કાયદા મંત્રાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, તેમાંથી ૬૯૮ પીઆઈએલ ૧૦ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે અને સૌથી જૂની અરજી ૪૨ વર્ષથી ન્યાયની રાહ જોઈ રહી છે. આમાંની મોટાભાગની અરજીઓ પર્યાવરણ, જમીન કાયદા અને કૃષિ ગણોત સંબંધિત બાબતોને લગતી છે.

સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ કેસોનો કુલ આંકડો ૮૦,૦૦૦ને પાર પહોંચી ગયો છે, જેમાં આ પીઆઈએલનો પણ મોટો હિસ્સો છે. વર્ષ ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા સૌથી વધુ ૫૭૦ પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી,

(અનુ. આઠમા પાને)

## સ્વાર્થી પ્રેમની જાળમાં ફસાતી નિર્દોષ લાગણીઓ

# વિશ્વાસના ફૂલ પર સ્વાર્થના કાંટા, પ્રેમના નામે રમાતો "કપટ"નો ખેલ

### આજના યુવાનોમાં ફિલ્મી લવેરીયા અને ફ્રેન્ડશીપના નામે થતાં પ્રેમ બહું લાંબા ટકતા નથી: છોકરા કરતાં છોકરી બહું ઝડપથી વિશ્વાસ મુકી દેતા મુશ્કેલીમાં સપડાય છે: આજે પ્રેમની આડમાં સ્વાર્થનો ખેલ રચાય છે: તકલાદી અને સ્વાર્થી પ્રેમનો ભોગ સૌથી વધુ છોકરીઓ જ કેમ બને છે, આ સમસ્યા દરેક મા બાપ માટે ચિંતાનો વિષય

"તુમ્હારા ચાહને વાલા ખુદા કી દુનિયા મે, મેરે સિવા ભી કોઈ ઔર હો...ખુદા ન કરે" વર્ષો પહેલા આ જુની ફિલ્મના ગીતોના શબ્દો બરોબર આજની યુવા પેઢીને લાગુ પડે છે. બધા જ પ્રેમીઓને એમ જ હોય કે એ 'મારી કે મારો છે, પણ એ સમય આવ્યે ખબર પડતાં જ જોયેલા સપના ચકનાચૂર થઈ જાય છે. પ્રવર્તમાન સમયમાં છોકરીએ સૌથી વધુ સંભાળ રાખવી પડશે કારણ એકવાર મુશ્કેલી આવી કે નામ ચડયું તો પરિવારમાં તે વગોવાય જવાથી લગ્ન કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. આજના યુવાનો પ્રેમની સાચી પ્રેમ જાણતા જ નથી, તે આકર્ષણને પ્રેમ સમજી બેસે છે, તેજ ખોટું છે. આજના યુગમાં સંતાનોને પરિવારમાંથી પ્રેમ, હૂંફ, લાગણીઓ મળતી હોય તો તે ક્યારેય બહાર શોધવા ન જઈ શકે.



તકલાદી અને સ્વાર્થી પ્રેમનો ભોગ ઘણીવાર છોકરીઓ વધુ બને છે કારણ કે તેઓ સંબંધોમાં ભાવનાત્મક રીતે વધુ જોડાઈ જાય છે. પ્રેમમાં વિશ્વાસ, લાગણી અને સમર્પણ વધારે હોવાથી તેઓ સામેની વ્યક્તિની વાતો સરળતાથી માનવા લાગી જાય છે. આજના યુગમાં વન સાઈડ લવ પણ હોય છે. કેટલાક લોકો આ વિશ્વાસનો ખોટો લાભ લઈને પોતાના સ્વાર્થ માટે સંબંધ બનાવે છે અને પછી જવાબદારીથી દૂર થઈ જાય છે. આજના પ્રેમમાં લાગણીઓ સોનાની હોય કે દેખાય પણ તે રસ્તા ઉપર કાંટા વધુ હોય છે. સાચું હૃદય હોય પણ પ્રેમ નકલી હોય છે. આજના પ્રેમમાં 'પ્રેમ' હોતો જ નથી, અમુક અપેક્ષા અને ઈચ્છાના સંતોષ ખાતર જ બધા નાટકો થાય છે. જે દેખાય છે એ ક્યારે સાચું નથી હોતું, અને અલગ રહીને પણ જોડે રહેવું એ જ સાચો પ્રેમ છે. બીજો મહત્વનો કારણ સામાજિક સંસ્કાર પણ છે. છોકરીઓને બાળપણથી સંબંધો જાળવવા, સમજોતો કરવા અને લાગણીઓને મહત્વ આપવા શીખવવામાં આવે છે. તેથી ઘણીવાર તેઓ સામેની વ્યક્તિના ખોટા વર્તનને પણ સહન કરી લે છે. આ કારણે તકલાદી અને સ્વાર્થી પ્રેમના કેસોમાં છોકરીઓ વધુ ઘાયલ થતી જોવા મળે છે. આજે તો પ્રેમ પણ સંભાળ પૂર્વક કરવા જેવુ છે. આજના યુવાનોમાં ફિલ્મી લવેરીયા અને ફ્રેન્ડશીપના નામે થતાં પ્રેમ બહું લાંબા ટકતા નથી, છોકરા કરતાં છોકરી બહું ઝડપથી વિશ્વાસ મુકી દેતા મુશ્કેલીમાં વધુ જોવા મળે છે. આજે લવ, સેક્સ અને ધોખા ના કિસ્સા વધુ જોવા મળે છે, ઘણા તો પ્રેમમાં નિષ્ફળતા મળતા જીવન ટૂંકાવી દે છે. આજની દુનિયામાં 'પ્રેમ' માટે સાવચેતીનો સમય આવી ગયો છે. પુરૂષ કે સ્ત્રી સાથે પ્રેમ પણ



સંભાળપૂર્ક કરવાનો સમય છે. પુરૂષ પ્રધાન આપણાં દેશમાં છોકરી કરતાં છોકરાને વિશેષ છૂટ મળે છે, અને મિત્ર-સંગતને કારણે તે થોડો તૈયાર પણ હોવાથી પ્રેમનું નાટક કરીને છોકરીની જીંદગી બગાડી શકે છે. છોકરીઓને પારિવારિક પ્રેસરના માહોલમાંથી બહાર નીકળવા બહાના રૂપે કોલેજ-ટ્યુશન, ખરીદી કે બહેનપણીના કારણો જોવા મળે છે. મોબાઈલ ને કારણે આંગણીના ટેરવે કોન્ટેક્ટ સરળ બન્યા છે. જોકે તેને સારા-નરસાની પરિભાષાની સમજ ન હોવાથી ઝડપથી ફસાઈ જાય છે. લગ્ન બાદ પણ પતિ પત્ની ઔર વો ના કિસ્સા સામે આવી રહ્યા છે. આજે લગ્નેતર સંબંધોનું પ્રમાણ પણ ખૂબ વધી રહ્યું છે.

આજના યુવાવર્ગમાં ટીવી-ફિલ્મો જોઈને તેના જેવો પ્રેમ અને ફ્રેન્ડશીપ કરવી ગમતી હોવાથી તે ઝડપથી એ કરવા પ્રેરાય છે. મોટાભાગે આવા પ્રેમ સંબંધ લાંબા ટકતા નથી. હવે તો લવ ગેરેજ પણ ક્યાં લાંબા ટકે છે, પ્રારંભમાં બધુ જ સારૂ લાગતું એ પાત્ર લગ્ન બાદ સત્ય હકિકત બહાર આવતાં જે ફ્યુચર વિચારેલ હતું તેજ પડી ભાંગતા નિરાશા હાથ લાગે છે. છોકરા કરતાં છોકરી બહું ઝડપથી વિશ્વાસ કે સાચી-ખોટી વાતોમાં આવી જાય છે, પણ એક વાત આજના યુવાનોને સમજવી જોઈએ કે દુનિયામાં મા-બાપ અને પરિવાર જેટલો પ્રેમ ક્યારેય કોઈ ના આપી શકે.

યુવા વર્ગ મુગ્ધાવસ્થાની સમસ્યાને કારણે તે ઝડપથી વિજાતીય પાત્રથી આકર્ષિત થઈ જાય છે. આજના યુવાનો કે યુવતી વસ્ત્રો, ફોરવ્હીલ, પૈસા વાપરવા, મોજ-શોખ, હોટલમાં જમવા જવું કે સામાન્ય વાતથી પણ પ્રભાવિત થઈ જતાં જોવા મળે છે. જો કે આ જીવન નથી તે વાત તેને સમજાતી નથી. કોલેજ શિક્ષણ લેતા છાત્રો વિજાતીય આકર્ષણને કારણે સાથે અભ્યાસ કરતા પણ પ્રેમ માં પડતા જોવા મળે છે. આજે તો છૂટાછેડાના કેશો દિન પ્રતિ દિન વધતા જાય છે. . ફોનના રિચાર્જ જેવી રકમ સહાયમાં પણ કેટલાક યુવાનો છોકરીઓને પટાવી લેતા જોવા મળે છે. આજની દુનિયામાં થતાં આવા નાટકો બાબતે છોકરીઓએ જાગૃત થવું જ પડશે. કારણ કે છોકરાને ફેર પડશે નહી પણ છોકરીઓની જીંદગી બગડી જાય છે. આજના પ્રેમમાં 'પ્રેમ' હોતો જ નથી, માત્ર સ્વાર્થ જ અને અપેક્ષા-ઈચ્છાઓ જ હોય છે.

ઘણા સંબંધોમાં સાચી ખબર પડતા સંબંધનો અંત પણ આવી જાય છે. આજના પ્રેમ સંબંધો વાસનાના કિડા જ છે, અણી શુદ્ધ પ્રેમની યુવાધનને ખબર નથી. પ્રેમ-હુંક અને લાગણી આ ત્રણ વસ્તુ જો તરુણાવસ્થા ન મળે કે ઓછી મળે તો એ તરૂણો કે તરુણી એ શોધવા બીજે ધ્યાન કેન્દ્રીત કરે છે અને શરૂ થાય છે, એક આંધળી દોટ એટલે જ આ ઊંમરનાં પ્રેમ કે લવને 'આંધળો' કહ્યો છે. હોસ્ટેલ કે કોલેજમાં શિક્ષણ તો ઠીક પણ મોજ-શોખ-આનંદ પોષવાનું સ્થળ બની ગયું છે. યુવાનીમાં પ્રેમમાં સફળતા અને નિષ્ફળતા બન્ને જોવા મળે છે. પ્રેમમાં પડવું અને પ્રેમમાં નિષ્ફળતાથી દુર રહેવું. આ બે વચ્ચે જમીન-આસમાનનો ફેર છે.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

પ્રેમમાં પોતાના પાત્રની પસંદગી સમજપૂર્વક કરવાથી નિષ્ફળતા નથી આવતી. પ્રેમ આપવાથી જ પ્રેમ મળતો હોય છે. બે વિજાતીય પાત્રો આભાષી પ્રેમના વમણમાં ભેગા થાય પણ જીવનની રીયાલીટી સમજાય ત્યારે એ 'ભંગ' થાય છે. આજે તો પ્રેમમાં પણ સ્પર્ધા જોવા મળે છે. સુંદર છોકરીના પ્રેમમાં કોણ પડશે કે તેને પટાવશે? મોટાભાગે આવા કિસ્સામાં સીધા સાદા યુવાન વધુ જોવા મળે છે. કારણ કે તેનામાં ઉન્નત અને ચિરસ્થાયી પ્રેમ જોવા મળે અને સંબંધ અંત નથી, પણ જીવનભરનો સંગાથ છે.

### રિલેશનશિપ: ઈટ્સ કોમ્પ્લિકેટેડ

સંબંધમાં પ્રેમ જેટલું જ મહત્વ તેની પારદર્શિતાનું જોવા મળે છે. ગમવું અને ચાહવું આ બે શબ્દોમાં ફેર છે. આપણા જીવનમાં આપણને ગમતી વ્યક્તિ આપણને ચાહતી જ હોય એવું ન પણ હોય, રિલેશનશિપ હમેંશા 'કોમ્પ્લિકેટેડ' જ હોય શકે એવું નથી. પ્રેમ તકવાદી કે તકલાદી હોય તો તે ક્યારેય લાંબો ટકતો નથી, કારણ તેમાં નર્યો સ્વાર્થ હોય છે. આજના પ્રેમ સંબંધોને 'પ્રેમ' કહેવાય જ નહી તે માત્ર સ્વાર્થ ખાતર ભેગા થયેલા બે વિજાતીય પાત્રો જ છે.

# ઉનામાં સ્વામિનારાયણ ગુરૂકુળની કોલેજમાં વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ યોજાયો

**અબતક, ઉના**

ઊના શહેરમાં આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંકુલમાં આવેલા શાસ્ત્રી સ્વામી ધર્મપ્રસાદજી આર્ટસ, કોમર્સ અને બી. એડ. કોલેજના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોનો ૨૦માં દીક્ષાંત વિદાય સમારોહ સંસ્થાના અધ્યેક્ષા શાસ્ત્રી માધવદાસ સ્વામીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. અભ્યાસ કરતા તમામ ભાઈઓ બહેનોને શાસ્ત્રી માધવદાસ સ્વામી અને નિયામક નરેન્દ્રભાઈ ગોસ્વામીએ પ્રેરક પ્રવચન આપી જીવનમાં ખૂબ સફળતા અને સિધ્ધિ પ્રાપ્ત કરવા શુભેચ્છાઓ સાથે આશિર્વાદ આપેલ હતા તેમજ કોલેજના વિવિધ વિભાગમાં અભ્યાસ કરતા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને શીલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.



# ખેલ મહાકુંભમાં ખીલાવડની ત્રણ દીકરીઓએ ગોલ્ડ મેડલ જીતી ગામનું ગૌરવ વધાર્યું

**અબતક, મનુ કવાડ, ગીરગઢડા**



ગીર ગઢડા તાલુકાના ખીલાવડ ગામ માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. રાજ્યસ્તરીય ખેલ મહાકુંભ સ્પર્ધા મોડાસા ખાતે યોજાઈ હતી. જેમાં ખીલાવડ ગામની ત્રણ પ્રતિભાશાળી દિકરીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીતી ગામનું નામ રોશન કર્યું છે.

મોડાસા ખાતે યોજાયેલા ખેલ મહાકુંભમાં ખીલાવડ ગામની રાઠોડ મનાલીબેન લાભુભાઈ, જાલાવાડીયા પ્રીતીબેન ભરતભાઈ અને ગોહિલ ખુશ્બુ મુકેશભાઈએ ઉત્તમ રમત કૌશલ્ય દર્શાવી સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા છે. ત્રણેય દિકરીઓએ પોતાની મહેનત, લગન અને પ્રતિભાના બળ પર આ સિદ્ધિ મેળવી છે.

ખીલાવડ જેવી નાની વસ્તી ધરાવતા ગામમાંથી દિકરીઓ રાજ્યસ્તરે ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર ગામ માટે ગર્વની વાત છે. તેમની આ સફળતાથી ગામના યુવાનો અને ખાસ કરીને દિકરીઓમાં રમતગમત પ્રત્યે પ્રેરણા મળશે. ગામના શિક્ષકો, પરિવારજનો અને ગ્રામજનોને આ સિદ્ધી આવકારી છે.

કોચ અને માર્ગદર્શકોના માર્ગદર્શન હેઠળ તેમણે આ સિદ્ધિ મેળવી છે. ખીલાવડ ગામની આ દિકરીઓએ સાબિત કરી દીધું છે કે જો મહેનત અને આત્મવિશ્વાસ હોય તો ગામડાંમાંથી પણ મોટી સફળતા મેળવી શકાય છે. તેમની આ સિદ્ધિથી ગીર ગઢડા તાલુકા સાથે સમગ્ર વિસ્તારમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે કોંગ્રેસે પ્રભારીઓની નિમણુંક કરી

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત રાજ્યભરની જિલ્લા પંચાયત - તાલુકા પંચાયતની ચૂંટણીઓ યોજાશે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાની સૂચના અનુસાર તાજેતરમાં રાજકોટ જિલ્લા કોંગ્રેસ ચૂંટણી સમિતિની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૂંટણી સંદર્ભે ઉમેદવારોને સાંભળવા, ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા, જિલ્લાના મેનિફેસ્ટો, પ્રચાર પ્રસારની રણનીતિ અને સંકલનલક્ષી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તેમજ રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિના નિરીક્ષકઓ અને ચુંટણી સમિતિના સભ્યો સાથે ચર્ચા-વિચારણા કરી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સીટ વાઈઝ સેન્સ પ્રક્રિયા - ઉમેદવારોને સાંભળવા માટે તાલુકા વાઈઝ ૨ પ્રભારીઓમા જસદણમા શૈલેષભાઈ કપુરીયા, લોધીકામાં મનહરસિંહ બી જાડેજા અને રાજકોટ તાલુકામાં સુરેશભાઈ બથવારની નિમણૂંક કરવામાં આવી છે.

# કોટડાસાંગાણીના રાજગઢમાં મિલેટ મેળામાં ખેડુતોને અપાયું પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન

### રાસાયણિક ખાતરોની જગ્યાએ ગાય આધારીત સેન્દ્રીય ખાતરના ઉપયોગની હિમાયત

**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**



કોટડાસાંગાણી રાજગઢ ગામે ખેતીવાડી વિભાગના સંયુક્ત ઉપક્રમે 'કિસાન સન્માન નિધિ અને મિલેટ મેળો-૨૦૨૬' નું ભવ્ય તાલુકા પંચાયતના પદાધિકારીઓ, ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને મોટી સંખ્યામાં પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ખેતીવાડી વિભાગના અધિકારીઓએ રાસાયણિક ખેતી છોડી, જમીનની ફળદ્રુપતા જાળવવા માટે ગાય આધારિત 'પ્રાકૃતિક ખેતી' અપનાવવા પર ભાર મૂક્યો હતો. વર્ષ ૨૦૨૬માં મિલેટ્સ (બાજરી, જુવાર, રાગી) ના સ્વાસ્થ્ય લક્ષી ફાયદાઓ અને તેના વાવેતર માટે ખેડૂતોને વિશેષ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોટડાસાંગાણી તાલુકા પંચાયતના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ જાડેજા ઉપ પ્રમુખ અશ્વિનભાઈ પઢિયાર ન્યાય સમિતિના ચેરમેન ગોવિંદભાઈ રાઠોડ, રાજગઢના સરપંચ સુરેશભાઈ ધેલાણી, વિનુભાઈ ઠુંમર, બાબભાઈ સાવલિયા, કિરીટસિંહ ડાભી, જસમતભાઈ સાંગાણી, અને સલીમભાઈ પતાણી હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ખેતી ક્ષેત્રે પ્રેરણારૂપ કામગીરી કરનાર સ્થાનિક ખેડૂતોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૩-૨૦૨૬ મંગળવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ફ્રેન્ડો)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી શંખ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૩-૨૦૨૬ બુધવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૮-૩ -૨૦૨૬ બુધવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ ચૌદશ સવારે ૮.૨૬થી પંચક, બુધવાર અમાસ
**નક્ષત્ર** પૂર્વાભાદ્રપદ
**યોગ** શુભ **કરણ:** ચતુષ્પાદ
**સુર્યોદય** ૬.૫૩ **સુર્યાસ્ત:** ૬.૫૭
**ચંદ્ર રાશી** કુંભ રાત્રે ૧૧.૩૨થી મીન
**રાશિ અક્ષર** ગ.શ.સ/દ.ચ.ઝ.થ
**દિશાશૂળ** ઉતર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૧ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | ૫ | ૯ | ૮ | | |
| | | ૫ | | ૧ | | | | |
| | ૭ | | | | ૪ | | | |
| ૩ | | | | ૪ | ૬ | | | ૧ |
| | ૨ | | | | | | | ૫ |
| | | | | | | ૭ | ૨ | |
| | | | | | | | | |
| | | ૬ | | | | ૪ | | ૭ |
| ૪ | | ૮ | ૬ | | | | ૩ | |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૧ | ૭ | ૬ | ૫ | ૪ | ૮ | ૩ |
| ૪ | ૬ | ૮ | ૨ | ૩ | ૧ | ૯ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૪ | ૯ | ૮ | ૬ | ૧ | ૨ |
| ૧ | ૪ | ૬ | ૩ | ૫ | ૭ | ૮ | ૨ | ૯ |
| ૩ | ૮ | ૨ | ૯ | ૧ | ૪ | ૫ | ૭ | ૬ |
| ૫ | ૭ | ૯ | ૬ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ |
| ૨ | ૧ | ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૬ | ૫ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૮ |
| ૮ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૭ | ૪ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૮.૩.૨૦૨૬ બુધવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ ચતુર્દશી, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર, શુક્લ યોગ, નાગ કરણ આજે રાત્રે ૧૧.૩૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ કુંભ (ગ,સ,શ) ત્યારબાદ મીન રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે, દિવસ મધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે, કામકાજમાં સફળતા મળે.

**મિથુન (ક,છ,ઘ) :** સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ, પ્રગતિકારક દિવસ.

**કર્ક (ડ,હ) :** તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

**સિંહ (મ,ટ) :** અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

**કન્યા (પ,ઠ,ણ) :** લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય, અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

**તુલા (ર,ત) :** સવાર બાજુ દોડધામ રહે, સાંજ ખુશનુમા વીતે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય, શુભ દિન.

**મકર (ખ,જ) :** વિલંબથી પણ તમને કાર્યમાં સફળતા મળે, અંતરાય દૂર થાય, જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે.

**કુંભ (ગ,સ,શ) :** તમે તમારી જાત સાથે રહી શકો, શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય, અંતરાયો દૂર થાય.

### તંત્રી લેખ

# શોષણ પીડિતાની ઓળખની ગુપ્તતા જાળવવી ખૂબ જરૂરી

કોઈપણ પ્રકારના જાતીય શોષણ કે અત્યાચારનો ભોગ બનેલી પીડિતા માટે તે ઘટના માત્ર શારીરિક જ નહીં, પરંતુ માનસિક રીતે પણ અત્યંત પીડાદાયક હોય છે. આ આઘાતમાંથી બહાર આવવું અને ન્યાય માટે અવાજ ઉઠાવવો એ ખૂબ હિંમત માંગી લેતું કામ છે. પરંતુ, આપણા સમાજમાં ન્યાયની આ લડત પીડિતા માટે ઘણીવાર બીજી અગ્નિપરીક્ષા બની જતી હોય છે. આખી પ્રક્રિયામાં સૌથી અગત્યની બાબત પીડિતાની ઓળખની ગુપ્તતા જાળવવાની છે, જે ઘણીવાર સચવાતી નથી.

ઓળખ છતી થવાનો ડર એ એક એવું મોટું કારણ છે જેને લીધે અનેક પીડિતાઓ અને તેમના પરિવારો ન્યાય માટે કાનૂની લડાઈ લડવાનું માંડી વાળે છે. સમાજમાં પીડિતા પ્રત્યે સહાનુભૂતિ દાખવવાને બદલે ઘણીવાર તેને જ શંકાની નજરે જોવામાં આવે છે અથવા કલંકિત માનવામાં આવે છે. આ સામાજિક ડર અને બદનામીથી બચવા માટે જ ગુપ્તતા ઉપર વધુ ધ્યાન દેવાની અત્યંત આવશ્યકતા છે.

તાજેતરમાં જ દિલ્હી હાઈકોર્ટે આ જ મુદ્દે નીચલી અદાલતોની આકરી ઝાટકણી કાઢી છે. બાળ શોષણના કેસોમાં નીચલી કોર્ટો દ્વારા પીડિત બાળકોને વારંવાર કોર્ટમાં બોલાવવાના વલણને હાઈકોર્ટે ગંભીર માનસિક ત્રાસ ગણાવ્યો છે. હાઈકોર્ટનું આ અવલોકન સીધી રીતે ન્યાયિક પ્રક્રિયામાં રહેલી અસંવેદનશીલતા તરફ આંગળી ચિંધે છે અને સિસ્ટમને અરીસો બતાવે છે.

કોર્ટ રૂમના અજાણ્યા વાતાવરણમાં, વકીલો અને આરોપીઓની હાજરીમાં પીડિતાએ વારંવાર પોતાની સાથે બનેલી એ ભયાનક ઘટનાને યાદ કરવી પડે અને વર્ણવવી પડે તે તેની માનસિક સ્થિતિને છિન્નભિન્ન કરી નાખે છે. આ પ્રક્રિયા ન્યાય અપાવવા કરતાં એક પ્રકારની સજા વધુ બની જાય છે. ન્યાયતંત્રનો ઉદ્દેશ્ય પીડિતાને રાહત આપવાનો હોવો જોઈએ, તેને ફરીથી આઘાતમાં ધકેલવાનો નહીં.

પોક્સો એક્ટ અને સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન્સ સ્પષ્ટપણે કહે છે કે આવા કેસોમાં ઈન-કેમેરા પ્રોસીડિંગ થવી જોઈએ અને પીડિતાની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રહેવી જોઈએ. તેમ છતાં, વાસ્તવિકતામાં પોલીસ મથકથી લઈને કોર્ટ પરિસર સુધી ક્યાંક ને ક્યાંક બેદરકારી જોવા મળે છે. પોલીસ અધિકારી, વકીલો કે કોર્ટ સ્ટાફ દ્વારા કેસની વિગતોની ચર્ચામાં ઘણીવાર પીડિતાની ઓળખ ખુલ્લી પડી જવાનું જોખમ રહેલું છે.

માત્ર ન્યાયતંત્ર જ નહીં, પરંતુ મીડિયા અને સમાજની પણ આ મુદ્દે મોટી જવાબદારી છે. કોઈપણ સનસનાટી ફેલાવવા કે માત્ર લોકોનું ધ્યાન ખેંચવા માટે પીડિતાના નામ, ફોટા કે ઓળખ છતી થાય તેવી કોઈ પણ માહિતી જાહેર કરવી એ ગંભીર અપરાધ છે. ઘણીવાર સીધું નામ ન આપવા છતાં રહેણાંક વિસ્તાર કે શાળાની માહિતી આપી દેવાય છે, જેનાથી સ્થાનિક કક્ષાએ પીડિતાની ઓળખ થઈ જાય છે. આ બિનજવાબદારીભર્યું વર્તન અટકવું જોઈએ.

આ પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે તપાસ એજન્સીઓ અને ન્યાયિક અધિકારીઓને વધુ સંવેદનશીલ બનાવવાની તાતી જરૂરિયાત છે. ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ થવો જોઈએ, જેમ કે પીડિતાની જુબાની વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા લેવી અથવા તેનું રેકોર્ડિંગ કરવું, જેથી તેને આરોપીનો સામનો ન કરવો પડે. પીડિતાને કોર્ટમાં વારંવાર હાજર રાખવાની પ્રથામાં ફેરફાર કરી, તેને અનુકૂળ વાતાવરણ પૂરું પાડવું અનિવાર્ય છે.

અંતમાં, એક સભ્ય સમાજ તરીકે આપણી એ ફરજ છે કે ન્યાય મેળવવાનો રસ્તો પીડિતા માટે નર્ક સમાન ન બની જાય. ઓળખની ગુપ્તતા એ કોઈ વિશેષાધિકાર નથી, પરંતુ પીડિતાનો મૂળભૂત અધિકાર છે. જ્યાં સુધી કાયદો અને સમાજ બંને મળીને પીડિતાને સંપૂર્ણ સુરક્ષા, ગુપ્તતા અને સંવેદનશીલ વાતાવરણની ખાતરી નહીં આપે, ત્યાં સુધી અનેક અવાજો ડરના માર્યા દબાયેલા જ રહેશે. ન્યાય પ્રક્રિયા પીડિતાલક્ષી હોવી જોઈએ, પ્રક્રિયાલક્ષી નહીં.

# ઉપલેટા: જય ખોડિયાર ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત સમુહલગ્નોત્સવમાં ૧૧ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા

## ભોજનના દાતા ગોવાભાઈ સુવા પરિવારે યજમાન બની દીકરીઓને લાખેણા કરિયાવાર આપી સાસરે વળાવી



**અબતક, કીરીટી રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાના આંગણે વાલ્મીકી સમાજના દિકરા-દિકરીના સમુહ લગ્ન વ્હાલુડી દિકરીના વિવાહનું આયોજન જય ખોડીયાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતા તેમાં વાલ્મીકી સમાજના ૧૧ દંપતિઓએ પ્રભુતામાં પગલા પાડયા હતા.

તાલુકા શાળાના ગ્રાઉન્ડમાં વ્હાલુ ડી દિકરીના વિવાહ દ્વિતીય સમુહ લગ્નનું આયોજન જય ખોડીયાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમુહ લગ્નમાં વાલ્મીકી સમાજના ૧૧ નવદંપતિ યુગલે પ્રભુતામાં પગલા માંડયા હતા. તમામ નવ દંપતિને દાતાઓ દ્વારા કરિયાવરમાં કબાટ, વોશીન મશીન, ફ્રીઝ, ટીવી, બેડ સહિત ૩૦ જેટલી વસ્તુઓ કન્યાદાન તરીકે આપવામાં આવી હતી.

આ સમુહ લગ્નમાં ભોજન દાતા તરીકે સમસ્ત આહિર સમાજના પ્રમુખ નરેન્દ્રભાઈ સુવા પરિવારના ગોવાભાઈ વિરાભાઈ સુવા, જયારે કરીયાવરના દાતા શ્રદ્ધાબેન અને જલ્પેશભાઈ વાલજીભાઈ વાઘેલા અને વિધાબેન રાજેશભાઈ ભોવાનભાઈ ઢાંકેચા અન્ય રોકડ દાતાઓમાં હકુભા વાળા, પ્રવિણસિંહ જાડેજા, એમ.જે. સોલંકી, હરપાલસિંહ જાડેજા, ચંદ્રપાલસિંહ જાડેજા,નો આર્થિક સહયોગ મળ્યો હતો.

આ સમુહ લગ્નમાં પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ રમેશભાઈ ધડુક, રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના હરદિપસિંહ ગીલા, મનહર ઝાલા, સુરેશભાઈ મકવાણા, જીલ્લા ભાજપના મંત્રી રવિભાઈ માકડીયા નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, નગર પ્રાથમિક શિક્ષણ સમીતીના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, વાઈસ ચેરમેન ચંદ્રપાલસિંહ જાડેજા, બાંધકામ સમીતીના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, જીલ્લા ભાજપના મંત્રી અનિતાબેન ચૌહાણ, નગર સેવકો દિપકભાઈ સુવા, નૈમિષ પાનસરા, અશ્વિનભાઈ લાડાણી, મહેશભાઈ સુવા અજય જાગાણી સહિત આગેવાનો ઉપસ્થિત રહી નવ દંપતિને આશિર્વાદ આપ્યા હતા અને કામગીરીને બીરદાવી હતી.

આ સમુહ લગ્નને સફળ બનાવવા ખોડીયાર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન જલ્પેશભાઈ વાઘેલા, સમુહ લગ્ન સમીતીના પ્રમુખ લાલજીભાઈ વાઘેલા, ઉપપ્રમુખ અનિલભાઈ વાઘેલા, મંત્રી ભોવાનભાઈ વાઘેલા, ખજાનચી રાજુભાઈ વાઘેલા, સહમંત્રી ધરમભાઈ વાઘેલા, સહખજાનચી ભોલુભાઈ ઢાંકેચા, અગ્રણી પ્રેમજીભાઈ પરમાર સહીત વાલ્મીકી સમાજના યુાનો ભાઈઓ બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# લીલીયા તાલુકાના ગામડામાં પંચાયત ભવનનું નિર્માણ કાર્ય શરૂ, તળાવોને પણ ઉંડા ઉતારાશે

## બવાડા, ભેંસવડીમાં પંચાયત ભવનો નવા બનશે



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

લીલીયા તાલુકાના વિવિધ ગામોમાં મહત્વપૂર્ણ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બવાડા અને ભેંસવડી ગામે નવા ગ્રામ પંચાયત ભવનના નિર્માણ કાર્યનો જ્યારે પુંજાપાદર અને ગોઢાવદર ગામે સુજલામ સુફલામ યોજના હેઠળ તળાવ ઊંડા ઉતારવાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

લીલીયા તાલુકાના બવાડા અને ભેંસવડી ગામે રૂ.૨૫-૨૫ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ભવનનું નિર્માણ કરવામાં આવશે. નવા પંચાયત ભવનથી ગ્રામ પંચાયતના વહીવટી કાર્યો વધુ સુવ્યવસ્થિત રીતે થઈ શકશે તેમજ ગ્રામજનોને સરકારી સેવાઓ સરળતાથી ઉપલબ્ધ બનશે. ગ્રામ પંચાયત કાર્યરત થતાં ગામના લોકોને વિવિધ સરકારી યોજનાઓ વિશે માહિતી મેળવવા, જરૂરી દસ્તાવેજો મેળવવા તથા અન્ય વહીવટી કામો માટે સરળતા રહેશે. તેમજ પુંજાપાદર અને ગોઢાવદર ગામે સુજલામ સુફલામ યોજના હેઠળ તળાવ ઊંડા ઉતારવાના કામો શરૂ કરવામાં આવ્યા છે. આ યોજના દ્વારા પાણી સંરક્ષણ અને જળસંચયને પ્રોત્સાહન આપવામાં આવે છે. તળાવો ઊંડા થતા વરસાદી પાણીનો વધુ સંગ્રહ થશે અને આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તર વધશે. ખાસ કરીને ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ થવાથી ખેતીને મોટો લાભ મળશે અને કૃષિ ઉત્પાદન વધવાની શક્યતા રહેશે. ઉપરાંત ગામમાં પાણીની સમસ્યામાં પણ રાહત મળશે. જે અંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં પાણી સંરક્ષણ અને વિકાસકાર્યો ખૂબ મહત્વના છે. રાજ્ય સરકાર ગામડાઓના વિકાસ અને ખેડૂતોના કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ છે.

આ કાર્યક્રમ દરમિયાન સ્થાનિક આગેવાનો, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી વિકાસકાર્યો અંગે ખુશી વ્યક્ત કરી હતી.

# બિહારમાં રમ્યું ગુજરાત: નેશનલ પેરા એથ્લાટિક્માં સાબરકાંઠાના બે ખેલાડીઓ ૩ ગોલ્ડ મેડલ જીત્યા



**અબતક, સંજય દિક્ષીત, સાંબરકાંઠા**

બિહારના પટના સ્થિત પાટલીપુત્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૨૧મી નેશનલ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ફોર સેરેબ્રલ પાલ્સીનું આયોજન કરવામાં આવ્યું હતું આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં જુદા-જુદા ૧૯ રાજ્યોના ૩૦૦થી વધુ અને ગુજરાતમાંથી કુલ ૪૦ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો જેમાં સાબરકાંઠા જિલ્લાના બે સેરેબ્રલ પાલ્સી ખેલાડીઓએ પોતાની મર્યાદાઓને પુરુષાર્થમાં બદલી કુલ ૩ ગોલ્ડ મેડલ જીતીને સમગ્ર રાજ્યમાં સાબરકાંઠા જિલ્લાનું નામ રોશન કર્યું છે. સાબરકાંઠાના ઈડર તાલુકાના સાબલી ગામના ધર્મ જીગરભાઈ સગરે ૧૨ થી ૧૫ વર્ષની વય મર્યાદાની સબ-જુનિયર કેટેગરીમાં ભાગ લીધો હતો. અને ગોળા ફેંક અને ભાલા ફેંક એમ બંને રમત સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી બેવડી સફળતા હાંસલ કરી છે.

વિજયનગર તાલુકાના ખેલાડી અજય મોડીયાએ પણ રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભા સાબિત કરી છે અજય મોડીયાએ એફ-૩૫ કેટેગરીમાં ગોળા ફેંક ની સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ જીત્યો છે આમ સાબરકાંઠાના આ બે રત્નોએ મળીને કુલ ૩ સુવર્ણ ચંદ્રકો મેળવ્યા હતા.

સેરેબ્રલ પાલ્સી જેવી શારીરિક સ્થિતિ હોવા છતાં આ ખેલાડીઓએ નેશનલ લેવલે જે સિદ્ધિ મેળવી છે તે અન્ય દિવ્યાંગ બાળકો અને યુવાનો માટે પ્રેરણાનો સ્રોત બની છે. જિલ્લા વહીવટી તંત્ર અને યુવા વિકલાંગ સંગઠન મંડળ,સાબરકાંઠા દ્વારા આ વિજેતાઓને સિદ્ધીને બિરદાવી છે.

# ઉપલેટા: ખાખીજાળીયા ગામે ભાગવત સમાહમાં આજે સાંજે લોકડાયરો

## કાલે કથાની પૂર્ણાહુતી: મામલતદાર નિખિલ મહેતા જિલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા સહિત આગેવાનો કથા શ્રવણનો લીધો લ્હાવો



તસ્વીર: શહેઝાદ બાદશાહ

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાના ખાખીજાળીયા ગામે શ્રીજી નંદન ગૌશાળા આયોજીત શ્રીમદ ભાગવતનો તા.૧૨ને ગુરૂવારે પ્રારંભ થયા બાદ આજે સાંજે નામી કલાકારોનો લોકડાયરો તેમજ આવતીકાલે કથાની પૂર્ણાહુતિ થશે.

ખાખી જાળીયા ગામે ગૌ શાળાના લાભાર્થે યોજાયેલ ભાગવત સપ્તાહમાં વ્યાસપીઠ પર પૂ. ડો. મહાદેવ પ્રસાદ પોતાની સુમધુર વાણીમાં રસ પાન કરાવી રહ્યા છે. ત્યારે ભકતો પણ બહોળી સંખ્યામાં કથામાં રસપાનનો લાભ લઈ રહ્યા છે. કથામાં દરરોજ વિવિધ ક્ષેત્રના આગેવાનો હાજર રહી શાસ્ત્રીનું સન્માની કરી રહ્યા છે. કથા સ્થળે આજે સાંજે ૧૦ વાગે જાણીતા લોકગાયીકા અલ્પાબેન પટેલ, ભજનીક મયુરભાઈ દવે, લોક સાહિત્યકાર રાજાભાઈ ગઢવીનો ભવ્ય લોક ડાયરો રાખેલ છે. કથાનું આવતીકાલે કથામાં સુદામા ચરિત્રનો પ્રસંગ કરી કથાને વિરામ આપવામાં આવશે. આ કથામાં એક માનવને લોક ઉપયોગી કાર્ય માટે તા.૧૪ને શનીવારે મહારકતદાન કેમ્પ યોજાયો હતો.

આ કથામાં પૂર્વ મંત્રી મુળુભાઈ બેરા, જિલ્લા ભાજપના રવિભાઈ માકડીયા, મામલતદાર નિખિલ મહેતા, ઉપલેટા નગરપાલીકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, મનોજભાઈ નંદાણીયા, દિપકભાઈ સુવા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી ભરતભાઈ રાણપરીયા, ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ પાનેરા ગામના સમાજ શ્રેષ્ઠી ધરણાંતભાઈ સુવા જીતુભાઈ ઝાલા સહિત વિવિધ સમાજના શ્રેષ્ઠીઓ ઉદ્યોગપતિઓ વેપારીઓ સામાજીક સંસ્થાના આગેવાનો સાધુ સંતો અધિકારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં મુખ્યમંત્રીના આગમનની તૈયારી માટે ભાજપની બેઠક મળી

## રવિવારે મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ એક સાથે હાજરી આપશે

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

આગામી તા. ૨૨ માર્ચ, રવિવારના રોજ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પ્રથમ વખત એક સાથે અમરેલીની મુલાકાતે આવી રહ્યા છે. તેમના આગમનને ધ્યાનમાં રાખી અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.




આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમરેલીમાં એક ખાનગી હોટલ ખાતે જિલ્લા ભાજપના આગેવાનોની અગત્યની આયોજન બેઠક યોજાઈ હતી. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ બેઠકમાં રાજ્ય સરકારના કાયદો અને ન્યાય, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તેમજ વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિક વેકરિયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, અમરેલીના સાંસદ ભરત સુતરીયા, જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણ, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવિયા, સહકારી અગ્રણી પી.પી. સોજીત્રા અને ડો. ભરતભાઈ કાનાબાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે નવા અદ્યતન માર્કેટ યાર્ડમાં શેડનું લોકાર્પણ તેમજ વર્ષોથી અધૂરા રહેલા બાયપાસ રોડના ખાતમુહૂર્ત સહિત વિકાસના કરોડો રૂપિયાના કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવશે.

આ તકે કેબિનેટ કૃષિમંત્રી તથા અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજી પટેલ પણ ઉપસ્થિત રહેશે.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયા સહિત પૂર્વ ધારાસભ્યો અને પૂર્વ પ્રમુખો સહિત મહિલા ભાજપ આગેવાન અને હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં નવભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત ૧૯૭૪ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુકત પ્રયાસથી અમલમાં મૂકાયેલા નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ અંતર્ગત પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન કસોટી અમરેલી જિલ્લામાં સફળતાપૂર્વક યોજાઈ હતી. જેમાં ૧૯૭૪ પરીક્ષાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી.



જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે અમરેલી શહેરની જેસીંગપરા કન્યાશાળા ખાતે કાર્યરત પરીક્ષા કેન્દ્રની મુલાકાત લઈ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. તેમણે પરીક્ષાર્થીઓ સાથે મુલાકાત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો અને સાક્ષરતા અભિયાનને વધુ ગતિ મળે તે માટે માર્ગદર્શન પણ આપ્યું હતું.

આ પરીક્ષાનું આયોજન જિલ્લા શિક્ષણ અધિકારી એમ. બી. ગોહિલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે. વી. મિયાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. તાલુકા સ્તરે સમગ્ર આયોજનમાં તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ અને બી.આર.સી. કો-ઓર્ડિનેટરોએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

જિલ્લાના તમામ સી.આર.સી. કો-ઓર્ડિનેટરો, શાળાના આચાર્યો અને શિક્ષકો દ્વારા ગામડાઓમાં વ્યાપક જનજાગૃતિ કરાતા મોટી સંખ્યામાં વડીલો અને નિરક્ષર ભાઈ-બહેનો પરીક્ષામાં જોડાયા હતા. નાયબ જિલ્લા નિરંતર શિક્ષણ અધિકારી જી. એમ. સોલંકી અને તેમની ટીમે પણ આયોજનમાં મહત્વપૂર્ણ કામગીરી બજાવી હતી.

# ગાંધીધામ મહાનગરપાલિકામાં ચાલતા વિકાસ કામો અને રસ્તાનું મ્યુનિ. કમિશ્નરે નિરીક્ષણ કર્યું



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર મનિષ ગુરવાની દ્વારા વિવિધ રસ્તાઓ તથા વિકાસ કામગીરીનું નિરીક્ષણ કરાયું હતુ. જે અંતર્ગત હિરાલાલ પારેખ સર્કલથી વોલકેનો કોમ્પ્યુટર સુધી રોટરી સર્કલથી એરપોર્ટ ચોકડી સુધીનો રોડ, ગાંધીધામ ખાતે ચાલતા સ્માર્ટ લાઈબ્રેરીના બાંધકામની કામગીરી સ્થળની મુલાકાત લીધી હતી. આ નિરીક્ષણ દરમ્યાન બંને ડે. મ્યુ કમિશ્નર મેહૂલભાઈ દેસાઈ, સંજયકુમાર રામાનુજ તેમજ કોન્ટ્રાકટર, પીએમસી, ટીપીઆઈ અને મહાનગરપાલીકાના ઈજનેરો સાથે રહ્યા હતા. તેમજ કામની ગુણવતા જાળવવા અને સમય મર્યાદામાં કામ પુરા કરવા માટે તાકીદ કરાઈ હતી. હાલ જે કામો ચાલી રહ્યા છે. ત્યારે આ કામગીરીને લઈ એન્જીનીયર વિભાગને સમયાંતરે કામની સમીક્ષા અને સ્થળ ચકાસણી કરવા સુચના આપી હતી.

# અમરેલીના ગજેરા કેમ્પસના સંગીત વિદ્યાર્થીઓનો સુર આકાશવાણી રાજકોટ સુધી પહોંચ્યો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

શ્રીરામનવમીના પાવન પર્વ નિમિતે આકાશવાણી રાજકોટ ખાતે અમરેલી જિલ્લાના શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભાના સંગીત વિદ્યાર્થીઓ દ્વારા વિશેષ કાર્યક્રમનું રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. જેનું પ્રસારણ તા.૧૫ માચના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ભજન, કીર્તન, ધૂન તથા લોકગીતો દ્વારા પોતાની કલાત્મક પ્રતિભા રજૂ કરી હતી.કાર્યક્રમમાં જ્ઞાનશક્તિ સ્કૂલના વિદ્યાર્થીઓએ વિવિધ રજૂઆતો કરી હતી. જેમાં ગોહિલ મંત્ર દ્વારા શ્રીરામ સ્પીચ, ચાંદુ જયરાજ દ્વારા મેરે ઘર રામ આયેગે, રાહુલ રાઠોડ દ્વારા તાળી પાડો તો મારા રામની રે, ક્યાનખાન પઠાન દ્વારા તુલસી શ્યામ રજૂ કરવામાં આવ્યું હતું. સાથેજ ગુજરાતી માધ્યમ વિભાગમાં



કથેરીયા કાવ્ય દ્વારા પ્રથમ પહેલા પૂજા, કાબરીયા આર્યન દ્વારા તાળી પાડી ને રામ નામ, કાબરીયા શિવમ દ્વારા હુંડી તથા ગારૈયા ડેનિલ દ્વારા રામ આયેગે જેવી રજૂઆતો કરવામાં આવી હતી. આ ઉપરાંત સંગીત સાથરૂપે કિશનભાઈ ગોંડલીયા, દેવમુરારી દીપ, જીવાણી દક્ષ અને ગોહિલ અંશ દ્વારા સુંદર સંગીત સાથ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓ તથા સંગીત શિક્ષક કિશનભાઈ ગોંડલીયાને અભિનંદન આપ્યા હતા.

# રાજકોટ નાગરિક સહકારી બેંક થકી વિકાસને વધુ વેગ મળશે: ધારાસભ્ય રમેશ ટીલાળા

## રાજકોટ નાગરિક સહકારી બેંકની શાપર શાખાનું શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીના હસ્તે ઉદ્ઘાટન | ઉદ્યોગ જગત અને બેંક એકબીજાની પૂરક: ચેરમેન દિનેશ પાઠક





**અબતક, રાજકોટ**

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ૪૦ મી શાપર શાખાનો આજની વિધિવત પ્રારંભ થયો છે અને આ મંગલ અવસરે ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયેલો હતો.


કાર્યક્રમની શરૂઆતમાં ભારત માતા અને અરવિંદભાઈ મણીઆરની તસવીર સમક્ષ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું હતું. મહેમાનોને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું. શાખાનો મંગલ પ્રારંભ શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ શ્રીફળ વધેર્યું હતું અને રીબન કાપી શાખાના કામકાજનો શુભારંભ કરાવ્યો હતો. મંગલ આરતી દ્વારા સમગ્ર વાતાવરણ ધર્મમય બન્યું હતું.

પ્રાસંગિક ઉદ્બોધનમાં આર્શીવચન પાઠવતાં શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'રાજકોટ નાગરિક સહકારી બેંક શાપરમાં વિકાસની નવી તક લઈને આવી છે. લોકો બેંકમાં મૂડી નહિ વિશ્વાસ મુકવા આવે છે અને આ બેંક સાત દાયકાથી જનવિશ્વાસની આરાધના કરી રહી છે. બેંક ફક્ત નાણાંકીય જરૂરીયાત નહિ પરંતુ સમાજનાં અનેક કાર્યોમાં સહાયક બની છે. બેંકના નામમાં જ સહકાર છે અર્થાત સહકાર થકી સહુનો વિકાસ થાય.'

રાજકોટનાં ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાએ જણાવ્યું હતું કે, 'બેંકનું શાપરમાં હાર્દિક સ્વાગત છે. શાપરની ઈન્ડસ્ટ્રીઝ બહુ જ મોટી છે. તેના વિકાસમાં બેંકોનો બહુ જ મોટો ફાળો છે.

(અનુ. આઠમા પાને)

# ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં 'કેસર'કેરીનું આગમન ૧૦ કિલોના રૂ.૫,૫૦૦ ભાવ બોલાયા



## ઉનાળાના પ્રારંભે ગીરની સુગંધથી મહેક્યું ગોંડલ ફ્રુટ માર્કેટ: ગીર ગઢડાના ખેડૂતોની કેરી આકર્ષણનું કેન્દ્ર બની

**અબતક,જીતેન્દ્ર આચાર્ય ગોંડલ**

સૌરાષ્ટ્રના વેપારના હાર્દ સમાન અને ગુજરાતના અગ્રેસર ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ઉનાળાના પ્રારંભે જ કેરીના રસિકો માટે ખુશખબર આવ્યા છે. વિશ્વપ્રસિદ્ધ ગીરની 'કેસર' કેરીનું ગોંડલ ફ્રુટ માર્કેટમાં શુકનવંતુ આગમન થયું છે. સીઝનના પ્રારંભે જ કેરીના ભાવ આસમાને પહોંચતા આ વર્ષે પણ કેસરનો સ્વાદ મોંઘેરો રહે તેવા સંકેતો મળી રહ્યા છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજે ગીર ગઢડા પંથકના ખેડૂતો કેસર કેરીનો મબલખ જથ્થો લઈને વેચાણ માટે આવ્યા હતા. સીઝનની પ્રથમ આવક હોવાથી વેપારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હરરાજી દરમિયાન કેસર કેરીના ૧૦ કિલોના ઊંચા ભાવ રૂ ૫,૫૦૦ બોલાયા હતા, જ્યારે નીચામાં નીચો ભાવ રૂ ૨,૫૦૦ રહ્યો હતો. શરૂઆતના તબક્કે કેરીની આવક મર્યાદિત હોવાથી અને માંગ વધુ હોવાથી ભાવોમાં ઉછાળો જોવા મળ્યો છે. ગોંડલનું ફ્રુટ માર્કેટ માત્ર સૌરાષ્ટ્ર જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં જાણીતું છે. અહીંની

(અનુ. આઠમા પાને)

# બગસરાનાં શાળા નં.૧માં મેઘાણી સ્મૃતિનું પૂ. મોરારિબાપુના હસ્તે લોકાર્પણ



**અબતક, રાજકોટ**

મહાત્મા ગાંધીએ જેમને રાષ્ટ્રીય શાયરના ગૌરવપૂર્ણ બિરૂદથી નવાજેલા તેવા સાહિત્યકાર, લોકસાહિત્યના સંશોધક, પત્રકાર અને સ્વાતંત્ર્ય-સેનાની ઝવેરચંદ મેઘાણીના વડવાઓના વતન બગસરા (જિ. અમરેલી) સ્થિત ઐતિહાસિક પીએમ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી શાળા નંબર ૦૧ ખાતે મેઘાણી સ્મૃતિનું લોકાર્પણ વિશ્વવંદનીય મોરારિબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. મોરારિબાપુએ મોટી સંખ્યામાં ઉપસ્થિત શાળાનાં વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. નવી પેઢી આપણી ગૌરવવંતી સંસ્કૃતિ-સાહિત્યની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવના અને જીવન-મૂલ્યોનું સંસ્કાર-સિંચન થાય તે આશયની ગુજરાત સરકાર પ્રેરિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત મેઘાણી સ્મૃતિની સ્થાપના ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી દ્વારા પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.ના આર્થિક સહયોગથી કરવામાં આવી છે. તે સમયની આ ઐતિહાસિક મિડલ સ્કૂલમાં ૧૯૦૭થી ૧૯૦૯ દરમિયાન ઝવેરચંદ મેઘાણીએ અભ્યાસ કર્યો હતો જે ખાસ ઉલ્લેખનીય છે.

રાજકોટ લોકસભા સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે. વી. કાકડીયા, માનવ

(અનુ. આઠમા પાને)

# નર્મદા પરિક્રમાના શ્રદ્ધાળુઓને ૧૦ કરોડના ખર્ચે પુરી પડશે સુવિધાઓ

## વીજળી, પાણી, ભોજન, આવાસ, ક્રાઉડ મેનેજમેન્ટ સહિત દરેક રીતે પડખે રહેશે સરકાર



**અબતક,રાજકોટ**

ગુજરાત સરકાર પણ દર વર્ષે યોજાતી ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાને ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિશાળ પાયે વ્યવસ્થાઓ કરે છે. આ વર્ષે આગામી ફાગણ વદ અમાસ ૧૯ માર્ચથી ચૈત્ર વદ અમાસ ૧૭ એપ્રિલ સુધી ચાલનારી આ ૩૦ દિવસીય નર્મદા પરિક્રમા માટે પણ રાજ્ય સરકારે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે.

નર્મદા પરિક્રમાર્થીઓની 'દુર્ગમ' યાત્રાને 'સુગમ' બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (જીપીવાયવીબી) દ્વારા પરિક્રમા દરમિયાન ઉમટનાર હજારો શ્રદ્ધાળુઓને આરામદાયક સુવિધાઓ ઉપલબ્ધ થાય; તે માટે અંદાજે રૂ. ૧૦ કરોડના ખર્ચે મોટા પાયે હંગામી તેમજ કાયમી માળખાકીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. શ્રદ્ધાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૨૫-૨૬માં નર્મદા પરિક્રમા માટે લગભગ રૂ. ૫.૪૧ કરોડના ખર્ચે હંગામી વ્યવસ્થાઓ વધુ મજબૂત

(અનુ. આઠમા પાને)




# હિંમતનગર: નશીલા પદાર્થના કેસમાં ફસાવી દેવાની ધમકી આપનાર બેલડી ઝડપાઈ

## નકલી પોલીસે રૂ.૧૦ લાખની માંગણી કરી આઠ લાખમાં મામલો પતાવવાનું ષડયંત્ર રચ્યું

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરમાં નકલી પોલીસ બનીને આઠ લાખ રૂપિયાનો તોડ કરનાર બે આરોપીઓની એ.ડિવિઝન પોલીસે ધરપકડ કરી હતી આ ઘટના મહિના પહેલા બની હતી જે અંગે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ કાર્યવાહી કરવામાં આવી છે. આ અંગે મળતી માહિતી મુજબ ગત ૧૦ ફેબ્રુઆરીના રોજ આરોપીઓએ હિંમતનગરના એક વ્યક્તિ પાસેથી અફીણની પડીકી મંગાવી હતી પડીકી આપનાર વ્યક્તિને બાદમાં નકલી પોલીસે ધમકાવીને દસ લાખ રૂપિયાની માંગણી કરી હતી લાંબી રકઝક બાદ આખરે આઠ લાખ રૂપિયા આપીને મામલો પતાવવામાં આવ્યો હતો. આઠ લાખ રૂપિયા આપ્યા પછી જ્યારે



ફરિયાદીને આ લોકો નકલી પોલીસ હોવાની જાણ થઈ ત્યારે અફીણની પડીકી આપનાર વ્યક્તિના સાળા સુરેન્દ્ર સત્યનારાયણ સુથાર દ્વારા હિંમતનગર એ.ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી

પોલીસે ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી કરીને બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા પકડાયેલા આરોપીઓમાં હિંમતનગરના કાંકરોલ રોડ પર સ્વામિનારાયણ મંદિર પાછળ રહેતા વીરેન્દ્ર રોશનલાલ ખટીક અને પ્રાંતિજના સોનાસણના રહેવાસી વિપુલ રેવાભાઈ વણકરનો સમાવેશ થાય છે પોલીસે આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે ઈસમોની શોધખોળ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે અફીણની પડીકી આપનાર વ્યક્તિની પણ અગાઉ એન.ડી.પી.એસ કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી.

# ચોટીલાના ધાધલપુરમાં હિટ એન્ડ રન અજાણી કારની અડફેટે યુવાનનું મોત

## મોટરસાયકલ પર ઘરે પરત ફરતી વેળાએ સર્જાયો અકસ્માત, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

ચોટીલા તાલુકાના ધાધલપુર ગામ પાસે ગઈકાલે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. મોટરસાયકલ લઈને ઘરે પરત ફરી રહેલા ૨૧ વર્ષીય પરપ્રાંતિય યુવકને અજાણ્યા ફોર વ્હીલ ચાલકે અડફેટે લેતા યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ બિહારના વતની અને હાલ ચોટીલાના ધાધલપુર ગામમાં રહેતા વિનોદકુમાર દરેગી મંડલ (ઉં.૨૧) પોતાના કામ પતાવી મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ધાધલપુર ગામ પાસે પુરપાટ ઝડપે આવતા અજાણ્યા કાર ચાલકે તેમના બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં વિનોદકુમારને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક વિનોદકુમાર અપરિણીત હતા અને પવનચક્કીમાં મજૂરી કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ પાંચ બહેનો વચ્ચે એકના એક ભાઈ અને સૌથી નાના હતા. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે અને હોસ્પિટલે દોડી ગયો હતો. અને વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલના વી.કે. નગરના મકાનમાંથી રૂ.૬૩ હજારનો દારૂ ઝડપાયો

## ગોંડલ સિટી પોલીસનો દરોડો : ફરાર બુટલેગર મનોજ સોંદરવાની શોધખોળ



**અબતક, રાજકોટ**

ગોંડલ પોલિસેં વાછરા રોડ પર વી.કે.નગરના મકાનમાં દરોડો પાડી રૂ. ૬૩ હજારનો દારૂ ઝડપી પાડ્યો હતો. જ્યારે દરોડા દરમિયાન હાજર નહિ મળી આવેલા બુટલેગરની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

રાજકોટ ગ્રામ્ય જિલ્લા વિસ્તારમાં દારૂ-જુગારની ગેરકાયદે પ્રવૃત્તિને નેસ્ત નાબૂદ કરવાની સૂચનાને પગલે ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કે જી ઝાલાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એલ આર ગોહિલની રાહબરી હેઠળ ગોંડલ સીટી પોલીસ મથકની અલગ અલગ ટીમો પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પીએસઆઈ એસ આર પંડ્યાને બાતમી મળી હતી કે, ગોંડલના વાછરા રોડ વી કે નગરમાં રહેતો મનોજ ભોજાભાઈ સોંદરવા પોતાના રહેણાંક મકાને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરી રહ્યો છે. જેથી તાત્કાલિક ગોંડલ સીટી પોલીસની ટીમ બાતમી વાળા સ્થળે દોડી ગઈ હતી અને રહેણાંક મકાનમાંથી રૂ. ૬૧ હજારની કિંમતની દારૂની ૨૭૨ બોટલ તેમજ પ્લાસ્ટિકની પારદર્શક પ્રવાહી ભરેલ કોથળીમાંથી અંગ્રેજી શરાબ ભરેલી ૩૭ કોથળીઓ તેમજ દેશી દારૂ બનાવવાબો ૩૦ લીટર આથો મળી કુલ રૂ. ૬૩,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે દરોડા દરમિયાન હાજર નહીં મળી આવેલ બુટલેગર મનોજ ભોજાભાઈ સોંદરવાની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ઉલ્લેખની છે,ફરાર થઈ ગયેલા બુટલેગર વિરુદ્ધ દારૂ, જુગાર સહિતના છ ગુના નોંધાઈ ચૂક્યાનું પણ પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

# તમારા દીકરાને સાચવીને રાખજો, હું મર્ડર કરી નાખીશ કહી માતાને ધમકી, પુત્ર પર હુમલો

## શાપર (વે.)નો બનાવ: ફોર વ્હીલ કાર નહિ આપ્યાનો ખાર રાખી શિવનગરનો કકન છરી વડે તૂટી પડ્યો

**અબતક, રાજકોટ**

શાપર(વે.)માં ફોર વ્હીલ કાર નહિ આપ્યાનો ખાર રાખી ધો.-૧૦ ના વિદ્યાર્થીની માતાને ફોન કરી ખૂનની ધમકી અપાઈ હતી. બાદમાં ઉશ્કેરાયેલા શખ્સેં યુવાનની બહેનના ઘરે ધસી જઈ છરી વડે હુમલો કર્યો હતો. જે મામલે શાપર(વે.) પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મૂળ કેશોદના વતની અને હાલ રાજકોટની ભાગોળે શાપર(વે.) ખાતે શાન્તિધામ સોસાયટી ગેઈટ નં.-૧ અંજનીપાર્ક ખાતે રહેતા ૧૮ વર્ષીય વિદ્યાર્થી પિયુષભાઈ પંકજભાઈ માકડીયાએ આરોપી તરીકે વેરાવળના શિવનગરમાં રહેતા કકન કેશુભાઈ મકવાણાનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું ધોરણ દસમા અભ્યાસ કરૂ છું. ગઈ તા.૧૫-૦૩-૨૦૨૬ ના રાતના બાર વાગ્યા વખતે હુ ગોંડલ ચોકડીથી મારા મિત્ર દનુનુ હોન્ડા મોટર સાયકલ લઈને રાજકોટ ગોંડલ ચોકડી ખાતે ભાડેથી ફોરવ્હીલ ગાડી લેવા માટે ગયેલ હતો. ફોરવ્હિલ ગાડી લઈને હું પરત વેરાવળ શાંતીધામ મુકામે આવતો રહેલ હતો. બાદ મારા મિત્ર દનુને બે કલાક માટે ફોરવ્હિલ ગાડી આપેલ અને બે કલાક બાદ મારા મિત્રએ મને ફોરવ્હિલ ગાડી પાછી આપી દિધેલ હતી. બાદ રાત્રિના કકનનો મને ફોન આવેલ કે, તુ અહીં શીવનગર ખાતે આવ મારે કામ છે. જેથી મે તેમને કહેલ કે, હુ ભાડેથી લાવેલ ફોરવ્હિલ મુકવા જવાનો ટાઈમ થઈ ગયેલ છે. મારે અત્યારે મોડુ થાય છે. બાદ કકને મને કહેલ કે, તુ અહિયા આવ પછી તરત જતો રહેજે. જેથી હું વેરાવળ શીવનગર ખાતે ગયેલ તો ત્યા કકન તથા મારો મિત્ર દનુ કકનના ઘરે હાજર હતા. બાદ કકન મને કહેલા લાગેલ કે, તુ ફોરવ્હિલ ગાડી મને આપી દે અને હુ તને ૨૫૦૦ રૂપીયા આપી દવ છું, અને હુ હાલ અત્યારે જ તને તારા ઘરે મુકી જાવ છું. જેથી મે કકનને ફોર વ્હિલ ગાડી આપવાની ના પાડતા કહેલ કે, હુ ફોરવ્હિલ ગાડી ભાડે લાવેલ છુ અને મારે ફોરવ્હિલ મુકવા જવાનો ટાઈમ થઈ ગયેલ છે. જેથી હુ ગાડી નહી આપુ. જે બાદ કકન ઉશ્કેરાઈ ગયેલ અને મને ગાળો આપવા લાગેલ હતો. જેથી અમારી વચ્ચે બોલાચાલી થયેલ હતી. બાદ હુ ફોરવ્હિલ ગાડી લઈને નિકળી ગયેલ હતો. ત્યારબાદ કકને મારી માતાને ફોન કરી કહેલ કે, તમારો દિકરો પિયુષ દનુનુ મોટર સાયકલ ગીરવે મુકી આવેલ છે, અને મને તમારા દિકરાએ ગાળો આપી છે. જેથી હવે તમેં તમારા દિકરાને સાચવીને રાખજો હું તેનુ મર્ડર કરી નાખીશ તેમ ધમકી આપેલ હતી. જેથી મારી માતાએ મને ફોન કરી તુ ક્યા છો તેમ પૂછ્યું હતું. જેથી મે મારી માતાને કહેલ કે, હું રાજકોટથી ફોરવ્હીલ ગાડી મુકીને આવુ છુ. ત્યારબાદ મારી માતા વેરાવળ ખાતે આવેલ ગુજરાત સી.એન.જી. પંપ પાસે ભેગા થયેલ હતા. જેથી હું તથા મારા માતા મોટરસાયકલમાં વેરાવળ,શીવનગર ખાતે મારી બહેન પ્રિયંકાબેનના ઘરે રાતના અઢી વાગ્યા આસપાસ હોન્ડા મુકવા ગયેલ હતા. કકન પણ શીવનગર ખાતે રહેતો હોય જે પણ મારા બહેનના ઘરે આવેલ અને મને ગાળો આપવા લાગેલ હતો. તેના હાથમા રહેલી છરી વડે મારા પેટમા મારવા જતા મે મારો જમણો હાથ આડો રાખતા મારા જમણા હાથની વચ્ચેની બે આંગળીમા મુંઢ ઈજા થયેલ હતી. બાદ મારૂ ગળુ હાથથી પકડી તેણે દબાવી દીધેલ હતું. જેથી મને ગળામા મુંઢ ઈજા થયેલ હતી. ત્યારબાદ માતા, બનેવી સહિતના વચ્ચે પડતા કકન ત્યાંથી નાસી ગયેલ હતો. બનાવને પગલે યુવાન વિદ્યાર્થીએ શાપર(વે.) પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલિસેં આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# ચોટીલાના મેવાસા ગામે જૂની અદાવતમાં મહિલાને સોટી વડે માર માર્યો

## પ્રોઢા પર કોઈ કારણોસર ઝઘડો કરી ત્રણ શખ્સો સહિતના લોકોએ હુમલો કરતા સિવિલ ખસેડાયા, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

ચોટીલા તાલુકાના મેવાસા ગામે ગઈકાલે સાંજના સુમારે પ્રોઢા પર જૂની અદાવત કે અન્ય કોઈ કારણોસર ત્રણ શખ્સો સહિતના ટોળાએ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, રાજકોટના કુવાડવા જીઆઈડીસી વિસ્તારમાં રહેતા નિરૂબેન કાંતિભાઈ જખાનિયા (ઉં.વ. ૪૦) કોઈ કામ અર્થે ચોટીલા આવ્યા હતા. ગઈકાલે સાંજે ૪:૦૦ વાગ્યાની આસપાસ તેઓ જ્યારે મેવાસા ગામે હતા, ત્યારે સ્થાનિક શખ્સો સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. ત્યારે મામલો બિચક્યો હતો અને અર્વણભાઈ પામાભાઈ, રમેશભાઈ અને જેન્તી વિપુભાઈ સહિતના શખ્સોએ ઉશ્કેરાઈને નિરૂબેન પર ફાઈબરની સોટી વડે હુમલો કરી દીધો હતો. આ હુમલામાં નિરૂબેનને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા જ પોલીસે હોસ્પિટલ પહોંચી મહિલાનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે. આ હુમલો ક્યા કારણોસર કરવામાં આવ્યો અને તેમાં અન્ય કેટલા લોકો સામેલ હતા તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# હિંમતનગરના કઠવાડીયામાં હલણના વિવાદના લોહીયાળ ખેલ ખેલાયો: યુવકની હત્યા

## ગામમાં તંગદિલી ન ફેલાય તે હેતુથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો: ૧૫ શખ્સો સામે નામજોગ હત્યાનો ગુનો નોંધાયો

**અબતક, સંજય દિક્ષીત, સાંબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના કઠવાડીયા ગામે રવિવારે સાંજે ખેતરમાં જવાના રસ્તાના જૂના વિવાદમાં બે જૂથો સામસામે આવી ગયા હતા ૧૫ જેટલા વ્યક્તિઓના ટોળાએ હથિયારો સાથે પરિવાર પર હુમલો કરતા ૩૧ વર્ષીય યુવાનની છરીના ઘા મારી હત્યા કરવામા આવતા ચકચાર મચી ગઈ હતી જ્યારે આ હિંસક ઘટનામાં અન્ય ૪ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા હોવાનું જાણવા મળે છે

આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ રવિવારે સાંજે ૭:૩૦ કલાકે કઠવાડીયા ગામની સીમમાં રણજીતસિંહ મગનસિંહ ઝાલાના ખેતર પાસે આ લોહિયાળ ખેલ ખેલાયો હતો ખેતરના રસ્તા બાબતે ચાલી રહેલા જૂના ઝઘડાની અદાવતમાં વિશાલસિંહ ખોડસિંહ ઝાલા સહિત ૧૫ લોકોનું ટોળું છરી, લાકડી અને પથ્થરો સાથે તૂટી પડ્યું હતું. હુમલાખોરોએ સુરપાલસિંહ માનસિંહ ઝાલા અને તેમના પરિવાર પર હુમલો કર્યો હતો જેમાં ઉશ્કેરાયેલા વિશાલસિંહ ઝાલાએ ધર્મેન્દ્રસિંહ ભારતસિંહ ઝાલા (ઉંમર ૩૧)ને પાંસળીના ભાગે છરીનો જીવલેણ ઘા માર્યો હતો જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

જ્યારે આ હુમલામાં સુરપાલસિંહ ઝાલા, વિશાલસિંહ વિરેન્દ્રસિંહ ઝાલો, માનસિંહ જાલમસિંહ ઝાલા અને વિલાસબા વિરેન્દ્રસિંહ ઝાલા પર પથ્થરમારો કરીને ઈજા પહોંચાડાઈ હતી

આ ઘટના બાદ સુરપાલસિંહ ઝાલાએ હિંમતનગર ગ્રામ્ય પોલીસમાં ૧૫ વ્યક્તિઓ સામે નામજોગ ફરિયાદ નોંધાવી હતી પોલીસે વિશાલસિંહ ખોડસિંહ ઝાલા,વિરેન્દ્રસિંહ ખોડસિંહ ઝાલા, કમલેશસિંહ વિજયસિંહ ઝાલા સહિતના આરોપીઓ વિરુદ્ધ હત્યા અને રાયોટિંગનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે ગામમાં તંગદિલી ન ફેલાય તે હેતુથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો

# મોરબીમાં પીજીવીસીએલના ટાવર પરથી પટકાતા યુવાનનું મોત

## પીજીવીસીએલ ટાવર પરથી વાયર કાઢતી વેળાએ સંતુલન બગડતા નીચે પટકાયા, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

મોરબીના લખધીરપુર રોડ પર આવેલી રામદેવ હોટલ પાછળ ગઈકાલે પીજીવીસીએલના ટાવર પર ચડીને વાયર કાઢતી વખતે ૨૪ વર્ષીય યુવાન અચાનક નીચે પટકાતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.મળતી માહિતી મુજબ, મોરબીમાં રહેતા કૈલાશ બાબુસિંહ રાવત (ઉં.વ. ૨૪) ગઈકાલે લખધીરપુર રોડ પર રામદેવ હોટલ પાછળ આવેલા પીજીવીસીએલના ટાવર પર વાયર કાઢવા માટે ચડ્યા હતા. આ દરમિયાન પગ લપસતા અથવા સંતુલન બગડતા તેઓ ઊંચાઈ પરથી નીચે પટકાયા હતા. ટાવર પરથી નીચે પડતા કૈલાશભાઈને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકોએ તેમને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, સારવાર દરમિયાન જ તેમનું મોત નીપજ્યું હતું.ઘટના બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. એક આશાસ્પદ યુવાનના મોતથી રાવત પરિવારમાં માતમ છવાયો છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાવરકુંડલા મહિલા કોલેજમાં ક્લાર્કની ભરતી પરીક્ષા દરમિયાન હોબાળો

## પરીક્ષામાં સેટીંગ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ સાથે ત્રણ શખ્સોએ ટ્રસ્ટી અને સ્ટાફને આપી ધમકી

**અબતક**
**હર્ષ ઠાકર, અમરેલી**

સાવરકુંડલા ખાતે આવેલી વી.ડી. ઘેલાણી મહિલા કોલેજમાં જુનિયર ક્લાર્કની ભરતી પરીક્ષા દરમિયાન હોબાળો મચાવવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે કોલેજના ટ્રસ્ટી દ્વારા ત્રણ વ્યક્તિઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. સાવરકુંડલા ૧૪ જાન્યુઆરીએ વી.ડી. ઘેલાણી મહિલા કોલેજમાં જુનિયર ક્લાર્કની ભરતી માટે પરીક્ષા યોજાઈ હતી. ત્યારે બપોરે ૨:૩૦ થી ૪:૦૦ કલાક દરમિયાન કોલેજના લોબીમાં ધર્મેન્દ્ર મહેતા, જગદીશ ઠાકોર અને તેના દીકરાએ આવી હોબાળો કર્યો હતો.ચંદ્રીકાબેન ગીરીશભાઈ કામદાર (ઉ.વ.૭૮), જે લલ્લુભાઈ શેઠ સાવરકુંડલા ટ્રસ્ટના ટ્રસ્ટી છે અને હાલ મુંબઈ રહે છે, તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ ત્રણ શખ્સોએ પેપર શરૂ થવાના પહેલા કોલેજમાં આવી પરીક્ષાનું સેટિંગ કરી દેવામાં આવ્યું છે. પૈસા લઈ કોઈ દીકરીને પાસ કરાવવાનું નક્કી કરવામાં આવ્યા હોવાના આક્ષેપો કરવામાં આવ્યા હતા, તેમજ પરીક્ષા પૂર્ણ થયા બાદ પણ આરોપીઓ ફરી કોલેજની લોબીમાં આવી પરીક્ષા ખોટી રીતે લેવાઈ રહી હોવાનું કહી હોબાળો કર્યો હતો તેમજ ત્યાં હાજર પરીક્ષાર્થીઓને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો હતો. તેઓએ વિદ્યાર્થીઓને આ ખોટી પરીક્ષા છે અને તમારી મહેનત પાણીમાં જશે તેવું કહી પરીક્ષાર્થીઓને ભ્રમિત કર્યા હતા. આ દરમિયાન કોલેજના ટ્રસ્ટી તથા સ્ટાફે તેમને કોઈ રજૂઆત હોય તો લેખિતમાં મંડળને આપવા જણાવતા ઉશ્કેરાયેલા હતા. બહાર નીકળો તો જોઈ લઈશું અને તમારા ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. બાદમાં કોલેજના સિક્યુરિટી દ્વારા ત્રણેને બહાર કાઢવાનો પ્રયાસ કરતા તેઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા. આ સમગ્ર ઘટનાને લઈને પોલીસે ધર્મેન્દ્ર મહેતા, જગદીશ ઠાકોર અને તેના દીકરા વિરૂધ્ધ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના વેગડવાવ ગામે યુવકે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## અગમ્ય કારણોસર વાડીમા ભર્યુ પગલું, પરિવારમાં શોક

**અબતક, રાજકોટ**

હળવદ તાલુકાના વેગડવાવ ગામમાં રહેતા યુવકે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. ગંભીર હાલતમાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવને પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.પ્રાપ્ત વિગતો મુજબ, હળવદ તાલુકાના વેગડવાવ ગામે રહેતા રણજીતભાઈ રાજુભાઈ તડવી (ઉં. ૩૫) ગઈકાલે સવારના ૯:૦૦ વાગ્યાની આસપાસ શંકરભાઈની વાડીએ હતા. તે સમયે કોઈ અગમ્ય કારણોસર તેમણે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ સારવારમાં તેમણે દમ તોડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રણજીતભાઈ ખેતીકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ બે ભાઈઓમાં મોટા હતા અને તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવ અંગેની જાણ થતા પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયોહતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. રણજીતભાઈએ ક્યા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# અમરેલીના જાળીયા ગામે સોલાર ફિટીંગના નામે છેતરપિંડી

## રાજકોટના શખ્સ સહિત ત્રિપુટીએ વેપારીને ચુનો ચોપડયો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી તાલુકાના જાળીયા ગામે સોલાર પેનલ ફિટિંગ કરાવી આપવાના નામે વેપારી સાથે ઠગાઈ થયાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાતા તપાસ હાથ ધરવામાં આવી છે. જાળીયા ગામે રહેતા આશિષભાઈ પરશોત્તમભાઈ લક્કડ (ઉ.વ.૩૬)ના વેપારી છે. તા.૧લી જાન્યુઆરીના રોજ સવારે આશરે ૧૦:૦૦ વાગ્યે રાજકોટના શુભમ મીસ્ત્રી તથા તેની સાથે આવેલા બે અજાણ્યા વ્યક્તિઓએ આશિષભાઈને તેમના ઘરે સોલાર સિસ્ટમ ફિટ કરી આપવાનો વિશ્વાસ આપ્યો હતો.આ દરમિયાન તેઓએ સોલાર ફિટિંગના કામ માટે એડવાન્સ તરીકે રૂ.૨૦ હજાર લઈ લીધા હતા. જોકે પૈસા લઈ લીધા બાદ તેઓએ સોલાર ફિટિંગનું કામ કર્યું નહીં અને આશિષભાઈ સાથે ઠગાઈ કરી વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે.

આ અંગે આશિષભાઈ લક્કડ દ્વારા શુભમ મીસ્ત્રી અને તેની સાથે આવેલા બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ આપવામાં આવી છે.


**જાહેર નોટીસ**

જન્મ-મરણ કેસ નં.૨૧/૨૦૨૬

શ્રી સંદિપ પોપટલાલ પટેલ ..........અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી, ગોંડલ ...........સામાવાળા

**વિષયઃ- જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રીનો જન્મ તા. ૧૫/૧૦/૧૯૬૪ ના રોજ ગોંડલ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, ''તાલુકા સેવા સદન'', ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ (શહેર) ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સીકકો

એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગોંડલ (શહેર)



નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પ. વિભાગ,

જાહેર નિવિદા નં.૧૦ સને ૨૦૨૫-૨૬

૧. પ્રોવાઈડિંગ મેન પાવર ફોર ઈમ્પિમેન્ટેશ ઓફ હોટ વેધર સિઝન-૨૦૨૫ એન્ડ પ્રિ-ખરીફ સિઝન યર-૨૦૨૬ ફોર હરપાલ સાગર (બ્રાહ્મણી-૧) ઈરીગેશન સ્કિમ.. (અંદાજીત રકમ રૂ. અંદાજીત રકમ રૂા. ૮૫,૭૬૬-૦૦)

૧. કાર્યપાલક ઈજનેરશ્રી ,સિચાઈ વિભાગ ,તાલુકા સેવા સેવા સદન ,-રૂમ નં ૧૫૨ થી ૧૫૫ લાલ બાગ , મોરબી, ૩૬૩૬૪૨ ગુજરાત રાજ્ય ) ( ફોન -૦૨૮૨૨ ૨૪૧૦૩૫) ૨. નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સિંચાઈ પેટા વિભાગ , સરકારી દવાખાનું અને ભવાની મેડીકલ સામે, હળવદ-૩૬૩૩૩૦ માહીતી ખાતાની વેબ સાઈટ www.statetenders.gujarat. gov.in ઉપર જોઈ શકાશે .(ટેન્ડરમાં હવે પછીનો કોઈ પણ સુધારો ફક્ત ઓફ-લાઈન જ મુકવામા આવશે.) ઓફલાઈન બીડ મેળવવા માટેની છેલ્લી તા.૧૬/૦૩/૨૦૨૬ ૧૮.૦૦ કલાક અને બીડ ભરીને મોકલવાની છેલ્લી તારીખ ૨૩/૦૩/૨૦૨૬ ૧૨.૦૦ કલાક IST સુધીમાં મોકલવાના રહેશે.

માહિતી -રાજ-૧૯૮૨-૨૫-૨૬



સેની.જા.નં.૧૨૪૮ જેતપુર – નવાગઢ નગરપાલિકા તા.૧૨/૦૩/૨૦૨૬

**:: જાહેર નિવિદા ::**

આ નગરપાલિકા માટે સેનીટેશન શાખા હસ્તક આ નીચે મુજબના ગ્રાન્ટના કામ કરવા ઓનલાઈન ટેન્ડરોથી ભાવ મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનુ નામઃ– સ્વચ્છ શહેર સુંદર શહેર અંતર્ગત BEAUTIFICATION OF THE CITY | |
| કામની સમય મર્યાદાઃ– ૬ માસ | |
| ઈ.એમ.ડી. :– ૩૭૦૦૦/– | ટેન્ડર ફીઃ– ૨૫૦૦/– |
| વેબ સાઈટનું નામઃ– | www.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમયઃ– | તા. ૨૦/૦૪/૨૦૨૬ ૬:૦૦ PM |
| ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા જરૂરી ડોકયુમેન્ટ સ્પીડ પોસ્ટ/ રજી.એ.ડી થી પોહચતા કરવાની તારીખ, સમય તથા સરનામું | તા. ૨૪/૦૪/૨૦૨૬ ૬:૦૦ PM |
| ફિઝીકલ ડોકયુમેન્ટ ખોલવાની તારીખ | તા.૨૭/૦૪/૨૦૨૬ ૪:૩૦ PM |
| પ્રાઈઝબીડ ખોલવાની તારીખ | તા.૨૭/૦૪/૨૦૨૬ ૪:૩૦ PM |

કામ અંગે વધારે માહિતી માટે ઉપરોકત વેબસાઈટ જોવા વિનંતી. સદર કામ ના ફીસીકલ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે

પાર્થીવ પરમાર
ચીફ ઓફીસર
જેતપુર–નવાગઢ નગરપાલિકા

મેનાબેન.આર.ઉસદડીયા
પ્રમુખ
જેતપુર–નવાગઢ નગરપાલિકા

માહિતી -રાજ-૧૯૭૪-૨૫-૨૬

# વ્યાજખોરોનો આતંક: ૧૧ લાખના રૂ.૨.૪૩ કરોડ ચૂકવ્યા છતાં ખેડૂત પાસે પઠાણી ઉઘરાણી

## વધુ વ્યાજ માટે પરિવારને ઘરબાર વગરના કરી નાખવાની ધમકી આપનાર બે ભાઈઓ સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં એક ખેડૂતે કોરોના કાળ દરમિયાન ધંધા માટે વ્યાજે લીધેલા રૂ.૧૧ લાખના બદલામાં અત્યાર સુધી રૂ.૨.૪૩ કરોડ જેટલી રકમ ચૂકવી હોવા છતાં બે વ્યાજખોર ભાઈઓ દ્વારા વધુ વ્યાજની માંગણી અને પરિવારને ઘરબાર વગરના કરી નાખવાની ધમકી તથા પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

મળતી વિગતો મુજબ, શહેરના શનાળા રોડ ઉપર હાઉસીંગમાં બ્લોક નં. એમ-૭૬૪માં રહેતા મૂળ નેસડા(ખાનપર)ના વતની એવા ખેડૂત અને સ્ટેમ્પ વેન્ડર સુરેશભાઈ પ્રાગજીભાઈ ભાડજા ઉવ.૬૦ એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી રમેશભાઈ રામજીભાઈ ભલોડીયા અને અશ્વિનભાઈ રામજીભાઈ ભલોડીયા (બન્ને રહે. આર્યનગર સોસાયટી મોરબી) વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન કોરોનાકાળમાં ધંધા માટે નાણાંની જરૂર પડતાં તેમણે ઉપરોક્ત બંને વ્યાજખોર પાસેથી રૂ.૧૧ લાખ પાંચ ટકા વ્યાજે લીધા હતા. વ્યાજ ચુકવવામાં મોડું થાય તો તે રકમ મુદલમાં ઉમેરી વધુ વ્યાજની ગણતરી કરવામાં આવતી હતી. આ રીતે વર્ષ ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ભોગ બનનાર ફરિયાદીએ રૂ.૨.૪૩ કરોડ જેટલી રકમ ચુકવી દીધી હોવા છતાં આરોપીઓ વધુ વ્યાજની માંગણી કરતા હતા. વ્યાજ ચૂકવવા માટે તેમણે પોતાના નેસડા-ખાનપર ગામની જમીન પણ વેચી નાખી હતી અને પરિવારજનો પાસેથી પણ લાખો રૂપિયા ઉછીના લઈને આરોપીઓને ચૂકવ્યા હતા. પરિવારને ઘરબાર વગરના કરી નાખવાની તેમજ ગુંડાઓ મારફતે નુકસાન પહોંચાડવાની ધમકી આપતા હતા. આથી આખરે કંટાળી ખેડૂતે પોલીસ ફરિયાદ કરી હતી.

# સિંધી સમાજ દ્વારા શુક્રવારે ભગવાન ઝૂલેલાલ જન્મોત્સવની ઉજવણી

## શોભાયાત્રા, ધ્વજારોહણ, મહાપ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમોની વણઝાર

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં સમસ્ત સિંધી સમાજ દ્વારા તા.૨૦ માર્ચે ભગવાન શ્રી ઝૂલેલાલના ૧૦૭૬મા જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે સાંજે ભવ્ય શોભાયાત્રા અને નહેરૂ ગેટ ચોક ખાતે મહા આરતી યોજાશે.



મોરબીના સમસ્ત સિંધી સમાજ દ્વારા તા.૨૦ માર્ચ, ચૈત્ર સુદ ૨ના શુભ દિવસે ભગવાન શ્રી ઝૂલેલાલના ૧૦૭૬મા જન્મોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસરે દિવસભર વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. કાર્યક્રમ મુજબ સવારે ૭:૩૦ કલાકે ધ્વજારોહણ કરવામાં આવશે, ત્યારબાદ સવારે ૯ વાગ્યે પૂજા વિધિ તથા સવારે ૧૧ વાગ્યે આરતી યોજાશે. બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન રાખવામાં આવ્યું છે.

સાંજે ૪:૩૦ કલાકે સિંધુ ભવન, સ્ટેશન રોડ મોરબી ખાતેથી ભવ્ય શોભાયાત્રા નીકળશે, જે શહેરના મુખ્ય માર્ગો પરથી ફરી નહેરૂ ગેટ ચોક ખાતે પહોંચશે. જ્યાં રાત્રે ૮:૩૦ કલાકે મહા આરતી યોજાશે. આ મહોત્સવમાં મોરબીના તમામ સિંધી પરિવારોને ઉપસ્થિત રહી ઉજવણીમાં જોડાવા સમસ્ત સિંધી સમાજ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## બાંધકામ શ્રમયોગીઓને ઘર આંગણે મળશે નિઃશુલ્ક તબીબી સારવાર

# ધનવંતરી આરોગ્ય રથને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવતા કલેક્ટર કે.બી. ઝવેરી

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લાના બાંધકામ શ્રમયોગીઓના કલ્યાણ અને સ્વાસ્થ્ય રક્ષા માટે રાજ્ય સરકારના 'ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ' દ્વારા નવીન 'ધનવંતરી આરોગ્ય રથ' ફાળવવામાં આવ્યો છે. મોરબી જીલ્લા સેવા સદન કલેક્ટર કચેરી ખાતેથી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના હસ્તે આ આરોગ્ય રથનું વિધિવત પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોરબી જીલ્લા પોલીસ વડા મુકેશ પટેલ અને જીલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.





આ રથના માધ્યમથી જીલ્લાના વિવિધ બાંધકામ સાઈટ પર કાર્યરત શ્રમિકોને નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ અને દવાઓનો લાભ પૂરો પાડવામાં આવશે. શ્રમિકો એ રાષ્ટ્રના નિર્માણના પાયામાં છે ત્યારે તેમના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. મોરબીમાં આ ધનવંતરી રથ દ્વારા શ્રમિકોના કામના સ્થળે જઈને આરોગ્યની તપાસ કરવામાં આવશે, જેથી તેમના સમય અને નાણાંની બચત થશે.

આ પ્રસંગે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.વી. શ્રીવાસ્ત્વ, મોરબી જીલ્લા નિરીક્ષક મિતેશ જોષી, સહિત બાંધકામ બોર્ડના જીલ્લા કચેરીના કર્મચારીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# હળવદ નજીક કતલખાને ધકેલાતા ૩૫ પશુઓને બચાવાયા

## હળવદ પોલીસે આરોપીની અટકાયત કરી, વાહન કબજે કર્યું

**અબતક, ઋષી મહેતા**

કચ્છ તરફથી માળિયા માર્ગે હળવદ થઈને અમદાવાદ તરફ એક આઈસર વાહનમાં પશુઓને ક્રૂરતાપૂર્વક બાંધીને કતલ માટે લઈ જવાઈ રહ્યા હોવાની બાતમી મળતા ગૌરક્ષકો સક્રિય બન્યા હતા. મોરબી, રાજકોટ, કચ્છ અને ધાંગધ્રા જીલ્લાના ગૌરક્ષકો તેમજ વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, હિન્દુ યુવા વાહિની અને અખિલ વિશ્વ ગૌસંવર્ધન પરિષદના કાર્યકરો વોચમાં હોય તે દરમિયાન બાતમી મુજબનું આઈસર રજી.નં. જીજે-૧૫-વાયવાય-૫૭૫૭ માળિયા તરફથી પસાર થતાં ગૌરક્ષકો દ્વારા તેનો પીછો કરવામાં આવ્યો હતો અને હળવદ ચોકડી નજીક તેને રોકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન વાહનમાં નાના-મોટા મળી કુલ ૩૫ પાડા ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જવામાં આવી રહ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ સાથે વાહનચાલકની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે પશુઓને અમદાવાદ ખાતે કતલખાને લઈ જવામાં આવી રહ્યા હતા અને તેની પાસે કોઈપણ પ્રકારની માન્ય પરમિટ નહોતી. ત્યારબાદ પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડી વાહન કબજે કરવામાં આવ્યું હતું તેમજ તમામ પશુઓને મુક્ત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.




આ સમગ્ર કાર્યવાહી સફળ બનાવવા મોરબી વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, અખિલ વિશ્વ ગૌસંવર્ધન પરિષદ દિલ્હી, હિન્દુ યુવા વાહિની તેમજ રાજકોટ, કચ્છ, ધાંગધ્રા, લીંબડી, ચોટીલા અને હળવદના ગૌરક્ષકોનો મહત્વનો સહયોગ રહ્યો હતો.

# માળીયા(મી): તમંચા સાથે સલીમ ઉર્ફે પલો જેડા ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા,**

મોરબી જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હાથ ધરાયેલી કામગીરી દરમિયાન માળીયા(મી) પોલીસે હોસ્પિટલ પાછળથી એક ઈસમને દેશી હાથબનાવટના તમંચા સાથે ઝડપી પાડ્યો છે. આ સાથે પોલીસે આરોપી પાસેથી હથિયાર કબજે કરીને હથિયારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ વિભાગ, મોરબી પોલીસ અધિક્ષક તેમજ નાયબ પોલીસ અધિક્ષક મોરબી વિભાગની સૂચના મુજબ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ગંભીર પ્રકારના બનાવો ન બને તે માટે પોલીસ દ્વારા જરૂરી તકેદારી અને અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તે અનુસંધાને માળીયા(મી) પોલીસ મથક પીઆઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી બાતમીના આધારે સરકારી હોસ્પિટલના પાછળના ભાગે આવેલા પાણીના ટાંકા પાસેથી આરોપી સલીમભાઈ ઉર્ફે પલો દિલાવરભાઈ જેડા રહે. હાકમશાપીરની દરગાહ પાસે માળીયા(મી) વાળા પાસેથી દેશી હાથબનાવટનો તમંચો (હથિયાર) કિ.રૂ.૨ હજાર કબજે કરવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે પકડાયેલ આરોપી સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# તાલુકા પંચાયતના પાંચ વર્ષ દરમિયાન સહયોગ આપનાર કર્મચારીઓનું બહુમાન

## ૩૫ વર્ષથી પટ્ટાવાળા તરીકે ફરજ બજાવતા દિલીપભાઈને એક્ટિવા ભેટ અપાઈ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકા પંચાયતની બોડીના પાંચ વર્ષ પૂર્ણ થતા આ અવસરે તાલુકા પંચાયત પ્રમુખ દ્વારા પાંચ વર્ષ દરમિયાન કામગીરીમાં સહયોગ આપનાર સદસ્યઓ, કર્મચારીવર્ગ અને વિવિધ રીતે યોગદાન આપનાર તમામ લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના વિકાસ અને કામગીરીમાં સહભાગી રહેલા તમામ લોકોને આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે મોરબી તાલુકા પંચાયત ખાતે ૩૫ વર્ષથી પણ વધુ સમયથી પટાવાળા તરીકે આઉટસોર્સમાં ફરજ બજાવતા દિલીપભાઈના લાંબા સમયના સેવાકાર્યને માન આપી તાલુકા પંચાયત પરિવાર, તલાટી મંત્રીઓ અને કોન્ટ્રાક્ટરો તરફથી તેમને એક એક્ટીવા મોપેડ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં મોરબી જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા, ટંકારા-પડધરી વિધાનસભાના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં પ્રમુખના પરિવારજનો અને સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દરેક વ્યક્તિ સાહેબ કહેવાને બદલે કાર્યકરની જેમ સંગઠન માટે કામ કરે: નવનિયુક્ત પ્રભારી સક્સેના

## જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે પરિચય બેઠક યોજાઈ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે મોરબી જીલ્લા ભાજપની પરિચય બેઠક યોજાઈ હતી. આ બેઠક જીલ્લા ભાજપના નવનિયુક્ત પ્રભારી ગજેન્દ્ર સક્સેનાની અધ્યક્ષતામાં યોજાઈ હતી, જેમાં ગુજરાત પ્રદેશ ભાજપના સહકોષાધ્યક્ષ મોહનભાઈ કુડારિયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. બેઠકમાં જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા, જીલ્લા ભાજપના મહામંત્રી નિર્મલભાઈ જારીયા, તપનભાઈ દવે, ચતુરભાઈ મકવાણા સહિત વિવિધ મોરચાના પ્રમુખો અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન સંગઠનાત્મક કામગીરી મજબૂત બનાવવા તેમજ આવનારા કાર્યક્રમોને લઈને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવનિયુક્ત જીલ્લા પ્રભારી ગજેન્દ્ર સક્સેનાએ ખાસ ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિ તેમને સાહેબ કહીને સંબોધન ન કરે, તેઓ પણ કાર્યકરોની જેમ જ સંગઠન માટે કામ કરે છે. તેમની આ સરળતા અને કાર્યકર ભાવનાને મોરબી જીલ્લા ભાજપની ટીમે બિરદાવી હતી.



# હળવદના કવાડિયા ગામે ઘરમાંથી દારૂની ૨૬ બોટલ ઝડપાઈ, પિતા-પુત્ર ફરાર

**અબતક, ઋષિ મહેતા**

હળવદ પોલીસ ટીમને બાતમી મળેલ કે, કવાડિયા ગામે વનરાજ શિહોરા અને કરણ શિહોરા બંને પિતા-પુત્ર સાથે મળીને પોતાના રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ કરે છે, જેથી તુરંત ઉપરોક્ત સ્થળે હળવદ પોલીસ ટીમ દ્વારા રેઈડ કરતા, ઘરમાંથી અલગ અલગ બ્રાન્ડની ૧૮૦મીલી.ની ૨૬ બોટલ કિ.રૂ.૨,૬૦૦/-મળી આવી હતી. રેઈડ દરમિયાન આરોપી વનરાજભાઈ શિહોરા તથા કરણભાઈ વનરાજભાઈ શિહોરા હાજર નહિ મળી આવતા બન્નેને ફરાર દર્શાવી તેમની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર ગાયત્રી શક્તિપીઠના સેવાયજ્ઞને વેગ આપવા ૨૯મીએ 'પ્રજ્ઞા પુરાણ' કથા

**અબતક, ઋષી મહેતા**

વાંકાનેર ગાયત્રી શક્તિપીઠમાં માનવ સેવા અને સામાજિક પ્રવૃત્તિઓનું ઉત્તમ ઉદાહરણ જોવા મળે છે. મોરબીના ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા ગાયત્રી ઉપાસક મણીભાઈ ગડારા વાંકાનેર ગાયત્રી શક્તિપીઠની મુલાકાતે આવેલા બહેનોનું આત્મીય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નરેન્દ્ર મોદી વિચાર મંચના મોરબી જીલ્લા પ્રમુખ ચાંદનીબેન એમ. મણીયાર, અને સત્સંગ મંડળના બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

વાંકાનેર ગાયત્રી શક્તિપીઠ ખાતે ઉપાસક અશ્વિનભાઈ રાવલ અને તેમની ટીમ દ્વારા અનેક પ્રકારની સેવાકીય તથા સામાજિક પ્રવૃત્તિઓ સતત ચલાવવામાં આવી રહી છે. જેમાં અન્નપૂર્ણા ટિફિન સેવા, તેમજ ગૌશાળાની સેવા જેવી માનવતાધારિત કામગીરીનો સમાવેશ થાય છે. આ સેવાકીય પ્રવૃત્તિઓ માટે સંસ્થાનો રોજનો ખર્ચ આવક કરતાં વધુ હોવાથી સંસ્થાને સહાયરૂપ થવા માટે આવનાર તા.૨૯/૦૩/૨૦૨૬ થી રાત્રિના સમયે પાંચ દિવસીય પ્રજ્ઞા પુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે.



આ કથાનું વક્તવ્ય પાયલબેન પટેલ દ્વારા કરવામાં આવશે, જે પોતાની ભાવમય અને પ્રેરણાદાયી શૈલીથી શ્રોતાઓને આધ્યાત્મિક રસપાન કરાવશે.

# શહેર ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે જાગૃતિબેન દસાડિયાની નિમણૂક

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લા ભાજપ દ્વારા વિવિધ મોરચાઓના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં મોરબી શહેર મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે જાગૃતિબેન રાજેશભાઈ દસાડિયાની પસંદગી કરવામાં આવતા તેમને ઠેર ઠેરથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.



મોરબી જીલ્લા ભાજપ દ્વારા જીલ્લા પ્રભારી સાથે પરામર્શ કરીને વિવિધ મોરચાઓના હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. ત્યારે જીલ્લા ભાજપ પ્રમુખ જયંતિભાઈ રાજકોટિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી આ નિમણૂકોમાં મોરબી શહેર મહિલા મોરચાના ઉપપ્રમુખ તરીકે જાગૃતિબેન રાજેશભાઈ દસાડિયાની પસંદગી કરવામાં આવી છે. જાગૃતિબેન દસાડિયાની નિમણૂક થતા ભાજપના કાર્યકરો અને શુભેચ્છકો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. પાર્ટી સંગઠનમાં તેઓ સક્રિય રહી મહિલા મોરચાને વધુ મજબૂત બનાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પ્રતિબંધિત વિસ્તારમાં ડ્રોન ઉડાડનાર લીયાકત હુસેન સામે કાર્યવાહી

## મયુર બ્રિજ પર ડ્રોનથી વીડિયો બનાવી ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કર્યો જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લામાં પ્રતિબંધિત વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા અંગે કડક નિયંત્રણ વચ્ચે મયુર બ્રિજ ઉપર ડ્રોન ઉડાડવાની ઘટના સામે આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમા એસઓજી ટીમ સોશિયલ મીડિયા સહિત વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પર નજર રાખી રહી હતી. તે દરમિયાન Badi Liyakathushen નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં મોરબીના મયુર બ્રિજનો ડ્રોન કેમેરાથી ઉતારેલો આશરે ૩૯ સેકન્ડનો એરિયલ વીડિયો તેમજ ફોટોગ્રાફ તા. ૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ અપલોડ કરવામાં આવ્યા હતા. આ વીડિયો અને ફોટો ડ્રોન દ્વારા બ્રિજ ઉપરથી લેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે જીલ્લા મેજિસ્ટ્રેટ મોરબી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ

વધુમાં પોલીસ તપાસમાં આ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટનો ઉપયોગ કરનાર વ્યકિત આરોપી લીયાકતહુશેન અબ્દુલરહિમ બાદી ઉવ.૩૫ રહે. કેરાળા ગામ તા.વાંકાનેર વાળાનું હોવાનું બહાર આવ્યું હતું. જેથી એસઓજી પોલીસે આરોપીને કચેરીએ બોલાવી પ્રાથમિક પૂછપરછ તથા સમજણ કરી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી અટકાયત કર્યા વગર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ટંકારાના ઘુનડા ગામે જમીન વિવાદમાં વૃધ્ધ પર ચાર ભત્રીજાનો હુમલો

**અબતક, ઋષિ મહેતા**

ટંકારા તાલુકાના ઘુનડા (સજનપર) ગામે અગાઉ થયેલ જમીન બાબતના જૂના વિવાદનો ખાર રાખી ચાર ભત્રીજાઓએ પોતાના ૭૦ વર્ષીય કાકાને માર માર્યાની ઘટના સામે આવી છે. જેમાં મહાકાળી માતાજીના મંદિરે શ્રીફળ વાધેરવા આવેલ કાકાને ચારેય ભત્રીજાઓએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબી-૨ સો ઓરડી રોડ પરશુરામ પોટરી વિસ્તારમાં રહેતા ધનજીભાઈ દેવજીભાઈ જાદવ ઉવ.૭૦ તા. ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ટંકારા તાલુકાના ઘુનડા (સજનપર) ગામે મહાકાળી માતાજીના મંદિરે શ્રીફળ ચઢાવવા ગયા હતા. તે દરમિયાન અગાઉ જમીન બાબતે થયેલી બોલાચાલીના કારણે ખાર રાખનાર તેમના ચાર ભત્રીજાઓ દેવજીભાઈ, હરેશભાઈ, રમેશભાઈ અને નરેશભાઈ માવજીભાઈ જાદવ તમામ રહે. ઘુનડા(સ) તા. ટંકારા વાળાએ મંદિર બહાર શેરીમાં તેમને રોકી 'તારે અહીં આવવાનું નથી' તેવી બોલાચાલી કરી હતી. ત્યારે ફરિયાદી દ્વારા કહેલ કે મંદિર સૌનું છે, તેમ કહેતા ચારેય આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી લાકડાના ધોકા વડે તેમજ ઢીકાપાટુનો માર મારી ધમકી આપી હતી. ત્યારે આ હુમલામાં વૃદ્ધને શરીરે ઈજાઓ પહોંચી હતી. ટંકારા પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેર: નવા ધમલ પર ગામે યુવકનો આપઘાત

## રંગપર ગામે વીજ શોકથી માસુમનું મોત

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લામાં વાંકાનેર, મોરબી તાલુકા અને હળવદ વિસ્તારમાં ત્રણ અલગ અલગ અપમૃત્યુના બનાવ નોંધાયા છે. જેમાં નવા ધમલપર ગામે યુવાને ઝેરી દવા પી લેતા મોત થયું, જ્યારે રંગપર પાસે વીજ શોર્ટ લાગતા ૭ વર્ષના બાળકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું તેમજ હળવદ નજીક ખેત શ્રમિક મહિલાનું કોઈ બીમાર સબબ સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી છે.

વાંકાનેર તાલુકાના નવા ધમલપર ગામે બન્યો હતો. જ્યાં ધરમશીભાઈ ભરતભાઈ અબાસાણીયા ઉવ.૩૨એ કોઈ કારણસર ઝેરી દવા પી લીધી હતી. બાદમાં તેમને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા, પરંતુ તેમનું મોત થયું હતું. આ અંગે વાંકાનેર સીટી પોલીસે અ.મોતની નોંધ દાખલ કરી છે. મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં બન્યો હતો. જ્યાં લવજી ઉર્ફે રવજી સવજીભાઈ વાજેલીયા ઉવ.૦૭ રહે.રંગપર ગામની સીમ સોમનાથ પેટ્રોલપંપ સામેના રસ્તે ઝુંપડામાં ગત ૦૧ માર્ચના રોજ ઈલેક્ટ્રિક પોલ પાસે વીજ શોર્ટ લાગતા ગંભીર ઈજા પહોંચી હતી. તેને સારવાર માટે રાજકોટની જનાના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તા. ૧૫ માર્ચે તેનું મોત થયું હતું. આ મામલે મોરબી તાલુકા પોલીસે અપમૃત્યુની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# રમજાન અંતિમ ચરણમાં: ૧૮મીએ ચંદ્ર દર્શન થાય તો ગુરૂવારે ઈદ

## ઈસ્લામના કેન્દ્રબિંદુ મક્કા મદીનામાં ચાંદ કમિટીને ચંદ્ર દર્શનની સાઉદી સરકારની હિમાયત... આજે ૨૭મુ રોજુ રાતભર મસ્જિદોમાં લાયલેતુંલકદર ''ક્ષમાયાચના'' સાથે હજારો બંદાઓએ કરી ઈબાદત

**અબ તક રાજકોટ**

ભારત સહિત વિશ્વભરમાં ઈસ્લામના પવિત્ર રમજાન મહિનો અંતિમ ચરણમાં ચાલી રહ્યો છે આજે ૨૭ માં હરણી રોજા ની પૂર્વ સંધ્યાએ ગઈકાલે લઈ લતુલકદ્ર ક્ષમાયાચના માટે દુનિયાભરની મસ્જિદોમાં બંદાઓ એ અલ્લાહ પાસે ગુના ની માફી તોબા સાથે ઈબાદત કરી હતી.

ઈસ્લામ ના કેન્દ્ર બિંદુ સાઉદી અરબ મક્કા મદીના સરકારે ૨૦૨૬ ની ઈદ માટે ચાંદ કમિટી ને ૧૮ માર્ચે હિજરી ૧૪૪૭ ના રમજાન પછીના સવાલ નો ચાંદ જોવા હિમાયત કરી છે,

આ વર્ષે વર્ષો પછી રમજાન મહિનાના ૩૦ રોજા પૂરા થવાની શક્યતા છે ૧૮/૩ ના ચંદ્ર દર્શન થાય તો સંભવિત ગુરૂવારે રમજાન ઈદની ઉજવણી થશે.

ભારતમાં દિલ્હી શાહી મસ્જિદ ના ઈમામના માર્ગદર્શન હેઠળ દેશભરના વિવિધ વિસ્તારોની ચાંદ કમિટી ના અભિપ્રાય બાદ ઈદ ની ઉજવણીની તારીખ નક્કી કરવાની પરંપરા આજે પણ અકબંધ છે, ઈસ્લામ ધર્મ ચંદ્ર આધારિત કેલેન્ડર પર ચાલતું હોય ચંદ્ર દર્શન બાદ મહિનાની શરૂઆત થાય છે રમજાન બાદ સવાલ મહિના ના ચંદ્ર દર્શન બાદ ઈદ ની ઉજવણી થાય છે દેશભરમાં ઈદની ઉજવણી સંભવિત ગુરુવારે થશે ગુજરાતમાં અમદાવાદ રાજકોટ ભાવનગર સુરત જુનાગઢ ધોરાજી ઉપલેટા માંગરોળ વેરાવળ ઉના કોડીનાર સહિત મુસ્લિમ સમાજની વિશેષ વસ્તી ધરાવતા શહેરોમાં સવારે ઈદની નમાજ અને સ્નેહમિલન સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે



### ઈદના ચાંદ જોનાર ગવાહનો મત લેવામાં આવે છે

રમજાન ઈદ ની ઉજવણી ચંદ્ર દર્શન ના આધારે થાય છે સ્થાનિક ધોરણે ૩૦થી ૫૦કિલોમીટરના વિસ્તારમાં ચંદ્ર દેખાય તો જ ઈદ ઉજવાય છે ચંદ્ર કમિટી અથવા તો ચંદ્ર જોનાર ને એક પરહેજગાર અને નમાજી વ્યક્તિ ની ગવાહી ની જરૂર પડે છે જો ગવાહ સાથે ચંદ્ર દર્શન ના અહેવાલ મળે તો જ ઈદની ઉજવણી કરવાની પરમપરા આજે પણ અકબંધ છે

### ઈદની તારીખ ચાંદ જોવા પર આધાર રાખે છે

રમજાન પછીના ઈસ્લામિક મહિનાશવ્વાલનો ચંદ્ર જોવાથી ઈ શવ્વાલનો પહેલો દિવસ નક્કી થાય અને ઈદ ઉલ ફિત્રની તારીખ નક્કી થાય છે. જો ૧૮ માર્ચે ચંદ્ર દેખાય છે, તો સાઉદી અરેબિયામાં ઈદ ૧૯ માર્ચ, ગુરુવારે ઉજવાશે

### રમજાન ઈદ-ઈદ ઉલ ફિત્ર એટલે ઉપવાસના પારણા કરવાનો તહેવાર

રમજાન ઈદનેઈદ ઉલ ફિત્ર, કહેવામાં આવે છે જેનો અર્થ રોજા છોડવા અથવા તો પારણા કરવાનો તહેવાર'' થાય છે રમજાન ઈદના દિવસે વિશ્વ કલ્યાણ માટે દુઆ અને ગરીબ જરૂરિયાત મંદોને દાન નું મહત્વ છે ઈદના દિવસે સમૂહ નમાજખૂતબા તે દિવસની શરૂઆત થાય છે ત્યારબાદ સમાજ મેલાવડા વડીલોને વંદન ભોજન જકાત અને ફિત્રા નું દાન કરી ગરીબ અનાથ બાળકોને મદદ કરવા ને પુણ્ય માનવામાં આવે છે

સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમા....

# ઝાલાવાડમાં ગુનેગારો સામે કડક હાથે કામગીરી કરવા નિર્લિપ્ત રાયની તાકીદ

## સુરેન્દ્રનગર એસ.પી. કચેરી ખાતે રેન્જ આઈજીએ કાયદો અને વ્યવસ્થાની કરી સમીક્ષા

**અબતક ઘનશ્યામ ભટ્ટી સુરેન્દ્રનગર,**

રાજકોટ રેન્જના નવનિયુક્ત આઈ.જી. નિર્લિપ્ત રાયે આજે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડાની કચેરીની મુલાકાત લઈ પોલીસ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. કચેરી ખાતે આગમન સમયે આઈ.જી. નિર્લિપ્ત રાયે શિસ્તબદ્ધ પરેડ દ્વારા સલામી ઝીલી હતી. આ પ્રસંગે સુરેન્દ્રનગર એસ.પી. પ્રેમસુખ ડેલુ સહિત ધ્રાંગધ્રા, લીંબડી અને ચોટીલા ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષકો (ડીવાયએસપી) દ્વારા તેમને મોમેન્ટો આપી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્વાગત વિધિ બાદ આઈ.જી. નિર્લિપ્ત રાયે જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને તમામ પોલીસ મથકોના પીઆઈ (પોલીસ ઈન્સ્પેક્ટર) સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં જિલ્લામાં બનેલા વિવિધ ગુનાઓ, તપાસ હેઠળના કેસો અને પોલીસની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. તેમણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા તેમજ ગુનેગારો પર કડક નજર રાખવા માટે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.વહીવટી અને સુરક્ષા સમીક્ષા બાદ રાજકોટ રેન્જ આઈજી દ્વારા જિલ્લા પોલીસ દ્વારા આયોજિત 'ડીજીપી કપ' અંતર્ગત ચેસ (શતરંજ) ટુર્નામેન્ટનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. તેમણે આ રમત સ્પર્ધામાં ભાગ લઈ રહેલા ખેલાડી પોલીસ જવાનોને શુભકામનાઓ પાઠવી રમતગમત દ્વારા શારીરિક અને માનસિક સ્વસ્થતા જાળવવા પ્રોત્સાહિત કર્યા હતા. આ મુલાકાતથી સુરેન્દ્રનગર પોલીસ બેડામાં નવી ઊર્જાનો સંચાર થયો છે.





ડીજીપી કપ' ચેસ ટુર્નામેન્ટનું ઉદ્દઘાટન કરી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો,એસ.પી. પ્રેમસુખ ડેલુ સહિતના ઉચ્ચ અધિકારી રહ્યા ઉપસ્થિત

# માવઠાની આગાહી ના પગલે જસદણ માર્કેટિંગ યાર્ડ ચાર દિવસ બંધ રહેશે

## જસદણ માર્કેટિંગ યાર્ડ માં ૧૮થી૨૧ સુધી ખેડૂતોને જણસી ન લાવવા અપીલ

**અબતક કાળુરાઠોડ જસદણ**

સૌરાષ્ટ્ર ગુજરાતમાં એકાએક આવેલા હવામાન ના પલટા ના પગલે કમોસમી વરસાદની આગાહીને લઈને જસદણ માર્કેટિંગ યાર્ડ ચાર દિવસ બંધ રાખવાનો નિર્ણય લેવામાંઆવ્યો છે.

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં સંભવિત રીતે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે, ત્યારે જસદણ માર્કેટિંગ યાર્ડમાં અત્યારે ઘઉં ધાણા સહિતની ખેત જણસીની બમ્પર આવક થઈ રહી છે, યાર્ડના તમામ વિભાગો લગભગ આવતી ખેતપેદાશોથી ચિક્કાર ભરાઈ રહ્યા છે ,તેવા સંજોગોમાં કમોસમી વરસાદ ,''માવઠા'' ની આગાહી ને લઈ માર્કેટિંગ યાર્ડ ના સંચાલકોએ માવઠાની સ્થિતિમાં ખેડૂતોની કીમતી જણસ પર નુકસાનીનું સંકટ ન આવે તે માટે વ્યવસ્થાના ભાગરૂપે તા, ૧૮ થી ૨૧ માર્ચ એટલે કે ચાર દિવસ સુધી માર્કેટિંગ યાર્ડ નું કામકાજ બંધ રાખી રજા ની જાહેરાત કરવામાં આવી છે,

જસદણ માર્કેટિંગ યાર્ડના સંચાલકોએ ખેડૂતોને બીજી જાહેરાત ન થાય ત્યાં સુધી અને ખાસ કરીને ૧૮થી ૨૧માર્ચ સુધી યાડમાં જણસી ન લાવવા જાહેરાત કરી છે ખેડૂતોનો માલ ન પલડે અને આર્થિક નુકસાન ન થાય તે માટે માર્કેટિંગ યાર્ડના સંચાલકોએ આ નિર્ણય લીધો છે.

# જેતપુર પાલિકાના સફાઈ સુપરવાઈઝરના બે વાહનોમાં કાંડી ચાંપી દેવાઈ

## ઘર બહાર પાર્ક કરેલા બંને વાહનો પર જ્વલનશીલ પદાર્થ છાંટી સળગાવી દેવાયા : ત્રણ શકમંદોની પૂછપરછ

**અબતક, રાજકોટ**

જેતપુર નગરપાલિકાના સફાઈ સુપરવાઈઝરના બે વાહનો પર જ્વલનશીલ પદાર્થ છાંટી કાંડી ચાંપી દેવાઈ હતી. ઘરની બહાર પાર્ક કરેલા વાહનો સળગાવી નાખવા મામલે જેતપુર સીટી પોલિસેં ગુનો નોંધી ત્રણ શકમંદોની પૂછપરછ શરૂ કરી છે.

બનાવ અંગે જેતપુરના કણકીયા પ્લોટમાં રહેતા અને નગરપાલિકામાં સફાઈ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા દિપકભાઈ નારણભાઈ ઝાલા(ઉવ ૪૫)એ જેતપુર સીટી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતુ કે, ગઈ તા.૧૩/૦૩/૨૦૨૬ ના રાત્રીના આશરે નવ વાગ્યાની આસપાસ હું જમીને સુઇ ગયેલ હતો. મારા પત્ની અને મારા બન્ને બાળકો ટી.વી. જોતા હતા. બાદ તા.૧૪/૦૩/૨૦૨૬ ના મોડી રાત્રીના ત્રણ વાગ્યે મને મારા દિકરા ગૌતમે જગાડીને કહેલ કે, આપણા ઘરની બહાર કંઈક સળગે છે. જેથી હું અને મારો દિકરો, મારા પત્ની, મારા કાકાનો દિકરો સંજય ઉર્ફે અપુ મોહનભાઈ ઝાલા ઘરની બહાર નીકળેલ હતા ત્યારે મારા ઘરની સામે પાર્ક કરેલ મારું હોન્ડા સાઈન કંપનીનુ મોટર સાઇકલ જેના આર.ટી.ઓ રજી. નં. જીજે-૧૦-ડીએફ- ૨૪૮૧ જે મેં મારા નાના ભાઈના પત્ની રુપલબેન કાન્તીભાઈના નામે વર્ષ ૨૦૧૯ માં રૂ.૭૨૧૧૯ લીધેલ હતુ તથા ટી.વી.એસ.કંપનીનું જુપીટર સ્કુટર જેના આર.ટી.ઓ.રજી.નં.જીજે-૦૩-એમજે-૫૫૦૩ જે મેં મારા દિકરા ગૌતમના નામે વર્ષ ૨૦૨૨ માં રૂ. ૮૫૮૦૧ માં લીધેલ હતું તે બન્ને વાહનો સળગતા હતા. જેથી મારો દિકરો અને મારા કાકાના દિકરાએ મારા ઘરેથી પાણીની ડોલ ભરીને બન્ને ટુ વ્હીલર પર નાખી આગ બુઝાવી હતી.

ફરિયાદીએ જણાવ્યું હતું કે, આગને પગલે દેકારો થતાં સ્થાનિકો એકત્રિત થઈ ગયેલ હતા. બાદ આગ બુઝાતા જયુપીટર સ્કુટરનો આગળનો સંપુર્ણ ભાગ તથા સીટ સળગી ગયેલ હતી જયારે હોન્ડા સાઈનનો આગળનો આખો મોરો તથા સીટ સળગી ગયેલ હતી. જેથી આશરે રૂ. ૮૦ હજારની નુકસાની થઈ હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતુ કે, મારા બન્ને ટુ વ્હીલરો ધ્રુવ સંજયભાઈ વાઘેલા, રાજ પ્રવિણભાઈ વાઘેલા, મનોજભાઈ ડાયાભાઈ વાઘેલાના નાના પુત્રએ સળગાવી નાખ્યાની મને શંકા છે કારણ કે, આશરે બે વર્ષ પહેલા અમારે પ્રવિણભાઈ ડાયાભાઈ વાઘેલા સાથે ઝઘડો થયેલ હોય તે બાબતનો ખાર રાખી મારા ટુ વ્હીલરો સગળાવ્યા હોય તેવી મને શંકા છે.

નગરપાલિકાના સફાઈ સુપરવાઈઝરના બે વાહનો પર જ્વલનશીલ પદાર્થ છાંટી સળગાવી નાખવા મામલે જેતપુર સીટી પોલિસ મથકના પીઆઈ એ ડી પરમાર અને પીએસઆઈ જે પી મલ્હોત્રાની ટીમે ત્રણેય શકમંદોની પૂછપરછ કરી છે.

# ધોરાજીના બાઈક ઉઠાવી જનાર તાલાળાની સાગર સાગઠીયા ઝડપાયો

## ધોરાજી સિટી પોલિસની કામગીરી : તસ્કરે સાગરીતો સાથે મળી જૂનાગઢમાં વાહન ચોરીને અંજામ આપ્યાની કબૂલાત

**અબતક, રાજકોટ**

ધોરાજીમાંથી વાહન ચોરી જનાર તસ્કરને પોલિસેં ગીર સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકાના વડલા ગામેથી ઝડપી ચોરાઉ વાહન કબ્જે કર્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય, જિલ્લા એસપી વિજયસિંહ ગુર્જર, મદદનીશ પોલીસ અધિક્ષક સીમરન ભારદ્વાજ, દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં મિલકત સંબંધી ગુનાઓ તેમજ વાહન ચોરી ના ગુનાઓ કંટ્રોલ કરવા તેમજ અનડિટેક્ટ ગુનાઓ નું ડિટેકશન કરવા આદેશ કર્યા હતા. જેના પગલે ધોરાજી પોલીસ મથકના પીઆઈ કે એસ ગરચર ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ.બી બલદાણીયા અને ટેકનિકલ સોર્સની મદદથી વાહન ચોરી ના બનાવો સંદર્ભે ૭૦ જેટલા સીસીટીવી કેમેરા ના ફૂટેજ ચેક કર્યા હતા તે દરમિયાન વાસુદેવસિંહ જાડેજા અને રાજુભાઈ ને મળેલ બાતમીના આધારે વાહન ચોરી ના ગુનાનો આરોપી ગીર સોમનાથ જિલ્લાના તાલાળા પંથકમાં આવેલા વાડલા ગામે હોવાની હકીકત મળી હતી. જે બાતમીના આધારે ધોરાજી સીટી પોલીસ મથકની ટીમે તાલાળા ના વાડલા ગામે થી આરોપી સાગર મનસુખભાઈ સાગઠીયા ઉમર ૧૯ વાળા ને ચોરીનું બાઈક કિંમત રૂપિયા ૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો ઝડપાયેલા શખ્સ ની પૂછપરછ માં અન્ય સાગરીત સાથે મળી ગત તારીખ ૯ ૩ ૨૬ ના રોજ જુનાગઢ મજેવડી ગેટ નજીકથી બાઈક ચોરી કર્યાની કબુલાત આપી હતી આ ઉપરાંત ઝડપાયેલા સાગર સાગઠીયા સામે અગાઉ જેતપુર પોલીસ મથકમાં પણ ગુનો નોંધાયાનું સામે આવતા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

આ અંગેની કામગીરીમાં પીઆઈ કે એસ ગરચર હેડ કોસ્ટેબલ મિલનભાઈ કાનગઢ, મિલનભાઈ દવેરા, મીરાબેન ડાંગર,રાજુભાઈ ભોર દરિયા બળદેવભાઈ છેલાણા, હર્ષદભાઈ સોઢા, સહિતની ટીમ જોડાઈ હતી.

# પાંચ ખોવાયેલી સાઈકલ શોધી મૂળ માલિકને સોંપતી જેતપુર પોલીસ

## નવાગઢ રેલવે સ્ટેશન પરથી ગુમ થયેલ પર્સ શોધી મહિલાને પરત અપાયું

**અબતક, રાજકોટ**

જેતપુર સીટી પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ જેતપુરમાં ખોવાયેલ કે ચોરી થયેલ પાંચ સાયકલ તેમજ જેતપુરના નવાગઢ રેલવે સ્ટેશન પર મહિલાનું ખોવાયેલ પર સીસીટીવી ફૂટેજના આધારે શોધી પરત કર્યું હતું.

રાજકોટ રેન્જના આઈજી નિર્લિપ્ત રાય, એસપી વિજયસિંહ ગુર્જર,જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.ડી. પરમારે લોકોની ગુમ થયેલી કે ચોરી થયેલી વસ્તુઓ શોધી મૂળ માલિકોને પરત કરવા સૂચના આપી હોય જે અંતર્ગત જેતપુર વિસ્તારમાંથી ગુમ થયેલી કે ચોરી થયેલી સાઇકલોની ફરિયાદો મળતા પોલીસે સીસીટીવી કેમેરાના આધારે તેમજ ટેકનિકલ અને હ્યુમન રિસોર્સીસના માધ્યમથી આરોપીઓને ઓળખ કરી સાયકલો પરત મેળવી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ તેરા તુજકો કાર્યક્રમ હેઠળ રૂ.૧૦ હજારની કિંમતની પાંચ સાયકલ મૂળ માલિકોની ખરાઈ કર્યા બાદ પરત આપી હતી.આ કામગીરીમાં પી.આઈ.એ.ડી. પરમાર, એ.એસ.આઈ. મિલનસિંહ ડોડીયા, હેડ કોન્સ્ટેબલ સાગરભાઈ મકવાણા, પોલીસ કોન્સ્ટેબલ અમિતભાઈ સિધ્ધપરા, લખુભા રાઠોડ, ભગીરથસિંહ જાડેજા, પ્રદીપભાઈ આગરીયા જોડાયા હતા.



ગઈકાલ બપોરના સમયે જેતપુર નવાગઢ રેલવે સ્ટેશન પર એક મહિલાનું રૂ.૩૨૦૦ની રોકડ ભરેલું પર્સ ગુમ થઈ જતા મહિલાએ જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. પોલીસે બનાવવાળી જગ્યાની આસપાસ ગોઠવેલ સીસીટીવી કેમેરાના ફૂટેજ તેમજ ટેકનિકલ અને હ્યુમન રિસોર્સર્સના માધ્યમથી એક શખસની ઓળખ કરી તેની પૂછપરછ કરતા પોતાને આ પર્સ નવાગઢ રેલવે સ્ટેશન પાસેથી મળ્યું હોવાની કબુલાત આપી હતી. પોલીસે પર્સનો કબજો મેળવી મહિલાને પર્સ પરત સોપ્યું હતું.

# આડેસર ચેક પોસ્ટ ખાતેથી ટ્રકમાં ચોખાની આડમાંથી રૂ.૭૮.૯૬ લાખનો શરાબ પકડાયો

## રૂ.૧.૧૧ કરોડનો મુદામાલ કબ્જે, બેની ધરપકડઃ ચારની શોધખોળ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છની આડેસર પોલીસ ચેક પોસ્ટ પર પી.આઈ. વી.એ. સેંગલની ટીમે વાહન ચેકિંગ દરમિયાન હરિયાણા પાસિંગની ટ્રક રોકાવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાં ભરેલા ૬૨૨ ચોખાના કટ્ટાની નીચે છુપાવેલી વિદેશી દારૂની ૪,૬૩૨ બોટલો અને ૭,૬૮૦ ક્વાર્ટરિયા મળી આવ્યા હતા, જેની કિંમત રૂ.૭૮,૯૬,૦૦૦ થાય છે. પોલીસે હરિયાણાના નુરદિન મગતુ કુમ અને ભગવાન ઉદેસીંગ ચમારની ધરપકડ કરી છે. આ જથ્થો હરિયાણાના યોગેશ સત્યવીરસિંગ, રવિ જાટ અને વિક્રાંત ઈશ્વરસિંગ દ્વારા મોકલવામાં આવ્યો હતો, જે ભુજના નવઘણ રાજગોર તથા ગોપાલસિંહ વાઘેલા, કેરાના અનોપસિંહ રાઠોડ અને આદિપુરના દેવા કાપડીને પહોંચાડવાનો હતો. પોલીસે દારૂ, ટ્રક અને ચોખા મળી કુલ રૂ.૧.૧૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.આ કામગીરી પોલીસ ઈન્સપેક્ટર વી.એ.સેંગલ તથા પો.હેડ.કોન્સ.અણદાભાઈ જેહુરભાઈ, ગાંડાભાઈ અણદાભાઈ,ભરતજી વદનજી, શિરીષભાઈ ઈશ્વરભાઈ તથા પો.કોન્સ. રાજાભાઈ રામાભાઈ, મહેન્દ્રસિંહ ગણપતસિંહ,મુકેશજી તરસંગજી, ઈશ્વરભાઈ અમરાભાઈ તથા જી.આર.ડી સભ્યો દ્વારા કરવામાં આવેલ છે.



સૌરાષ્ટ્ર સહિત દેશભરમાં ચકચાર મચાવનાર

# ઉના કાંડમાં પાંચ શખ્સો તકસીરવાન ઠેરવતી અદાલત

## વર્ષ-૨૦૧૬માં સમઢીયાળા ગામે મૃત પશુની ખાલ ઉતારતા પરિવારને ગૌ રક્ષકોએ ગાડી પાછળ બાંધી જાહેરમાં ઢોર મારમાર્યો'તો

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

સૌરાષ્ટ્ર સહિત દેશભરમાં ચકચાર મચાવનાર ઉનાના સમઢીયાળા કાંડનો કેસ વેરાવળની સ્પે.એટ્રોસીટી અદાલતમાં ચાલી જતા પાંચ શખ્સોને તકસીરવાન ઠેરવ્યા છે. જ્યારે ૩૫ શખ્સોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે. સજાનો હુકમ બંને પક્ષની દલીલ સાંભળ્યા બાદ સંભળાવવામાં આવશે.

ગીર સોમનાથ જિલ્લાના ઉનાના સમઢિયાળાના વર્ષ ૨૦૧૬ના દેશભરમાં ચકચારી કાંડનો કેસ વેરાવળની સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટના જજ પંડ્યાની કોર્ટમા ચાલી જતાં મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. વિગતો મુજબ તા.૧૧/૭/૨૦૧૬ ના સમઢીયાળા ગામે મરેલ ઢોરની ખાલ ઉતારતા પરીવારને ગૌ રક્ષકોએ માર મારેલો અને કારમાં લઈ જઈ ચાર જણાને ગાડી પાછળ બાંધી જાહેરમા મારતા મારતા સરઘસ રૂપે ફેરવી ઢોર મારતા લઈ ગયા હતા. આ સંબંધે પોલીસ ફરીયાદ ઉના પો.સ્ટે.માં નોંધાઈ હતી. જે ગુનાની પ્રથમ ઉના પોલીસ અને ત્યારબાદ તપાસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર દ્વારા કરી કુલ ૪૧ જેટલા આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. બાદ તપાશ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ દાખલ કરાયેલી હતી. જે દરમિયાન એક પોલીસ અધિકારીનુ અવશાન થયેલ હતુ. ત્યારબાદ ૪૦ આરોપીઓ સામે આ કેસ વેરાવળના બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં ચાલેલ હતો. જેમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. છુટા થતાં ડી.જી.પી.ગીર સોમનાથનાને કેસ ચલાવવા કાયદા વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત હેઠળ સાહેદોને લાવવામાં આવ્યા હતા. આ કેસમાં સરકાર પક્ષે ડી.જી.પી. કેતનસિંહ વાળાએ આશરે ૨૪૦ જેટલા સાહેદોને તપાસેલ અને લેખીત તથા મૌખિક દલીલો કરી વકીલોની લાંબી દલીલો બાદ ગુન્હો સાબીત થતાં વેરાવળના સ્પે. એટ્રોસીટી કોર્ટના જજ જે.જે.પંડ્યાએ ઈ.પી.કો. કલમ ૩૨૩,૩૨૪,૩૪૨, ૫૦૪ તેમજ એટ્રોસીટી એક્ટની કલમ અન્વયે ૪૧ આરોપી પૈકી રમેશ ભગવાન જાદવ, રાકેશ રસીક જોશી, નાગજી ડાયા વાણીયા, પ્રમોદગીરી રમેશગીરી ગૌસ્વામી અને બળવંતગીરી ગૌસ્વામીને તકસીરવાન ઠેરવ્યા હતા. ૩૫ આરોપીને કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. જયારે તકસીરવાન ઠેરવેલા પાંચ શખ્સોની સજા અંગે બન્ને પક્ષે દલીલો સાંભળ્યા પછી સજાનો હુકમો કરવામાં આવશે.



૩૫ શખ્સોનો નિર્દોષ છૂટકારોઃ બંને પક્ષની દલીલો બાદ સજાનું એલાન

# પડધરીમાં નજીવી બાબતે હોટલ સંચાલક પર હુમલો

## કાર સાઈડમાં લેવાનું કહેતા ત્રણ શખ્સોએ માથામાં કડુ માર્યું

**અબતક, રાજકોટ**

પડધરીમાં રહેતા હોટલ સંચાલક તેની કાર લઈને પોતાના ઘરે જતા હતા ત્યારે વેરાઈટી ગોલા ની દુકાન પાસે રસ્તામાં અડચણ રૂપે કાર પડી હોય જેથી કાર સાઈડમાં લેવાનું કહેતા ત્રણ શખ્સોએ હોટેલ માલિક સાથે માથાકૂટ કરી માથામાં કડુ માર્યાનો બનાવ પડધરી પોલીસ મથકમાં નોંધાયો છે.સામાન્ય અને નજીવી બાબતોમાં મારામારી અને હુમલા ના બનાવો વધી રહ્યા છે ત્યારે, પડધરીમાં રહેતા ભારત હોટલના માલિક દોલતભાઈ ઉર્ફે ડોલુભાઈ ડોડીયા ગત રાત્રે પોતાના ઘરે જતા હતા ત્યારે વેરાઈટી ગોલાણી દુકાન પાસે રસ્તામાં કાર આડી ઊભી હતી. જેથી કાર સાઈડમાં રાખવાનું કહેતા, યશપાલ ડોડીયા, કમલેશ ડોડીયા અને આશિષ ડોડીયા નામના શખ્સોએ ડોલું ભાઈ સાથે માથાકૂટ કરી માથામાં કડુ મારી દેતા માથામાં ત્રણ ટાંકા આવ્યા હતા. ડોલુભાઈ પડધરી પોલીસેને જાણ કરતા પોલીસે ત્રણે શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી જરૂરી કર્યા વહી હાથ ધરી છે. આ કેશની વિશેષ તપાસ પડધરી પોલીસ મથકના વકારભાઈ ચલાવી રહ્યા છે.

(પહેલા પાનાનું ચાલુ)

**યુધ્ધ...**

બંધ થઈ જવાથી વિશ્વના ૨૦ ટકા તેલ પુરવઠાને અસર થઈ છે, જેના કારણે બ્રેન્ટ ક્રૂડના ભાવ પ્રતિ બેરલ ૧૦૪.૫૦ ડોલરને પાર કરી ગયા છે. અમેરિકામાં પેટ્રોલના ભાવ વધવાને કારણે ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટી માટે ચૂંટણી જીતવી પડકારજનક બની શકે છે.

ટ્રમ્પે ચીન, બ્રિટન અને ફ્રાન્સ જેવા દેશોને આ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ ખુલ્લો કરાવવા માટે મદદની અપીલ કરી છે. તેમણે ચેતવણી આપી છે કે જો નાટોના સભ્યો મદદ માટે આગળ નહીં આવે, તો તેમનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. જોકે, જર્મની જેવા સહયોગી દેશોએ આ યુદ્ધમાં જોડાવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. જાપાન અને ઓસ્ટ્રેલિયાએ પણ તેમની નૌકાસેના મોકલવા બાબતે અસમંતિ દર્શાવી છે.

**ચીની ભાગીદારી...**

ડીપીઆઈઆઈટી ના નોટિફિકેશન મુજબ, પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૨(૧)(એફએ) હેઠળ 'બેનિફિશિયલ ઓનર' ની વ્યાખ્યા કરવામાં આવી છે, જેમાં ૧૦ ટકાથી વધુ શેર, મૂડી અથવા નફામાં હિસ્સો ધરાવતા માલિકોનો સમાવેશ થાય છે. નવા સુધારેલા નિયમોમાં એમ પણ જણાવાયું છે કે, જે કંપનીઓ પાસે સરહદી દેશોના નાગરિકો કે કંપનીઓ સાથે સીધો કે આડકતરો માલિકી હક છે અને તેમને રોકાણ માટે પૂર્વ મંજૂરીની જરૂર નથી, તેમણે પણ ડીપીઆઈઆઈટી દ્વારા નક્કી કરાયેલ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર હેઠળ વધારાની રિપોર્ટિંગ પ્રક્રિયાનું પાલન કરવું પડશે.

કેન્દ્રીય કેબિનેટ દ્વારા ગયા સપ્તાહે જ આ નિયમો હળવા કરવાના નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી. આ અગાઉના કડક નિયમોને કારણે ગ્લોબલ પ્રાઈવેટ ઈક્વિટી અને વેન્ચર કેપિટલ ફંડ્સ કે જેમાં ચીન અથવા હોંગકોંગનું મામૂલી શેરહોલ્ડિંગ હતું, તેમના રોકાણ પ્રવાહ પર માઠી અસર પડી રહી હતી. હવે, ડીપીઆઈઆઈટી એ સંકેત આપ્યો છે કે ચોક્કસ ક્ષેત્રોમાં આ દેશોમાંથી આવતી એફડીઆઈ દરખાસ્તો પર ઝડપી મંજૂરી પ્રક્રિયા હેઠળ ૬૦ દિવસની સમયમર્યાદામાં વિચારણા કરવામાં આવશે.

ભારત સાથે જમીન સરહદ ધરાવતા દેશોમાં ચીન, બાંગ્લાદેશ, પાકિસ્તાન, ભૂતાન, નેપાળ, મ્યાનમાર અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે, ભારતમાં થતા એફડીઆઈ ઈક્વિટી પ્રવાહમાં ચીન હાલમાં ૨૩મા ક્રમે છે. એપ્રિલ ૨૦૦૦ થી ડિસેમ્બર ૨૦૨૫ સુધીના આંકડાઓ મુજબ ચીનનો હિસ્સો માત્ર ૦.૩૨ ટકા એટલે કે ૨.૫૧ અબજ યુએસ ડોલર રહ્યો છે.

**ખાતરના ભાવ...**

મીરચંદાનીએ જણાવ્યું હતું કે, સ્પેશિયાલિટી ન્યુટ્રિઅન્ટ સેક્ટરની કંપનીઓ સાવચેતીપૂર્વક ઈન્વેન્ટરી બનાવી રહી છે અને કાચા માલનો પુરવઠો સુરક્ષિત કરી રહી છે.

રાહુલ મીરચંદાનીના જણાવ્યા અનુસાર, વધતા જતા સંઘર્ષને કારણે ઉભી થયેલી સપ્લાય કટોકટીના પગલે માઈક્રોન્યુટ્રિઅન્ટ્સ અને સ્પેશિયાલિટી ખાતરો જેવા વૈકલ્પિક પોષક તત્વોની પૂછપરછમાં નોંધપાત્ર વધારો થયો છે, જોકે ખેડૂત સ્તરે માંગ યથાવત છે. બીજી તરફ સોલ્યુબલ ફર્ટિલાઈઝર ઈન્ડસ્ટ્રી એસોસિએશનના પ્રમુખ રાજીબ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, આયાત ખોરવાઈ જવાને કારણે અમુક સ્પેશિયાલિટી ખાતરો અને પેકેજિંગ મટિરિયલ્સની ઉપલબ્ધતા તેમજ ભાવ પર પણ માઠી અસર પડી રહી છે.

આયાતી સ્પેશિયાલિટી ખાતરો જેવા કે મોનો-એમોનિયમ ફોસ્ફેટ, મોનો-પોટેશિયમ ફોસ્ફેટ, પીઓએન, એસઓપી, કેલ્શિયમ નાઈટ્રેટ અને અન્ય પાણીમાં દ્રાવ્ય પોષક તત્વોના ભાવમાં ૨૦ ટકા જેટલો ઉછાળો આવ્યો છે. જેને પગલે સ્થાનિક ઉત્પાદકોએ પણ આ ખાતરોનું ઉત્પાદન વધાર્યું છે. રાજીબ ચક્રવર્તીએ ઉમેર્યું હતું કે ખેડૂતો પણ હવે વધુ સસ્તા એનપીકે સંયોજનો તરફ વળી રહ્યા છે. ભૂતકાળમાં પણ કટોકટીએ 'મેક ઈન ઈન્ડિયા' તરફનો ઝોક વધાર્યો હતો અને વર્તમાન સ્થિતિ ફરી એકવાર સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવી શકે છે.

બજારની વર્તમાન પરિસ્થિતિને જોતા, યુરિયા અને ડીએપી જેવા પરંપરાગત ખાતરોમાં ભાવની અસ્થિરતા અથવા પુરવઠામાં વિક્ષેપ સામે રક્ષણ મેળવવા માટે આ પ્રોડક્ટ્સના ડીલરો અને વિતરકો પણ મોટા પ્રમાણમાં સ્ટોક કરવાના વિકલ્પો શોધી રહ્યા છે. જેથી કરીને આગામી વાવણીની સિઝનમાં ખેડૂતોને પડનારી મુશ્કેલીઓને નિવારી શકાય.

**સસ્તા ડાયમંડવાળા ચાંદીના દાગીના...**

પાસેથી ખાસ મંજૂરી અથવા લાયસન્સ લેવું ફરજિયાત બનશે.

ઉદ્યોગ જગતના નિષ્ણાતોના મતે, સરકારના આ પગલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય આસિયાન દેશોમાંથી મોટા પાયે થઈ રહેલી ચાંદીની આયાતને કાબૂમાં લેવાનો છે. એવું માનવામાં આવે છે કે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કે અન્ય નીતિઓનો લાભ લેવા માટે સસ્તા હીરા જડેલા દાગીનાની આડમાં મોટા પ્રમાણમાં ચાંદી ભારતમાં ઘૂસાડવામાં આવી રહી હતી, જેને રોકવા માટે આ કડક પગલું લેવાયું છે.

આયાત નીતિમાં કરાયેલા આ ફેરફારથી સ્થાનિક જ્વેલરી ઉત્પાદકોને મોટી રાહત મળવાની આશા છે. આ પ્રકારના નિયંત્રણોથી ન માત્ર આયાત નીતિઓના થતા દુરુપયોગને અટકાવી શકાશે, પરંતુ વેપાર ખાધને નિયંત્રિત કરવામાં પણ મદદ મળશે. વધુમાં, ભારતીય બજારમાં આવતા વિદેશી દાગીનાની ગુણવત્તા અને તેની વાસ્તવિક આયાત પ્રક્રિયા પર પણ સરકાર યોગ્ય રીતે નજર રાખી શકશે.

હાલ પૂરતો આ નિર્ણય કામચલાઉ છે અને ૩૦ જૂન, ૨૦૨૬ સુધી જ લાગુ રહેશે. આગામી મહિનાઓમાં સરકાર અને ડીજીએફટી દ્વારા આ નિયંત્રણોની સ્થાનિક બજાર અને આંતરરાષ્ટ્રીય વેપાર પર પડતી અસરોની સમીક્ષા કરવામાં આવશે. ત્યારબાદ જ, આ નિયંત્રણો આગળ વધારવા કે તેમાં છૂટછાટ આપવી તે અંગેનો નિર્ણય નિર્ધારિત તારીખ પછી લેવામાં આવશે.

**ક્રોસ વોટિંગ રાજ્યસભા...**

એનડીએના તમામ પાંચ ઉમેદવારોએ વિજય મેળવ્યો છે.

ઓડિશામાં ક્રોસ વોટિંગ વચ્ચે ભાજપની ત્રણ બેઠક પર જીત ઓડિશામાં ભાજપે ચારમાંથી ત્રણ બેઠકો જીતી છે. ૨૬ ઉમેદવારો રાજ્યસભાના સભ્યો બિનહરીફ તરીકે ચૂંટાયા નોંધનીય છે.જે નેતાઓ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા તેમાં શરદ પવાર, રામદાસ આઠવલે, એમ. થમ્બીદુરાઈ અને અભિષેક સિંઘવી જેવા દિગ્ગજ નેતાઓનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર (૭), પશ્ચિમ બંગાળ (૫), તેલંગાણા (૨) અને તમિલનાડુ (૬) ની તમામ બેઠકો બિનહરીફ નક્કી થઈ હતી. બિહારમાં સંપૂર્ણ વિજય અને ઓડિશામાં મળેલી સફળતા સાથે, ભાજપ આ ચૂંટણી ચક્ર પછી રાજ્યસભામાં સૌથી વધુ બેઠકો ધરાવતા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે.

**કાબુલ હોસ્પિટલ વિસ્ફોટ...**

છે કે હુમલા અત્યંત સચોટ હતા અને માત્ર સૈન્ય ઠેકાણાઓ તથા 'આતંકવાદી' ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જ નિશાન બનાવવામાં આવ્યા હતા, કોઈ પણ એવી જગ્યાને ટાર્ગેટ કરવામાં આવી નથી જ્યાં સામાન્ય લોકો રહેતા હોય.

નોંધનીય છે કે પાકિસ્તાન એવો આરોપ લગાવતું રહ્યું છે કે અફઘાનિસ્તાનમાં હાજર અલગ-અલગ ઉગ્રવાદી સંગઠનો તેના દેશમાં હુમલા કરે છે. બીજી બાજુ, તાલિબાન સરકાર આ આરોપોનો ઈનકાર કરતી આવી છે. જે બાદ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે દરરોજ સૈન્ય સંઘર્ષ થઈ રહ્યો છે. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે અફઘાનિસ્તાનને આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા આગ્રહ કર્યો છે જેથી વિસ્તારમાં સ્થિરતા જળવાઈ રહે. ફેબ્રુઆરીના અંતથી બંને દેશો વચ્ચે હુમલા તેજ થયા છે અને આ અથડામણ હવે ત્રીજા સપ્તાહમાં પ્રવેશી ચૂકી છે.

**વાતાવરણમાં ફરી પલ્ટો...**

ગગડીને ૪૦ ડિગ્રીને નીચે આવી જતા હાલ કોઈ શહેરમાં હીટવેવની શક્યતા નથી.આજે સવારે રાજકોટ સહિતના અનેક જિલ્લાઓમાં ઝાકળવર્ષા જોવા મળી હતી.

રાજ્યમાં સર્જાયેલી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. જેથી છેલ્લા કેટલાક દિવસોમાં તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો છે. જો કે હજુ પણ સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેમજ અમદાવાદમાં તાપમાન ૩૭ ડિગ્રીએ તેવી હવામાન વિભાગે શક્યતા વ્યક્ત કરી છે. તેમજ આગામી ૭ દિવસ સુધી હિટવેવની કોઈપણ પ્રકારની શક્યતા નથી.

૧૮ માર્ચના કચ્છ, દ્વારકા, મોરબી, જામનગર, બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠામાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૧૯ માર્ચના રાજકોટ, ભાવનગર, અમરેલી, ભરૂચ, વડોદરા, નર્મદા, સુરત, તાપીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૦ માર્ચના ગીર સોમનાથ, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

**૪૨ વર્ષ જૂની પીએલઆઈ**

જેનાથી કોર્ટનું ભારણ વધુ વધ્યું છે. જોકે, છેલ્લા પાંચ વર્ષમાં સુપ્રીમ કોર્ટે ૧,૮૭૨ પીઆઈએલનો નિકાલ કર્યો છે, પરંતુ બેકલોગ ક્લિયર કરવા માટે આ આંકડો પૂરતો નથી.

કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે ગયા સપ્તાહે લોકસભામાં માહિતી આપી હતી કે ૧૦ માર્ચ સુધીમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ કુલ ૩,૫૨૫ પીઆઈએલ પેન્ડિંગ છે. ૨૦૧૪ પછી દાખલ થયેલી અને પેન્ડિંગ હોય તેવી પીઆઈએલમાં સૌથી વધુ વર્ષ ૨૦૨૫માં ૫૭૦, ત્યારબાદ ૨૦૧૯માં ૩૪૭, ૨૦૨૦માં ૩૦૬ અને ૨૦૨૬માં ૨૯૩ અરજીઓનો સમાવેશ થાય છે.

પીઆઈએલના નિકાલ માટે લેવામાં આવતો સરેરાશ સમય હજુ જાણી શકાયો નથી.

સુપ્રીમ કોર્ટમાં સૌથી જૂની પેન્ડિંગ પીઆઈએલ ૧૯૮૪માં દાખલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૯૮૫થી અન્ય બે અરજીઓ પેન્ડિંગ છે, આ ત્રણેય અરજીઓ એમ.સી. મહેતા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાની છે, જેમાં બે પર્યાવરણીય કાયદાઓ અને એક હાઉસિંગ સંબંધિત કાયદાની છે. કોર્ટની તિરસ્કાર સંબંધિત બે પીઆઈએલ - મોહમ્મદ હાશિમ વિરુદ્ધ કલ્યાણ સિંહ અને અસલમ ઉર્ફે ભુરે વિરુદ્ધ એસ.બી. ચૌહાણ - અનુક્રમે ૧૯૯૫ અને ૧૯૯૬થી પેન્ડિંગ છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, ઘણા અરજદારો કે જેમણે આ પીઆઈએલ દાખલ કરી હતી, તેઓ ન્યાય મળે તે પહેલા જ મૃત્યુ પામ્યા છે. દાખલા તરીકે, મોહમ્મદ હાશિમ, ૧૯૯૭ની પીઆઈએલના હરધન રોય, ૨૦૦૫ની પીઆઈએલના ઓ. ફર્નાન્ડિસ અને ૨૦૧૦ની પીઆઈએલમાં બી.જી. દેશમુખનું નિધન થઈ ચૂક્યું છે. આ પેન્ડિંગ અરજીઓમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ, ફોરેસ્ટ ઓફિસર, બિહાર પોલીસ એસોસિએશન, સુબ્રમણ્યમ સ્વામી, મેધા પાટકર, ફાર્માસ્યુટિકલ કંપનીઓ અને બિલ્ડરો જેવી વિવિધ વ્યક્તિઓ અને સંસ્થાઓનો સમાવેશ થાય છે.

(ચોથા પાનાનું ચાલુ)

**રાજકોટ નાગરિક બેંક...**

રાજકોટ નાગરિક સહકારી બેંક આપણી બેંક છે. બેંક થકી વિકાસમાં વધુ વેગ મળશે.'

બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે, 'બેંકની ૪૦મી શાપર શાખા આજરોજ વિધિવત શુભારંભ થઈ રહી છે. આપણે ઘણા બધા પાસેથી અવાર-નવાર સાંભળીએ છીએ કે અમને વ્યવસાયમાં મોટા કરનાર રાજકોટ નાગરિક સહકારી બેંક છે. સહુની સફળતાની ગાથા સાથે બેંકનો સેતુ રચાયેલો છે. ઉદ્યોગ જગત અને બેંક એકબીજાનું પુરક છે. આપણી બેંક ખાતેદારોની સુવિધાને અગ્રસ્થાને રાખી જરૂરિયાત મુજબનાં ફેરફારો કરતી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સુત્ર છે કે 'એક હૈ તો સેફ હૈ'. આપણે સહુ એકબીજાને સહારે આગળ વધીએ અને આભને આંબતી પ્રગતિ કરીએ. ફરીથી સહુને શુભેચ્છા.'

બેંકની શાપર શાખાના પ્રભારી ડિરેક્ટર કલ્પેશભાઈ ગજ્જરે શબ્દોથી સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, 'શાપરમાં મલ્ટીસ્ટેટ શેડ્યુલ્ડ બેંક રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.નું સ્વાગત છે. નાના માણસની મોટી બેંક તરીકે ઓળખાતી બેંકે અનેક નાના માણસને વાસ્તવમાં મોટા બનાવ્યા છે.'

ઉદ્‌ઘાટન સમારોહમાં શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામી (મુખ્ય સંચાલક-સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાપીઠ, રિબડા), રમેશભાઈ ટિલાળા (ધારાસભ્ય-રાજકોટ), રસિકભાઈ સુરેજા (એમ.ડી. એટલાન્ટિસ એગ્રીટેક પ્રા. લિ.), ધીરૂભાઈ દુધાત (એમ.ડી., ડી. એન. કાસ્ટેક પ્રા. લિ.), જયેશભાઈ કાકડીયા (પ્રમુખ-શાપર ગ્રામ પંચાયત) તેમજ બેંક પરિવારમાંથી દિનેશભાઈ પાઠક (ચેરમેન), જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી કલ્પેશભાઈ ગજ્જર (પ્રભારી ડિરેક્ટર), કીર્તિદાબેન જાદવ, અશોકભાઈ ગાંધી, જ્યોતિબેન ભટ્ટ, વિક્રમસિંહ પરમાર, ડો.એન. જે. મેઘાણી, ભૌમિકભાઈ શાહ, ચિરાગભાઈ રાજકોટીયા, બ્રિજેશભાઈ મલકાણ, હસમુખભાઈ ચંદારાણા, શૈલેષભાઈ મકવાણા (કો-ઓપ્ટ ડિરેક્ટર), જ્યોતીન્દ્રભાઈ મહેતા (ચેરમેન-એનયુસીએફડીસી (અંબ્રેલા)), નલીનભાઈ વસા (સહકાર ભારતી-ગુજરાત પ્રદેશ), બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી હંસરાજભાઈ ગજેરા (સદસ્ય), વિજયભાઈ કોઠારી (સદસ્ય), વિનોદભાઈ લાઠીયા (સદસ્ય), શાપર શાખા વિકાસ સમિતિમાંથી અમૃતભાઈ ગઢીયા (કન્વીનર), કૃણાલભાઈ મલકાણ (સદસ્ય), ધર્મેશભાઈ રૂપાપરા (સદસ્ય), વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર - સીઈઓ), રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.) ઉપરાંત ઋષીકેષસ્વામીજી (એસજીવીપી ગુરૂકુળ, રિબડા), દિનેશભાઈ ખંભાયતા (એમ.ડી., ધરતી કો-ઓપરેટીવ બેંક લિ.), મનીશભાઈ ભુવા (રાધે ટ્રેડીંગ), અશોકભાઈ ભુવા (પ્રમુખ-પારડી સહકારી મંડળી), યાદવભાઈ (દુર્ગા ઈન્ડસ્ટ્રીઝ), ભવાનભાઈ રૂપાપરા (ઓમની ફોર્જીગ), મુકેશભાઈ કાપડીયા (મહીધર પોલીમર્સ), કિશોરભાઈ કોરાટ( હરિ ફોર્જીગ), રજનીભાઈ સાદરીયા (જોઈન્ટ સેક્રેટરી, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો.), જીમીતભાઈ સાદરીયા (એપલ રોલ પ્રેસ), ઘનશ્યામભાઈ ભુવા (કારોબારી સદસ્ય, લોધીકા તાલુકા પંચાયત), વિનોદભાઈ ધડુક (ક્રિએટીવ ફોર્જ), રમેશભાઈ ફીચડીયા (કેપ્ટન ફોર્જ), ડો.હિમાંશુભાઈ પરમાર (શાપર ડોક્ટર્સ એસો.), રામજીભાઈ વેકરીયા (સ્નેહ ઓટો), સુજીતભાઈ વડાલીયા (વીર ઓટો), સંજયભાઈ વોરા (જોઈન્ટ ટ્રેઝરર, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો.), રાજેશભાઈ ડોબરીયા (બ્લોસમ કીચનવેર), કમલેશભાઈ ડોડીયા (એડીટર ઓટો), હારિતભાઈ મહેતા (ચેરમેન, સૌરાષ્ટ્ર-કચ્છ અર્બન કો-ઓપરેટીવ બેન્કસ ફેડરેશન), કેતનભાઈ ભાલાણી (કિરણ ફાસ્ટનર્સ), મનોજભાઈ ટીલાળા (ટીલાળા ગ્રુપ કંપની), દિલીપભાઈ ઝાલાવડીયા (વાઈસ પ્રેસિડન્ટ, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો.), વિવિધ મહાનુભાવો, બેંકની અન્ય શાખા વિકાસ સમિતિના સદસ્યો, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

સરળ અને સફળ સંચાલન રજનીકાંત રાયચુરાએ કર્યું હતું. આભાર દર્શન અમૃતભાઈ ગઢીયાએ કર્યું હતું.

**ગોંડલ માર્કેટીંગ યાર્ડ...**

કેરી તેની ગુણવત્તા અને સ્વાદ માટે પ્રખ્યાત હોવાથી સ્થાનિક વેપારીઓ ઉપરાંત અન્ય રાજ્યોના વેપારીઓ પણ અહીંથી ખરીદી કરતા હોય છે. ગોંડલ યાર્ડમાં આવેલી કેસર કેરીનો જથ્થો મુંબઈ સહિતના મોટા શહેરોમાં નિકાસ કરવામાં આવે છે. આગામી દિવસોમાં જ્યારે ગીર પંથકમાંથી કેરીની આવક વધશે ત્યારે ભાવોમાં સ્થિરતા આવશે તેવી શક્યતા વેપારીઓએ વ્યક્ત કરી છે.

ચાલુ વર્ષે ઉનાળાની શરૂઆતમાં જ કેરીનું આગમન થતા ખેડૂતોમાં પણ આનંદ જોવા મળી રહ્યો છે. ગીર ગઢડા પંથકના ખેડૂતોને આશા છે કે આ વર્ષે કેસરની ગુણવત્તા સારી હોવાથી તેમને પૂરતા ભાવ મળી રહેશે. હાલમાં જે પ્રકારે રૂ ૫,૫૦૦ જેવો ઊંચો ભાવ બોલાયો છે, તે જોતા કેરીના પ્રારંભિક સ્વાદ માટે રસિકોએ ખિસ્સું થોડું વધુ હળવું કરવું પડશે.

**બગસરા...**

મંદિર (સાવરકુંડલા)ના ભક્તિરામબાપુ, અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પી. બી. પંડ્યા (આઈએએસ), વી. એસ. ગઢવી (નિવૃત્ત આઈએએસ), ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ સંઘના ચેરમેન પરાગભાઈ ત્રિવેદી, બગસરા નગરપાલિકા પ્રમુખ જયોત્સનાબેન રિબડીયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ મહિડા, જિલ્લા આંકડા અધિકારી ડી. એ. ગોહિલ, મામલતદાર પી. એ. ભીંડી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી હિનાબેન ચાવ, બીઆરસી કોર્ડિનેટર જગદીશભાઈ વેકરીયા, શાળાના આચાર્ય દિવ્યેશભાઈ દૂધરેજીયા અને શિક્ષકગણ ઉપસ્થિતિ રહી હતી.

મેઘાણી સ્મૃતિમાં પૂર્ણકદની મનોરમ્ય મેઘાણી-પ્રતિમા, ૬x૩x૧ ફૂટના આકર્ષક કાચના કબાટમાં ઝવેરચંદ મેઘાણી કૃત ૧૦૦ જેટલાં પુસ્તકોનો મેઘાણી-સાહિત્ય કોર્નર, ગુજરાતી સાહિત્યની અમર કૃતિઓનો સાહિત્ય સરવાણી કોર્નર તથા ઝવેરચંદ મેઘાણીના રેખાચિત્ર, હસ્તાક્ષર અને ઈતિહાસને આલેખતી ૪.૫x૩.૫ ફૂટની કાળા ગ્રેનાઈટની કલાત્મક મેઘાણી-તકતીની સ્થાપના કરવામાં આવી છે.

**નર્મદા પરિક્રમા...**

બનાવવામાં આવી રહી છે. તેમાં વધારાના ડોમ શેલ્ટર, મોબાઈલ-ટોયલેટ, વોટર સ્ટેશન, મેડિકલ યુનિટ, ૨૪x૭ એમ્બ્યુલન્સ, લાઈટિંગ તથા ઈમર્જન્સી હેલ્પ પોઈન્ટ, વિશાળ વોટરપ્રૂફ ડોમ શેલ્ટરમાં યાત્રાળુઓ માટે ખાટલા, ગાદલા, ઓસીકા, ખુરશીઓ અને બેડશીટ સાથેની બેઠક અને વિશ્રામની વ્યવસ્થા રહેશે. આ સાથે; સ્નાનગૃહ, ચેન્જિંગ રૂમ અને ક્લોક રૂમની વ્યવસ્થા કરવામાં આવી રહી છે કે જેથી યાત્રાળુઓને કોઈ અગવડ ન પડે. પરિક્રમા માર્ગ પર શ્રદ્ધાળુઓની સુગમતા માટે સેવા કેન્દ્રો અને દુકાનો ઉભી કરવામાં આવી રહી છે.

(૯માં પાનાનું ચાલુ)

**ફિફા વર્લ્ડકપ**

કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિમાં અમેરિકા જઈને રમવું શક્ય નથી અને ટીમ વર્લ્ડ કપમાંથી પાછી ખેંચાઈ રહી છે. આનાથી ફીફા અને ટુર્નામિન્ટના આયોજકો માટે મોટી મુશ્કેલી ઊભી થઈ છે, કારણ કે ક્વોલિફાઈડ ટીમનું વિથડ્રો થવું દુર્લભ છે. જો ઈરાન ખરેખર પાછું ખેંચાય તો તેમની જગ્યાએ અન્ય ટીમને તક મળી શકે છે.

બીજી તરફ, ઈરાનના ફૂટબોલ ફેડરેશને કહ્યું છે કે કોઈ પણ અમને વર્લ્ડ કપમાંથી બહાર કાઢી શકે નહીં અને તેઓ હજુ પણ ભાગ લેવા માગે છે.ફિફા પણ આ મુદ્દે ચર્ચા કરી રહ્યું છે, અને તાજેતરમાં જ ફીફા પ્રમુખે પણ આ અંગે વાત કરી છે.

**ખાખી વર્દીમાં સજજ**

દબાણ અને પડકારોના કારણે માનસિક તણાવ પણ વધે છે. આથી આજનો આ અભિયાન મેન્ટલ હેલ્થ એન્ડ વેલબીઈંગ પ્રોગ્રામ ખાસ કરીને આપ જેવા રાષ્ટ્રના રક્ષકો માટે સમર્પિત છે. આ કાર્યક્રમ માં આશરે ૪૦૦ જેટલા પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સિનિયર ઈન્સ્પેક્ટર રાકેશ દેસાઈ (ડીસીપી), મુનાફ પઠાણ (એસીપી)

સહિત ચાર વરિષ્ઠ અધિકારીઓ તેમજ અન્ય રેન્કસના ૨૦ અધિકારી હાજર હતા. કર્નલ બી સી સતી રિટર્યાડ દ્વારા પોતાના જીવન માં મેડિટશન દ્વારા થયેલ ફાયદા ના અનુભવની સાથે સ્વય નો સત્ય પરિચય આત્માના ૭ ગુણ અને ૮ શક્તિ નો પરિચય આપ્યો મુંબઈ થી પધારેલ બ્રહ્માકુમારી દીપા દીદી એ સરળ ભાષામાં મેડિટેશનનું મહત્વ જણાવી અનુભૂતિ કરાવેલ લાસ્ટ માં બધા ને બ્લેસિંગ કાર્ડ અને પ્રસાદ આપેલ બ્રહ્માકુમારી કિંજલબેન, બ્રહ્માકુમારી દીપા દીદી, કર્નલ બી સી સતી રિટર્યડ, માઉન્ટ આબુ શાંતિવનથી પધારેલા બીકે કમલભાઈએ આ સેમિનારમાં અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું.

# દેશમાં આતંકી હુમલાના ષડયંત્રોનો પર્દાફાશ: રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) દ્વારા દિલ્હી, લખનઉ, કોલકત્તા સહિતના એરપોર્ટ પરથી ૬ યુક્રેનીયન નાગરિકોની ધરપકડ: ઝડપાયેલા શખ્સો આતંકીઓને શસ્ત્ર તાલીમ આપવામાં સામેલ હોવાની મિઝોરમના મુખ્યમંત્રી લાલદુહોમાનું નિવેદન

**મારવાડી યુનિવર્સિટી**

ધ્રુવ સંપટે નવા સાહસિકો માટે બૌદ્ધિક સંપત્તિના વ્યૂહાત્મક ઉપયોગ વિશે વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બજારમાં પોતાની આગવી ઓળખ ઊભી કરવા અને પ્રતિસ્પર્ધીઓ સામે રક્ષણ મેળવવા માટે કાયદાકીય જ્ઞાન હોવું ખૂબ જરૂરી છે. કાર્યક્રમના અંતિમ ચરણમાં સરકારી માન્ય બૌદ્ધિક સંપત્તિ પ્રતિનિધિ અને ટ્રેડમાર્ક નિષ્ણાત રુષિત શેઠ દ્વારા પ્રાયોગિક સત્ર લેવામાં આવ્યું હતું. જેમાં તેમણે ઉપસ્થિત સહભાગીઓને ઓનલાઈન ટ્રેડમાર્ક શોધવાની રીત, જરૂરી દસ્તાવેજોની તૈયારી અને અરજી કરવાની પ્રક્રિયા જીવંત નિદર્શન દ્વારા સમજાવી હતી.

આ કાર્યશાળામાં રાજકોટ અને આસપાસના વિસ્તારોમાંથી ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ, પ્રોફેશનલ્સ અને ઉદ્યમીઓએ ભાગ લીધો હતો. સહભાગીઓમાં પોતાના ઈનોવેશનને કેવી રીતે સુરક્ષિત રાખવું તે અંગે ભારે ઉત્સુકતા જોવા મળી હતી. આજના યુગમાં જ્યારે બૌદ્ધિક ચોરીના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે યુવા પેઢીને તેમના આઈડિયાઝ પર કાયદેસરનો હક મળે તે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય હતો.મારવાડી યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ કેતનભાઈ મારવાડી અને જીતુભાઈ ચંદારાણાએ આ કાર્યશાળાના સફળ આયોજન બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે યુનિવર્સિટી હંમેશા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને નૂતન વિચારોને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ટ્રસ્ટી ધ્રુવ મારવાડી, પ્રોવોસ્ટ ડો. રાજેન્દ્રસિંહ જાડેજા, પ્રો-વાઈસ ચાન્સેલર ડો. સંજીત સિંહ, રજીસ્ટ્રાર પ્રો. નરેશ જાડેજા અને ડીન ડો. કિર્તિ દત્તાનું સતત માર્ગદર્શન અને સહયોગ સાંપડ્યો હતો.આયોજક ટીમની કામગીરી સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગના વડા પ્રો. પારસ રૂઘાણીના માર્ગદર્શન હેઠળ સંયોજક પ્રો. હેમાંગી રાજાણી તેમજ સહ-સંયોજક ડો. સાગર એસ. લાલકા અને ડો. અમરિન અમરેલિયા દ્વારા કુશળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. અંતમાં, તમામ સહભાગીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યશાળા દ્વારા ગુજરાતમાં સ્ટાર્ટઅપ સંસ્કૃતિને વધુ વેગ મળશે અને યુવા શોધકો પોતાની બૌદ્ધિક સંપત્તિના રક્ષણ માટે વધુ સજાગ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

**ભાવેશ વાણવીની હત્યા...**

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ગઈ તા.૧૫ ના ભાવેશભાઈ ડાયાભાઈ વાણવી, તેનો ભત્રીજો પ્રિન્સ સુનિલભાઈ વાણવી અને મિત્ર રાહુલ કાનજીભાઈ પરમાર બાઈક લઈ ભાવેશભાઈના ઘરે રૈયામા મણીનગરમાં જતા હતા. ત્યારે રાત્રિના સમયે દ્વારકેશ પાર્ક મેઈન રોડ ડ્રીમ સિટીની સામે પહોંચતા ચારથી પાંચ અજાણ્યા માણસો સ્વીફ્ટ તથા બાઈક લઈને અચાનક પાછળ આવેલ અને લાકડી, ધારિયા, કુહાડી વતી અચાનક ભાવેશભાઈને મારવા લાગેલ જેથી પ્રિન્સ ત્યાં ઉભો રહેતો આ લોકો તેને પણ માર મારવા લાગેલ હતા.

જે બાદ આરોપીઓ ભાવેશભાઈને સ્વીફ્ટ ગાડીમાં બેસાડી લઈ ગયેલા હતા. ત્યારે પ્રિન્સને માથામાં ઈજા થયેલ થતાં લોહી નીકળતુ હોય જેથી તુરંત જ બાઈક ઉપર પ્રિન્સને બેસાડી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવા નીકળેલ હતો. ત્યારે રસ્તામાં પ્રિન્સને પુછતા વાત કરેલ કે, હમીર મેરા જોગરાણા સાથે ચીચોડો રાખવા બાબતે ભાવેશભાઈએ કમ્પ્લેઈન કરેલ હોય જેનો ખાર રાખી આ હમીર જોગરાણા તથા અન્ય માણસોએ લાકડી ધારીયા વડે હુમલો કરેલ છે. જે બાદ ભાવેશભાઈને પણ સારવારમાં લાવેલ હતાં. જે બનાવ અંગે યુની. પોલીસ મથકમાં હત્યાનો પ્રયાસ, એટ્રોસીટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ ભાવેશભાઈનું ટૂંકી સારવારમાં મોત નિપજતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો.

જે બાદ વ્હેલી સવારથી જ જ્યાં સુધી આરોપી ન પકડાઈ ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો પરિવારજનો અને દલિત સમાજના આગેવાનોએ ઈન્કાર કરતાં મામલો પેચીદો બન્યો હતો. સાંજ પડતાં જ ઉગ્ર પ્રત્યા ઘાતો પડ્યા હતાં અને દલિત સમાજના આગેવાનોએ મૃતદેહને પોલીસ કમિશ્નરના બંગલે લઈ જવાની જીદ પકડતાં મામલી બીચક્યો હતો અને પોલીસે મૃતદેહ આપવાનો ઈન્કાર કરી દેતાં મૃતકના પરિવારજનોએ કલેકટરને ઉગ્ર રજૂઆત કરી હતી.

જે બાદ પણ માંગણીનો સ્વીકાર ન થતા મૃતકના પરિવારજનો અને દલિત સમાજના આગેવાનો સહિતના મોટા પ્રમાણમાં એકઠા થયેલ લોકોએ મૃતદેહને લઈ સિવિલ હોસ્પિટલ ચોક ખાતે ધરણા પર બેસી ગયા હતા. રાત પડતાં જ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો પોલીસ કાફલો સીવીલ હોસ્પિટલ ચૉક ખાતે ઉતરી આવ્યો હતો. જે બાદ રોડ બ્લોક થવા લાગતાં અને ટોળું બેકાબુ બનવા લાગતાં પોલીસે હળવો બળપ્રયોગ કરી ટોળાને વિખેર્યું હતું અને કેટલાંક લોકોની અટકાયત કરી હતી.

જે બાદ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મૃતકના પરિવારને ત્રણ આરોપી રવિ જોગરાણા, સાગર જોગરાણા અને ગોપાલ જોગરાણાની અટકાયત કરી લીધી હોવાનું અને અન્ય આરોપીને તુરંત પકડી કડક કાર્યવાહી કરવાનો વિશ્વાસ અપાવતા પરિજનોએ મૃતદેહનો સ્વીકાર કરી વતન વંથલી લઈ જવામાં આવ્યો હતો.

**એએસઆઈને ધક્કો મારી...**

સહિતના હોસ્પિટલ ચોક ખાતે બંદોબસ્તમા હાજર હતા.

પોલિસમેને જણાવ્યું હતું કે, યુનિવર્સીટી પોલીસ મથક ખાતે ગઈ તા.૧૫ ના મર્ડરનો બનાવ બનેલ હોય તે બનાવમા મરણ જનાર ભાવેશભાઈ વાણવીની ડેડ બોડી હોસ્પિટલ ચોક ખાતે તેના સગા સંબંધી તેમજ તેમના સમાજના આગેવાનોએ રાખી દીધેલ હતી અને ડેડ બોડી સ્વીકારતા ન હતા તે અનુસંધાને તકેદારીના ભાગ રૂપે બંદોબસ્ત રાખવામા આવેલ હતો. તેઓ ત્યા પહોચેલ ત્યારે માણસોનુ ટોળુ મરણ જનારની ડેડ બોડી સાથે હોસ્પિટલ ચોક ખાતે આવેલ ડો.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતીમા પાસે બેસેલ હતા અને ત્યા હાજર દિલીપભાઈ સોલંકી ઉર્ફે ડી.ડી.સોલંકી, અશોકભાઈ સિંધવ, નરેશભાઈ ઉગાભાઈ બગડા ટોળાને ઉશ્કેરવા લાગેલ કે, આપણે ચક્કા જામ કરી દેવુ છે અને તમામ રોડ રસ્તાઓ બ્લોક કરી દેવાના છે.

ત્યારબાદ ટોળા પૈકીના આશરે ૧૫ થી ૨૦ માણસો હોસ્પિટલ ચોકના જાહેર રસ્તા ઉપર આવી ગયેલ અને અમુક માણસો રસ્તા ઉપર બેસી ટ્રાફીક જામ કરીને રસ્તો બ્લોક કરી સુત્રોચાર કરવા લાગેલ હતા. ત્યા હાજર પોલીસ કર્મચારીઓ દ્વારા તેઓને વિખેરાઈ જવાનુ કહેવા છતા તેઓએ ગેર કાયદેસર મંડળી બનાવી રસ્તો બ્લોક રાખેલ. ત્યા આરોપીઓ જાહેર રોડ ઉપર કાયદો અને વ્યવસ્થાને ભંગ કરતા હોય જેથી કોઈ અનઈચ્છનીય બનાવ બને નહી તેની તકેદારીના ભાગ રૂપે રોડ બ્લોક કરતા લોકોને ડીટેઈન કરવાની કર્યવાહી દરમ્યાન દીલીપભાઈ સોલંકી ઉર્ફે ડી.ડી.સોલંકી સહિતનાઓએ ધક્કો મારી નીચે પછાળી દીધેલ, તે દરમ્યાન આ લોકોને સમજાવતો હતો કે તમે પોલીસની કાયદેસરની ફરજમા રૂકાવટ કરશો નહી તેમજ જાહેર રસ્તો બ્લોક કરી અવરોધ ઉભો કરશો નહી નહીતર તમારા વિરૂદ્ધમા કયદેસરની કાર્યવાહી કરવામા આવશે.

પોલિસની ચેતવણી બાદ પણ ટોળાંમાં હાજર શખ્સો ગાળો ભાંડી કહેવા લાગેલ કે, તમારા બધાના પટ્ટા ટોપી ઉતારી નાખીશુ, જેથી બીજા પોલીસ કર્મચારીઓએ જરૂરી હળવો બળપ્રયોગ કરી વાહનમા બેસાડેલ હતા. જે બાદ ડી.ડી.સોલંકી તેમજ બીજા અન્ય માણસોને સરકારી વાહનમા બેસાડી હોસ્પિટલ ચોક ખાતેથી નિકળી એ.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે લાવ્યા ત્યારે ડી.ડી.સોલંકીએ કહેલ કે, તુ ઘરે તો એકલો જ જશે ને ? રસ્તામા તને પતાવી દઈશુ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કરી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

**વહીવટદારોની નિમણુંક...**

દરમિયાન વહીવટદાર દ્વારા અગાઉની ચૂંટાયેલી પાંખ દ્વારા નિયમાનુસાર મંજૂર કરાયેલ કામો તથા આવશ્યક સેવાઓ જેવી કે પાણી, ગટર, વિજળી, સફાઈ વગેરે જેવા કામો બાબતે નિયમાનુસાર કાર્યવાહી કરવાની રહેશે. આ સમયગાળા દરમિયાન વહીવટદારની દ્વારા નીતિ વિષયક નિર્ણયો લઈ શકાશે નહીં.

રાજયની અમદાવાદ, અમરેલી, આણંદ, અરવલ્લી, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર, જૂનાગઢ, કચ્છ, મહીસાગર, મહેસાણા, મોરબી, નર્મદા, નવસારી, પંચ મહાલ, પાટણ, પોરબંદર, સાંબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, તાપી, વડોદરા અને વલસાડ જિલ્લા પંચાયતની મૂદત પૂર્ણ થઈ રહી છે. તમામ ૩૧ જિલ્લા પંચાયતોમાં વહીવટદાર તરીકે જિલ્લા કલેકટરને ચાર્જ સોંપવામાં આવ્યો છે. જયારે ૨૨૯ તાલુકા પંચાયતોમાં પ્રાંત અધિકારી, એડિશનલ આરડીસી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ડીઆરડીએ નિયામક, નાયબ પ્રાયોજન વહીવટદાર જિલ્લા પૂરવઠા અધિકારીને વહીવટદાર તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

**ટેકાના ભાવે ઘઉંના વેચાણ...**

૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/ખ માં ન થઈ હોય તો તલાટીના સહી સિક્કાવાળો દાખલો, ખેડુતના નામના બેન્ક ખાતાની વિગત જેમ કે બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યના ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તો તેઓની ઓનલાઈન નોંધણી ફરજીયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામપંચાયતનો સંપર્ક કરી નોંધણી કરાવવાની રહેશે.

ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને એસએમએસ મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનું આધારકાર્ડ/ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડૂત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદી કરવામાં આવશે.

ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તો ખેડૂતોનો ક્રમ રદ થશે અને ખરીદી માટે જાણ કરવામાં આવશે નહીં.

નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧,૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી...**

પાર્ટીએ સામાન્ય લોકોમાંથી ઉમેદવારો પસંદ કરવાનો નિર્ણય કર્યો છે. સમાજસેવકો, રાજકીય આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા મોટી સંખ્યામાં ફોર્મ ભરવામાં આવ્યા છે અને તેમના પર પણ ચર્ચા કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં બાપ-બેટાની રાજનીતિથી અલગ જઈને સામાન્ય લોકોને નેતૃત્વ આપનારી પાર્ટી તરીકે આમ આદમી પાર્ટી ઉભરી આવશે. હાલ ત્રણ દિવસ સુધી ઉમેદવારોની સ્ક્રીનિંગ પ્રક્રિયા ચાલશે અને ત્યારબાદ ટૂંક સમયમાં ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવશે. સ્વાભાવિક છે કે ઉમરેઠમાં હાલ જ ઉમરેઠના ધારાસભ્યનું નિધન થયું છે, જેના કારણે ઉમરેઠની વિધાનસભા સીટ ખાલી થઈ છે. ગત રોજ પાંચ રાજ્યોની જે ચૂંટણીની જાહેરાત થઈ છે તેમાં ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીની જાહેરાત પણ કરવામાં આવી છે. ઉમરેઠ પેટા ચૂંટણીને લઈને આવનારા સમયમાં અમે પ્રદેશ નેતૃત્વ અને રાષ્ટ્રીય નેતૃત્વ સાથે ચર્ચા કરી નિર્ણય લઈશું. જે પણ નિર્ણય લેવામાં આવશે તે આગામી સમયમાં આપની સમક્ષ મૂકવામાં આવશે.

**ગેસના બાટલા જમા...**

પરિવાર દીઠ ૫ લિટર અને સંસ્થા દીઠ ૨૫ લીટર કેરોસીન ફાળવવામાં આવશે. તેના માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

રાજ્યમાં હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૦૦ ટકા જ્યારે ફાર્મા, ડેરી ઉદ્યોગ, સીડ પ્રોસેસ ઈન્ડસ્ટ્રી, એરલાઈન/રેલવે કેન્ટીનમાં ૭૦ ટકા તેમજ મત્સ્યોદ્યોગ જેવી આવશ્યક સેવાઓમાં ૧૦ ટકા કેપ સાથે કોમર્શિયલ એલપીજી પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. તે સિવાય અર્ધ આવશ્યક સેવાઓ જેમ કે રેસ્તરાં/ઢાબા, હોટેલ્સ, કોર્પોરેટ કેન્ટીન, ઔદ્યોગિક કેન્ટીન, કોર્પોરેટ ગેસ્ટ હાઉસ અને ફુડ પ્રોસેસિંગમાં ૧૦ કેપ સાથે પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પૂરતા પગલા લેવામાં આવ્યા છે, જેથી જરૂરિયાત અનુસાર તમામ ક્ષેત્રોને જરૂરી પુરવઠો મળી રહે.

રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તેમજ ખાનગી ગેસ એન્જસીઓમાં કડક દેખરેખ અને મોનિટરિંગ માટે રેવન્યૂ તથા પોલીસ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે. તેમના દ્વારા એ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે નાગરિકોને સમયસર એલપીજી પુરવઠો મળે અને ગેરરીતિને અટકાવી શકાય. છેલ્લા ૧૨ દિવસમાં જિલ્લા કક્ષાએ ૯૧૨ અને રાજ્ય કક્ષાએ ટીમ દ્વારા ૧૭ કિસ્સાઓમાં તપાસની કામગીરી કરવામાં આવી છે.

એલપીજી માટે રાજ્ય હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૨૩૩-૦૨૨૨ નો સંપર્ક કરવાનું જણાવવામાં આવ્યું છે.

**ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ...**

આવ્યો હતો, જે વર્ષ-૨૦૨૦ના ૩૦,૦૦૦ ચો.કિમી વિસ્તાર કરતાં ઘણો વધારે છે.

રાજ્યમાં વાઘના પુનઃસ્થાપન અંગે માહિતી આપતા જણાવ્યું કે ડાંગમાં પૂર્ણા વન્યજીવન અભયારણ્ય ૨૫ વર્ષ પહેલાં વાઘનું ઘર હતું. ત્યાર બાદ ગત તા. ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ રતનમહાલ વન્યજીવ અભયારણ્યમાં પીપરગોટા ખાતે વાઘની હાજરી નોંધાઈ છે.

પરિણામે, નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી દ્વારા ગુજરાતને સત્તાવાર રીતે 'ટાઈગર સ્ટેટ' તરીકે માન્યતા આપવામાં આવી છે. વાઘના રહેઠાણ અને ખોરાકની સુરક્ષા માટે વિભાગ દ્વારા રતનમહાલ અભયારણ્યમાં ૨૨ ચિત્તલ અને ૧૪ સાંભર જેવાં પ્રાણીઓને તબક્કાવાર મુક્ત કરવામાં આવ્યાં છે.

છેલ્લા સરવે મુજબ કચ્છના બન્નીનો વન વિસ્તાર ૨૪૯૭ ચો.કિમી. વિસ્તારમાં ફેલાયેલો છે. જે એશિયાના મોટામાં મોટા ઘાસનાં મેદાનો છે. અહીં ચિત્તાના પુનઃસ્થાપન માટે ભારત સરકારની મંજૂરી સાથે 'ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ સેન્ટર' સ્થાપવાની કામગીરી તેજ બનાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે અત્યાર સુધીમાં રૂ. ૧૪.૭૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

આ સાથે જ, જાન્યુઆરી-૨૦૨૬માં કચ્છના 'છારી-ઢંઢ' કન્ઝર્વેશન રિઝર્વને ગુજરાતની પાંચમી રામસર સાઈટ તરીકે જાહેર કરવામાં આવતાં ગુજરાત દેશમાં ૨૩ ટકા સાથે સૌથી વધુ વેટલેન્ડ વિસ્તાર ધરાવતું રાજ્ય બન્યું છે. રાજ્યમાં કુલ આશરે ૧૭,૦૦૦થી વધુ વેટલેન્ડ નોંધાયેલા હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તેમણે જણાવ્યું કે ઉદ્યોગોમાં પ્રદૂષણ નિયંત્રણ માટે સુરત અને અમદાવાદમાં અમલી 'એમિશન ટ્રેડિંગ સ્કીમ' પણ દેશભરમાં આકર્ષણનું કેન્દ્ર બની છે.

વન મંત્રીએ ગૌરવભેર કહ્યું કે વન-જંગલની જમીન પર પ્રવેશ કરવો હોય, તો કલેકટરે પણ વન વિભાગના અધિકારીઓની મંજૂરી લેવી પડે-આ આપણી વન સંરક્ષણની સંસ્કૃતિ છે, આ અધિકારો આપણી રાજ્ય સરકારે આપ્યા છે.

આગામી વર્ષે ચિત્તા સાઈટના હેબિટાટ સુધારણા માટે ૫૦૦૦ હેક્ટરમાં ઘાસ વાવેતર કરાશે. ૧૦ નવાં ઘાસ ગોડાઉન, ગ્રાસલેન્ડ રિસ્ટોરેશન અને ગાંડા બાવળ દૂર કરવા માટે રૂ.૯૬.૭૩ કરોડની જોગવાઈ કરાય છે.

પોરબંદરના મોકર સાગર અને કચ્છના ફ્લેમિંગો સિટીને આંતરરાષ્ટ્રીય મહત્ત્વની રામસર સાઈટ તરીકે જાહેર કરવા કેન્દ્ર સરકારને દરખાસ્ત રજૂ કરાઈ છે. ઉદ્યોગોના સઘન મોનિટરિંગ માટે છેલ્લાં બે વર્ષમાં ૪૩૦ નવી ટેકનિકલ પોસ્ટને મંજૂરી આપી ભરતી પ્રક્રિયા શરૂ કરાઈ છે. સિંહોના અકુદરતી મૃત્યુ અટકાવવા માટે ટ્રેકર્સ, હાઈટેક મોનિટરીંગ યુનિટ અને અદ્યતન લાયન એમ્બ્યુલન્સની સુવિધા કાર્યરત છે. કેન્દ્ર સરકારની મિષ્ટી યોજના અંતર્ગત રાજ્યમાં છેલ્લાં ત્રણ વર્ષમાં મેન્ગ્રૂવના વાવેતરમાં ઉત્તરોત્તર વધારો કરીને કુલ ૪૧૯૯૮ હેક્ટર વાવેતર સાથે દેશમાં પ્રથમ ક્રમે છે. ગાંધીનગર અને અમદાવાદમાં ૧૬૭ હેક્ટરમાં 'વન કવચ' મોડેલ વિકસાવવા રૂ.૨૫ કરોડ, નદીઓના કાંઠે વનીકરણ માટે રૂ.૨૦ કરોડ અને અરવલ્લીની ગિરિમાળામાં 'ગ્રીન વોલ' બનાવવા રૂ.૧૨ કરોડ ફાળવાયા છે. તૃણભક્ષી પ્રાણીઓ માટે રાજ્યમાં ૫ નવા બ્રીડીંગ સેન્ટર બનાવવા રૂ.૧૦ કરોડ ફાળવાયા છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં મરીન ટૂરિઝમના વિકાસ માટે રૂ.૨૦ કરોડ ફાળવાયા છે.

## દુ:ખદ અવસાન

**સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**



**ભાટીયા:** ભાટીયા નિવાસી સ્વ.શંકરલાલ જમનાદાસ પાબારીનાં પુત્ર સ્વ.સતિષકુમાર શંકરલાલ પાબારી (ઉ.વ. ૩૪) તે સ્વ. મણીલાલ જમનાદાસ પાબારી, ગોપાલદાસ (જલુભાઈ)ના ભત્રીજા, રાહુલભાઈ ના નાના ભાઈનું ૧૬/૦૩ ને સોમવાર ના રોજ નિધન થયેલ છે., સદ્દગતની પ્રાથનાસભા, મોસાળ પક્ષ ની સાદડી તા.૧૮ ને બુધવારના રોજ બપોરે ૪:૩૦ થી ૫:૦૦ વાગ્યા દરમ્યાન સુધી ભાઈઓ -બહેનો માટે શ્રી દુધેશ્વર મહાદેવ મંદિર (જુના ગામ વિસ્તાર) ભાટિયા ખાતે રાખવામાં આવેલ છે.


Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પેટ કમિન્સ નહીં ઈશાન કિશન સંભાળશે હૈદરાબાદની કમાન?

## સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સના જોડાવા અંગે સસ્પેન્સ યથાવત, પેટ કમિન્સની શરૂઆતની મેચો પણ ચૂકી જવાની પણ ધારણા

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ માટે સનરાઈઝર્સ હૈદરાબાદ ટીમમાં પેટ કમિન્સના જોડાવા અંગે સસ્પેન્સ છે. આવી સ્થિતિમાં,ટી૨૦ વર્લ્ડ કપ વિજેતા ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશનને ટીમના કેપ્ટન તરીકે જોવા મળી શકે છે. મેનેજમેન્ટે ઈશાન કિશનના નામ પર ચર્ચા કરી છે. આઈપીએલની ૧૯મી સીઝન ૨૮ માર્ચથી શરૂ થઈ રહી છે. આ ટુર્નામેન્ટની શરૂઆત ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેની ટક્કરથી થશે. બધી ટીમોએ ટુર્નામેન્ટ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. જોકે, સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન પેટ કમિન્સના જોડાવા અંગે સસ્પેન્સ યથાવત છે. પેટ કમિન્સની શરૂઆતની મેચો પણ ચૂકી જવાની ધારણા છે. જેના કારણે આ મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે કે વિસ્ફોટક વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન ટીમનું નેતૃત્વ કરી શકે છે. ઈશાન કિશનએ તાજેતરમાં સમાપ્ત થયેલા ટી૨૦ વર્લ્ડ કપમાં ભારતીય ટીમમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.૨૦૨૬ની આઈપીએલ સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન માટે ડાબોડી બેટ્સમેન ઈશાન કિશન સૌથી આગળ છે, કારણ કે પેટ કમિન્સ ક્યારે ટીમમાં જોડાશે તે હજુ સ્પષ્ટ નથી. સૂત્રો સૂચવે છે કે સનરાઈઝર્સ હૈદરાબાદ મેનેજમેન્ટે આ બાબતે ચર્ચા કરી છે અને ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલરની ગેરહાજરીમાં ઈશાન કિશનને કેપ્ટનશીપ સંભાળવા માટે સૌથી યોગ્ય ઉમેદવાર માને છે. કમિન્સ જુલાઈ ૨૦૨૫થી પીઠની ઈજાથી પીડાઈ રહ્યા છે. કમિન્સે ... ક્રિકેટમાં એશિઝ શ્રેણીમાં એક મેચ રમી હતી, પરંતુ ત્યારથી તે રમ્યો નથી. તે ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપનો પણ ભાગ નહોતો. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ હજુ સુધી તેને ક્રિકેટમાં પાછા ફરવા માટે મંજૂરી આપી નથી. અભિષેક શર્મા પણ કેપ્ટનશીપ માટે દાવેદાર છે, પરંતુ મેનેજમેન્ટ આ ભૂમિકા માટે ઈશાન કિશન પર વિચાર કરી રહ્યું છે.ઈશાન કિશનને કેપ્ટનશીપનો અનુભવ છેઃ ઈશાન કિશનને હજુ સુધી આઈપીએલમાં કેપ્ટનશીપ કરી નથી, પરંતુ તે આ ભૂમિકા સારી રીતે નિભાવી શકે છે. ઈશાનને ટી૨૦ ફોર્મેટમાં કેપ્ટનશીપનો નોંધપાત્ર અનુભવ છે. તેણે ૨૦૧૬ના અંડર-૧૯ ઓડીઆઈ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું. વધુમાં, ઈશાને ઝારખંડે વિવિધ ફોર્મેટમાં લગભગ ૮૦ મેચોમાં નેતૃત્વ આપ્યું છે. ગયા વર્ષે, તેણે ઝારખંડને તેમનો પ્રથમ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ખિતાબ અપાવ્યો હતો. તેણે આ લીગમાં ટીમનું નેતૃત્વ પણ કર્યું, જેમાં તેણે મજબૂત બેટિંગ દર્શાવી હતી. આ પ્રદર્શનને કારણે તે બે વર્ષ પછી ટીમ ઈન્ડિયામાં પાછો ફર્યો, જ્યારે તેને ટી૨૦ વર્લ્ડ કપ અને ન્યૂઝીલેન્ડ શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઈશાનના ટી૨૦ કેપ્ટનશિપ રેકોર્ડ પર નજર કરીએ તો, તેણે ૨૯માંથી ૨૩ મેચ જીતી છે. તેણે ફક્ત પાંચ મેચ હારી છે, જેમાં એક મેચ ટાઈમાં સમાપ્ત થઈ છે.



### ચેન્નાઈના કોચિંગ સ્ટાફમાં જોડાયા ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન જેમ્સ ફોસ્ટર

આઈપીએલ ૨૮ માર્ચથી શરૂ થવા જઈ રહી છે. આ પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સ એટલે કે સીએસકે એ એક મોટું પગલું ભર્યું છે. તેના કોચિંગ સ્ટાફમાં મોટો ફેરફાર કરીને સીએસકે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ વિકેટકીપર-બેટ્સમેન જેમ્સ ફોસ્ટરને ટીમના નવા ફિલ્ડિંગ કોચ તરીકે નિયુક્ત કર્યા છે. ૪૫ વર્ષના જેમ્સ ફોસ્ટર આગામી સીઝનમાં ટીમમાં જોડાશે અને ખેલાડીઓની ફિલ્ડિંગ સુધારવાની જવાબદારી સંભાળશે. જેમ્સ ફોસ્ટર ચેન્નાઈના કોચિંગ સ્ટાફનો ભાગ હશે જેનું નેતૃત્વ ન્યુઝીલેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન સ્ટીફન ફ્લેમિંગ કરશે. ટીમના બેટિંગ કોચ માઈકલ હસી છે અને બોલિંગ કોચ એરિક સિમોન્સ છે. આ વખતે ચેન્નાઈ ખિતાબ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે કારણ કે છેલ્લા કેટલાક સીઝન ટીમ માટે ખાસ રહી નથી.ચેન્નાઈ સુપર કિંગ્સે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે ''અમારા નવા ફિલ્ડિંગ કોચ જેમ્સ ફોસ્ટરનું સ્વાગત છે.'' જેમ્સ ફોસ્ટર, ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ વિકેટકીપર અને દુનિયાભરની ટીમોને કોચિંગ આપવાનો અનુભવ ધરાવતા અમારી સાથે આ નવી સફર શરૂ કરે છે.




# ઈરાન હજુ પણ ફિફા વર્લ્ડકપમાં રમવા તત્પર!!!

**અબતક, રાજકોટ**

ઈરાનની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમે એશિયન ક્વોલિફિકેશનમાં શાનદાર પ્રદર્શન કરીને ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈ ગઈ છે. તેઓએ ગ્રુપ એમાં પ્રથમ સ્થાન મેળવીને ડાયરેક્ટ ક્વોલિફિકેશન હાંસલ કર્યું હતું.ફિફાની અધિકૃત યાદીમાં પણ ઈરાનને ક્વોલિફાઈડ ટીમ તરીકે દર્શાવવામાં આવ્યું છે, જેમાં જાપાન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા જેવી ટીમો સાથે તેમનું નામ સામેલ છે.

પરંતુ તાજેતરના ઈરાન સરકાર અને રમતગમત મંત્રાલય તરફથી મોટી જાહેરાત આવી છે કે દેશની ટીમ ૨૦૨૬ વર્લ્ડ કપમાં ભાગ લેશે નહીં. આ નિર્ણયનું કારણ મુખ્યત્વે રાજકીય તણાવ, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ, અને અમેરિકામાં યોજાનારા મેચોને લઈને સુરક્ષાની ચિંતાઓ છે. વર્લ્ડ કપના મોટા ભાગના મેચો અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં યોજાશે, અને ઈરાનના ગ્રુપમાં તેમના ત્રણેય મેચ અમેરિકામાં જ છે.

ઈરાનના સ્પોર્ટ્સ મિનિસ્ટર અહમદ દોનજામાલીએ જાહેરમાં

(અનુ. આઠમા પાને)



# ભારતની ટી-૨૦ વર્લ્ડકપની સફળતામાં આઈપીએલનો મહત્વનો ફાળોઃ પોન્ટિંગ

**અબતક, રાજકોટ**

ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન કેપ્ટન અને પંજાબ કિંગ્સના હેડ કોચ રિકી પોન્ટિંગે ભારતની ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની સફળતા વિશે પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે ભારતીય ટીમ હાલમાં દુનિયાની સૌથી મજબૂત ટી૨૦ ટીમોમાંની એક છે અને તેમની સફળતાનો એક અવગણાયેલો પરિબળ છે, જેના વિશે ઘણા લોકો વાત નથી કરતા.

ભારતે ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપમાં ત્રીજી વખત ટાઈટલ જીત્યું અને તે પ્રથમ ટીમ બની જેણે આ ટ્રોફીનું સફળતાપૂર્વક ડિફેન્ડ કર્યું. ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૯૬ રનથી હરાવીને ભારતે આ સિદ્ધિ હાંસલ કરી. ટીમે ટુર્નામેન્ટમાં અદ્ભુત પ્રદર્શન કર્યું.

પોન્ટિંગે વધુમાં જણાવ્યું હતું કે, ભારતની ટીમમાં ટેલેન્ટ, અનુભવ અને ડેપ્થનું શાનદાર સંયોજન છે, જે તેમને હરાવવું ખૂબ મુશ્કેલ બનાવે છે. પોન્ટિંગે ખાસ કરીને એક વાત પર ભાર મૂક્યો કે ભારતીય ખેલાડીઓ પાસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને આઈપીએલમાં રમાયેલી મોટી માત્રામાં મેચોનો અનુભવ છે, જેને ઘણા લોકો અવગણે છે.

આ અનુભવને કારણે ટીમ પ્રેશરને સારી રીતે હેન્ડલ કરી શકી અને ટુર્નામેન્ટમાં સતત સારું પ્રદર્શન કર્યું. પોન્ટિંગે આઈપીએલને આંતરરાષ્ટ્રીય મેચો જેટલી જ મહત્વની ગણાવી અને કહ્યું કે તેના કારણે ભારતીય ટીમ સંતુલિત અને તૈયાર હતી.



# ખાખી વર્દીમાં સજ્જ જવાનોએ રાજયોગ દ્વારા મેળવી માનસિક મજબૂતીની "માસ્ટર કી"

## બ્રહ્માકુમારીજી દ્વારા સિક્યુરીટી સર્વિસીસ વિંગની સિલ્વર જ્યુબિલી ઉજવણી અંતર્ગત દેશવ્યાપી અભિયાનઃ ૪૦૦ થી વધુ પોલીસ જવાનોને રાજયોગ મેડીટેશનની તાલીમ






**માઉન્ટ આબુથી પધારેલા બ્રહ્માકુમાર કમલભાઈએ મેન્ટલ હેલ્થ માટેના ત્રણ પહેલું**

૧ પ્રોપર ન્યુટ્રિશન
૨ મેડિટેશન
૩ મનની કસરત પાસ્ટ ને ભૂલી વર્તમાનમાં રહેવા માટે એક મિનિટ સાયલન્સ
પોતાની જાતને રોજ બ્લેસિંગ આપો
જેવું વિચારશો તેવા જ બનશો

**અબતક, રાજકોટ**

બ્રહ્માકુમારીઝ સિક્યુરિટી સર્વિસીઝ વિંગ દ્વારા ભારતના સુરક્ષા દળોમાં સેવા આપતા જવાનોના માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી સુખાકારી માટે સેલ્ફ એમપાવરમેન્ટ ટુ નેશન એમપાવરમેન્ટ નામથી વિશેષ રાષ્ટ્રીય અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન ૧૨ માર્ચથી ૩૦ માર્ચ ૨૦૨૬ દરમિયાન સમગ્ર દેશમાં યોજાઈ રહ્યું છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા આયોજિત આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ સુરક્ષા જવાનોમાં આત્મબળ, આત્મવિશ્વાસ, સકારાત્મક વિચારધારા અને તણાવમુક્ત જીવનશૈલી વિકસાવવા માટે માર્ગદર્શન આપવાનો છે. કાર્યક્રમોમાં રાજયોગ મેડિટેશન, માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ, આંતરિક શક્તિનું જાગરણ તેમજ મૂલ્ય આધારિત જીવનશૈલી અંગે વિશેષ તાલીમ આપવામાં આવે છે.

આ અભિયાન બ્રહ્માકુમારીઝના સિક્યુરિટી સર્વિસીસ વિંગના સિલ્વર જ્યુબિલી ઉજવણી નિમિત્તે પણ આયોજિત કરવામાં આવી રહ્યું છે, જે છેલ્લા ૨૫ વર્ષથી સુરક્ષા દળો માટે કરવામાં આવતી સેવાઓ અને પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

દેશની વિવિધ સુરક્ષા એજન્સીઓ જેમ કે સેનાદળ, પોલીસ, અર્ધલશ્કરી દળો અને અન્ય સુરક્ષા વિભાગોના જવાનો આ કાર્યક્રમમાં જોડાઈ રહ્યા છે. કાર્યક્રમ દ્વારા દેશના રક્ષકોને આંતરિક રીતે મજબૂત બનાવી રાષ્ટ્રને વધુ સશક્ત બનાવવા માટે પ્રેરણા આપવામાં આવી રહી છે.

સેલ્ફ એમપાવરમેન્ટ ટુ નેશન એમપાવરમેન્ટ - આનો અર્થ ખૂબ જ ગહન છે. જ્યારે વ્યક્તિ અંદરથી શક્તિશાળી બને છે, ત્યારે પરિવાર શકિતશાળી બને છે. પરિવાર શકિતશાળી બને તો સમાજ મજબૂત બને છે. અને સમાજ મજબૂત બને તો રાષ્ટ્ર આપોઆપ સશક્ત બની જાય છે. પોલીસ અને સુરક્ષા સેવાઓમાં આપ સૌ દેશના એવા રક્ષક છો,

જેઓ દિવસ-રાત પોતાની ફરજ બજાવીને સમાજને સુરક્ષિત રાખો છો. તપતા તડકામાં હોય, વરસાદ હોય કે રાત્રિના અંધકારમાં પેટ્રોલિંગઆપની જાગૃતતા અને સમર્પણના કારણે આપણા નાગરિકો નિર્ભય રીતે જીવી શકે છે. પરંતુ સતત જવાબદારી,

(અનુ. આઠમા પાને)

### નવી પેઢીના સંશોધકો માટે સુરક્ષા કવચ

# મારવાડી યુનિવર્સિટીમાં બૌદ્ધિક સંપદા અધિકારનો મહાકુંભ

## ૧૦૦થી વધુ યુવા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓએ પેટન્ટ, ટ્રેડમાર્ક અને સંશોધન સુરક્ષાની મેળવી પ્રાયોગિક તાલીમ


**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના શૈક્ષણિક જગતમાં અગ્રેસર એવી મારવાડી યુનિવર્સિટી દ્વારા પ્રવર્તમાન સમયમાં સ્ટાર્ટઅપ અને સંશોધનના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને એક અત્યંત મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના સંચાલન વિદ્યાશાખા (ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ) અંતર્ગત ''બૌદ્ધિક સંપત્તિ અધિકાર નવતર સાહસો માટે વ્યૂહાત્મક લાભો'' વિષય પર ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST-GUJCOST) પ્રાયોજિત એક દિવસીય પ્રાયોગિક કાર્યશાળાનું આયોજન ૧૩ માર્ચ, ૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું હતું. ટાગોર બિલ્ડિંગ સ્થિત સેમિનાર હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બૌદ્ધિક સંપદાની સુરક્ષા અને તેના વ્યાપારી મહત્વ વિશે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.આ કાર્યશાળામાં વિષય નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહેલા ડો. રાઘવેન્દ્ર એચ. ભાલેરાવ (IITRAM) એ પેટન્ટ સુરક્ષાના વિવિધ પાસાઓ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જ્યારે કોઈ વ્યક્તિ નવું સંશોધન કરે છે, ત્યારે તેની કાયદેસરની નોંધણી કરાવવી કેટલી અનિવાર્ય છે. પેટન્ટ ફાઈલિંગની જટિલ પ્રક્રિયાને સરળ ભાષામાં સમજાવતા તેમણે ટેકનોલોજીના વ્યાપારીકરણ દ્વારા કેવી રીતે આર્થિક લાભ મેળવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ત્યારબાદ, જાણીતા ધારાશાસ્ત્રી

(અનુ. આઠમા પાને)







# "સનાતન ધર્મ મુજબ વૃત્તિ અને કર્મનો ભોગએ દેવો અને અસુરોમાં સમાન છે"

## પરંતુ દેવો શાસ્ત્રોકત, સાત્વિક ભોગ ભોગવે છે જયારે અસુરો ઐહિક, શારિરીક ભૌતિક ભોગ જ પસંદ કરતા હોય છે''

**દેવ અસુર રહસ્ય**

આત્મા કે વિરાટ પુરૂષનું આપણા વેદાંતના શાસ્ત્રો (શ્રુતિ)માં એવું વર્ણન છે કે તે (આત્મા) ચૈતન્ય છે અને તેનું સ્વરૂપ એટલે કે તેના વિવિધ ક્રિયાત્મક સ્ફૂરણો એટલે કે મન, પ્રાણ વિગેરે અલગ અલગ દેવતાઓ છે! આ ક્રિયાઓનો વિરામ થતા તે અલગ અલગ દેવતાઓ મુળ સ્વરૂપ (ચૈતન્ય)માં ભળી જતા ફરી મૃત્યુ પ્રજાપતી કે હીરણ્ય ગર્ભ રૂપે એક જ દેવતા રૂપ થાય છે.

જયારે ફરી આ મૃત્યુ પ્રજાપતીમાં ક્રિયાત્મક સ્ફુરણ થાય એટલેકે મન-ચિત્રની વૃત્તિઓ રૂપી દેવ અસુરોનો વ્યવહાર પ્રગટ કરે છે. શાસ્ત્રો અનુસાર જ્ઞાન અને કર્મની વાસના વાળી ચેતનાત્મક વૃત્તિઓ વાળા દેવ બને છે. અને અશાસ્ત્રીય જ્ઞાન અને કર્મના ભોગની જે વાસના વાળી ચેતનાત્મક વૃત્તિઓના અસુરો (રાક્ષસો) બને છે.

જેમાં દેવોની સંખ્યા શાસ્ત્રીય જ્ઞાન-કર્મની પ્રાપ્તી મુશ્કેલ હોવાથી પ્રમાણમાં ઘણી ઓછી હોય છે. પરંતુ શારીરીક વિષય ભોગની આસકિત સહજ ઉપલબ્ધ વૃત્તિ મનુષ્યોમાં સામાન્ય રીતે વધારે હોય છે. તેથી તેવાની (આસુરી વૃત્તિવાળા)ની સંખ્યા ઘણી વધુ હોવાથી.


જ્ઞાન અને કર્મનો ભોગ ઉપભોગ એ બંને દેવ અને અસુરોમાં સમાન છે. પરંતુ ફર્ક માત્ર એટલો જ કે દેવો ને શાસ્ત્રો અનુસાર ઉચ્ચ કોટીના ભોગ (સાત્વિક) જ પસંદ હોય છે. જયારે અસુરોને શારીરીક, ઐહિક (ભૌતિક) ભોગ જ પસંદ હોય છે. આમ આ ચૈતન્યથી આ વૃત્તિઓમાં આવતો પરસ્પર વિરોધાભાસ એજ સંસારમાં જીવનની જંજટ અને કલેશ છે. જે વ્યકિતમાં દેવ વૃત્તિઓનો આવિર્ભાવ વધારે હોય છે. તેઓ સરળ અને ઉચ્ચ કોટીની પ્રગતી કરતા કરતા છેલ્લે બ્રહ્મજ્ઞાનને પ્રાપ્ત કરવાને સમર્થ બને છે.જયારે જેનામાં આસુરી વૃત્તિઓ વધુ હોય તેઓ ધીમે ધીમે નીચેની કોટીમાં ઉતરતા બુધ્ધિ વિગેરેની ક્ષીણતા થતા અધમ (નિમ્ન) કોટીમાં (જડ, વૃક્ષ, પશુ વિ)જન્મ છે.અને બ્રહ્મજ્ઞાનથી વધુને વધુ વિમુખ થતો જાય છે. આથી જ જે દેહમાં (ઈન્દ્રિયોમાં) આવી આસુરી વૃત્તિઓ વધે છે. ત્યાં ત્યાં તેવા પાપથી તેમનો વિધ્વંશ (અધોગતી) થવાનું શાસ્ત્રોમાં કહ્યુ છે આમ તેમનું (અસુરો)નું પાપ જ તેમની સામે શસ્ત્ર બને છે. (તેથી જ શાસ્ત્રો અને સંતો કહે છે કે વ્યવહારમાં મનમા પણ સાત્વિકતા રાખવી, રાગ અને દ્વેષ રાખવો નહિ)

આમ દેવો અને અસુરો બંને મૃત્યુ પ્રજાપતીની જ સંતતી અને અદિતિમાંથી બંને જન્મેલા છે. અને તે બંનેમાં ઉપર જણાવ્યા પ્રમાણે ભોગની પસંદગીનો જ તફાવત છે. દેવોને શાસ્ત્રોકત (સાત્વિક) ભોગ અને અસુરોને શારીરીક, ઐહિક (ભૌતિક) ભોગ જ પ્રિય હોય છે. આમ વ્યકિતની વૃત્તિ જ તેને દૈવિક કે આસુરી વ્યકિત બનાવે છે.

સામાન્ય રીતે મનુષ્ય જયાં સુધી પત્નિ, પુત્ર, ધન અને કર્મએ તમામને મેળવે નહિ ત્યાં સુધી પોતાને અપૂર્ણ (અધુરો) જ માને છે. શ્રુતિ (શાસ્ત્રો)માં કહ્યું છે કે કેવળ અજ્ઞાનને લીધે જ આવી અપૂર્ણતા કે અધુરપની આવી માન્યતા છે. વિધિ-વિધાન, યજ્ઞ યાત્રાદિ કરવાની ઈચ્છા કરે છે તે તો ઠીક છે. પરંતુ ખરેખર તો દરેક વ્યકિત વેદાંતની દ્રષ્ટિએ પૂર્ણ જ છે તેની તમામ સંપત્તિઓ તેના શરીરમાં જ રહેલી છે. કારણ કે મન રૂપી આત્માને વાણી રૂપી પત્નિ છે જ, તેને પ્રાણો રૂપી પુત્રો પણ છે. ચક્ષુ રૂપી ભૌતિક (બ્રાહ્ય) સમૃધ્ધિ છે. અને શ્રોત (શ્રવણ) દ્વારા શાસ્ત્રોકત જ્ઞાનથી દૈવિક સંપત્તિ પ્રાપ્ત થાય છે.તેથી સહજ રીતે વૃત્તિ પણ સાત્વિક બને છે. વળી યજ્ઞાદિક કર્મની ઈચ્છા હોય તો તેના માટે આ શરિર કર્મ (પ્રાણાપાન) કરી જ રહ્યું છે ને ? આમ સર્વ સંપત્તિઓ તેને પ્રાપ્ત થયેલી જ છે ! આમ સાત્વિક વૃત્તિવાળી વ્યકિત બીજા યજ્ઞાદી કર્મ ન કરે તો પણ તે સંપૂર્ણ કહેવાય છે આવો પંચયજ્ઞ એજ વ્યકિતની પૂર્ણતા છે જે તેની ઈન્દ્રિયો વડે સતત હંમેશા ચાલી રહ્યો છે. આ યજ્ઞમાં વ્યકિત પૂણ્ય (સદકાર્ય) અને પાપ (દુષ્કર્મ)ની જે પણ આહુતી આપે તે તે વ્યકિતની ગતી (દેવ કે અસુર તરફની) નકકી કરે છે.




આવા પ્રકારનું આત્મજ્ઞાન મેળવવાની ઈચ્છા ધરાવનાર કોઈક જ ભાગ્યશાળી વ્યકિત હોય છે. વળી આવા જ્ઞાનનો કોઈ ઉપદેશક મળવો પણ એક આશ્ચર્યજનક વાત છે. વાસ્તવિકતા એ છે કે આત્માને ઓળખનાર વ્યકિત મળવી તે તો સર્વથી દુર્લભ છે ! એટલેકે આ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તી કોઈ પૂર્વ જન્મના પૂણ્યનું જ વિરલ ફળ હોય છે. જેથી આ હકિકત અત્યંત નવાઈજનક અને ચમત્કાર જ કહેવાય તેવી છે. શ્રુતિ (વેદોનું જ્ઞાન)નો એવો મત છે કે આત્મજ્ઞાન થવું અતિ કઠીન છે. તે કાંઈ સહેલી વાત નથી. આ પ્રાપ્તી માટે સદગુરૂ કે સતશાસ્ત્રોનો નિરંતર અભ્યાસ અને પાકકી શ્રધ્ધા અને વિશ્વાસ થી અંતઃ કરણથી પૂરૂષાર્થ કરતા રહે તો પ્રાપ્તી પણ થઈ શકે છે.તેમાં કોઈ શંકા નથી, શાસ્ત્રોનો આવો મત છે.



લેખક
એસ. બી. ગોહિલ
પૂર્વ આસિ. પોલીસ કમિશનર
મો.૯૯૨૫૫૦૦૦૬૭

શ્રીમદ ભગવદ્ ગીતાના સોળમાં અધ્યાયમાં ભગવાન શ્રી કૃષ્ણએ આ દૈવિક લક્ષણો અને આસુરી લક્ષણો અંગે જણાવ્યું છે કે દૈવિક લક્ષણોમાં સાચુ બોલવું, અહિંસા, અક્રોધ, કામના રહીત, ચાડી-કુથલી રહીત, પ્રાણીઓ તરફ કરૂણા-દયા, સાંસારિક વિષયોમાં અરૂચિ, કોમળ અંતઃકરણ, અકર્તવ્ય પણામાં શરમ એ ગુણોનો વિકાસ અને અભ્યાસ થાય છે. ઉપરાંત તેજ (પ્રભાવ), ક્ષમા, ધૈર્ય, શરિરની શુધ્ધિ, વેરભાવ રહિત, અમાનીપણુ આ તમામ ગુણો દેવીતત્વ તરફ ગતિ કરતા મનુષ્યના લક્ષણો છે. જયારે આ સદગુણો પ્રત્યે મન આકર્ષાય અને તેનો અભ્યાસ ચાલુ થાય ત્યારે તે સાધકની પ્રગતી ચાલુ થાય છે.

જયારે આસુરી ગતિ તરફ જતા વ્યકિતમાં કામ, ક્રોધ, લોભ, મોહ, દંભ કરવો, ઘમંડ કરવું, અભિમાન કઠોરતા કપટતા અને અવિવેકી પણુએ લક્ષણોમાં ગળાડુબ રહેવા લાગે છે.

સનાતન ધર્મના સાધૂઓ આ તમામ સદગુણોનો અમલ કરવા જીવનભર પ્રયત્ન કરે છે કોઈ દંભનહિ દેખાવનોપણ નહી બને ત્યાં સુધી એકાંતવાસ, સાદો પહેરવેશ માથે વાળ હોય કે નહોય કોઈ ફેર પડતો નથી.વાળ લાંબા હોય તો કપાવવા કોઈ જંજટ નહિ જટા, શરીરે ભભૂતી અરે સ્થિર આસન કે જમવાની પણ કોઈ ખાસ પરવા નહિ સ્વાદ તો ઠીક પરંતુ ભોજનની પણ અનિશ્ચિતતા, અહંકારના નાશ માટે ભીક્ષાવૃત્તિ કરીને નીર્વાહ કરવાનો, કોઈ દંભ દેખાડો નહી, ધર્મનું જ્ઞાન તમામને સમાન રીતે સત્તા સંપતિ કે ગરીબના કોઈ ભેદભાવ વગર અને કોઈ અતિશયોકિત કે લાભ માટે નહીં!

જયારે અમુક સંપ્રદાયો પ્રચાર માટે સવળા ઉપાયો જેવા કે ભોજનમાં ભરપૂર અને તેમની શૈક્ષણીક સંસ્થાઓમાં ખાસ તો પોતાના સંપ્રદાયનું જ જ્ઞાન ત્યાં સુધી કે કોઈ વેદોકકત સ્તુતિ કે આરતી કે પ્રાર્થના નહિ તેમના જ ભકતોના ગુણગાન ! હવે તો અમુક સંપ્રદાયો છુપી રીતે પોતાના પંથના જ લોકોની ફેવર કરવાની અને અન્યનો છુપી રીતે વ્યવહાર કરી બહિષ્કાર કરવાની પધ્ધતિ ચાલુ કરી છે. આમ ધંધા, વ્યવસાય અને વ્યવહારમાં ગમા-અણગમા અને મામકાવાદ ચલાવતા હોય છે જે બાબત આદર્શ લોકશાહી( ફ્રી એન્ડ ફેર) વ્યવસ્થા માટે પણ ઘાતક છે.જયારે સનાતન ધર્મના વિશ્વ વિખ્યાત ગ્રંથ શ્રીમદ્ ભગવદગીતા જુઓ કે તેમાં કોઈ વ્યકિત (દેવ સંપ્રદાય)નો ઉલ્લેખ કે નિર્દેષ પણ નથી ફકત 'આત્મજ્ઞાન'નોજ ઉલ્લેખ છે. જયારે અન્ય સંપદાયો પોતાનું મહત્વ વધારવા કોઈ શાસ્ત્રોકત કે ઐતિહાસીક આધાર પુરાવા સિવાય સનાતન ધર્મના દેવતાઓને ઉતરતા બતાવી પોતાના ભકતોમાં પોતાની તંગડી ઉંચી રાખવા પ્રયત્ન કરતા હોય છે. જે ભારતીય બંધારણ મુજબ પણ અન્યની પરોક્ષ ટીકા જ છે. જયારે સનાતન ધર્મમાં આત્મજ્ઞાન, બહુજનહિતાય સર્વજન સુખાય નો જ ઉપદેશ આપે છે. તેમાં ઉપદેશો માં પણ ભગવાને કહ્યું છે કે 'પરિત્રાણાય સાધૂનામ્ (સજજનો), વિનાશાય ચ દુષ્કૃતામ (આસૂરી વૃત્તિવાળા) સંભવામી યુગે યુગે ।।' જે કાંઈ વિશ્વ છે તે મન, બુધ્ધિ અને જ્ઞાન થકી જ હોવાનું જણાવ્યું છે કોઈ વ્યકિત વિશેષ ઉલ્લેખ નથી ઉપર જણાવ્યા પ્રમાણે સાધના પણ સાવ સાદી સરળ અને સહજ છે. આમ સનાતન ધર્મ એક અદભૂત અને દિવ્ય જીવન પધ્ધતિ અને વૃત્તિજ છે.

**વિશ્વરસઃ 'મન એવ મનુષ્યાણામ, બંધન મોક્ષ કારણમ્ ।।' શ્રીમદ્ ભગવત ગીતા**

---

### આત્માથી પરમાત્મા તરફનું મહાપ્રયાણ

# બિદડામાં સુવિધિબાઈ મહાસતીજીની સંથારા આરાધનાનો છઠ્ઠા દિવસમાં પ્રવેશ

## પિતા અને પતિના પદચિન્હો પર ચાલી ૮૩ વર્ષીય મહાસતીજીની પવિત્ર અનશન આરાધના
## ૨૬ સાધુ-સાધ્વીજીઓની નિશ્રામાં આહાર-જળનો ત્યાગ કરી કર્મ નિર્જરા તરફ મક્કમ ડગલાં

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

કચ્છના માંડવી તાલુકાના બિદડા ગામે જૈન ધર્મની પવિત્ર અને સર્વોચ્ચ આરાધના એવી સંથારાની સુવાસ પ્રસરી છે. અમરસન્સ પરિવારના મોભી અનેતારાબાઈ મહાસતીજીના શિષ્યા સુવિધિબાઈ મહાસતીજીએ ગત ૧૨મી માર્ચ, ગુરુવારથી આદરેલ સંથારો (અનશન વ્રત) આજે મક્કમ મનોબળ સાથે છઠ્ઠા દિવસમાં પ્રવેશ્યો છે. ૮૩ વર્ષની જૈફ વયે પણ મહાસતીજી પૂરા આત્મઉલ્લાસ અને જાગૃતતા સાથે આ આકરી સાધના કરી રહ્યા છે.



સંસારી અવસ્થામાં ઝવેરબેન વોરા તરીકે ઓળખાતા પૂજ્ય મહાસતીજીના જીવનમાં ધર્મના સંસ્કારો ગળથૂથીમાંથી જ મળ્યા હતા. તેમના સંસારી પિતા પૂજ્ય અનશન આરાધક માલશી સ્વામી અને પતિદેવ ડુંગરશીભાઈ વોરાએ પણ અગાઉ સંથારા દ્વારા પવિત્ર ગતિ પ્રાપ્ત કરી હતી. પિતા અને પતિના માર્ગે ચાલીને ઝવેરબેને ૭૫ વર્ષની વયે કેન્સર જેવી બીમારીને મ્હાત આપ્યા બાદ તમામ ભૌતિક સુખસાહેબીનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષાના ૫ વર્ષના પર્યાય દરમિયાન તેમણે અત્યંત સરળ અને પ્રેમાળ સ્વભાવથી સાધના કરી હતી.

બિદડા સર્વોદય ટ્રસ્ટની હોસ્પિટલ ખાતે આયોજિત આ સંથારાના અવસરે કચ્છ આઠ કોટી મોટીપક્ષ સ્થાનકવાસી જૈન સંપ્રદાયના ૨૬ જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રા પ્રાપ્ત થઈ છે. મહાસતીજીના સંસારી પુત્ર મનીષભાઈ અને ખીલતીબેન સહિત ચતુર્વિધ સંઘની હાજરીમાં આહારથી અનાહારક પદ તરફનું આ પ્રયાણ ચાલી રહ્યું છે. બિદડા સર્વોદય ટ્રસ્ટના આગેવાનો અને પરિવારજનો દ્વારા પૂજ્ય મહાસતીજીની શાતાપૂર્વક સેવા કરવામાં આવી રહી છે. આ આત્મસાધના દ્વારા મહાસતીજી સિદ્ધપદ અને પંચમગતિને પ્રાપ્ત કરે તેવી મંગલ કામના સાથે સમગ્ર જૈન સમાજમાં આસ્થાનું મોજું ફરી વળ્યું છે.

---

# જસદણ નગરપાલિકાના સેવાસેતુમાં મોટા ભાગના પ્રશ્નો સ્થળ પર જ ઉકેલાયા

## ૧૧માં તબકકાના સેવા સેતુમાં અરજદારોને મળ્યો અપાર સંતોષ



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ નગરપાલિકા દ્વારા ૧૧માં તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ જેમાં પાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહી લોકોની અરજીઓ દસ્તાવેજ અને મોટાભાગના પ્રશ્નનોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો અને અરજદારોને અપાર સંતોષ થયો હતો. જસદણ શહેરના નાગરિકોને ઝડપી સેવા મળેલ જસદણ નગરપાલિકાના કાર્યદક્ષ પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણીએ જણાવ્યું હતું કે સેવાસેતુ કાર્યક્રમનો ઉદ્દેશ એ છે કે નાગરિકોને એક જ સ્થળે દરેક સેવા ઉપલબ્ધ થઈ શકે અત્રે નોંધનીય છે કે જસદણ નગરપાલિકાના વર્તમાન પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણી ને એક વર્ષ થયું આ એક વર્ષમાં જસદણ શહેરના સાતેય વોર્ડમાં કરોડો રૂપિયાના વિકાસકાર્યો રાજ્ય સરકાર અને સ્થાનિક ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને જસદણ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડની અથાક મહેનતથી કરાવ્યા લોકોમાં સુવિધા વધારવાનું ભગીરથ કાર્ય કર્યું હતું.

---

### વિશ્વ કવિતા દિવસે

# ગોંડલઃ સરસ્વતી શિશુ મંદિર સ્કુલ ખાતે કાવ્ય પઠન સ્પર્ધા

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલમાં વિશ્વ કવિતા દિવસ નિમિત્તે તારીખ ૨૨/૦૩/૨૦૨૬ રવિવારે સાંજે ૫ થી ૭ વાગ્યે ભગવતભૂમિ ગોંડલમાં સાહિત્ય વર્તુળ ગોંડલ તથા ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ દ્વારા ૧૪ વર્ષ થી ૧૭ વર્ષના કોઈ પણ યુવા ભાઈ તથા બહેનો ભાગ લઈ શકશે.

શ્રી સરસ્વતી શિશુ મંદિર સ્કૂલ ખાતે કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોઈ પણ કવિની કાવ્યકૃતિનું પઠન કરી શકાશે. ઉત્તમ કાવ્ય પાઠ કરનાર વિજેતાઓને ઈનામ, શિલ્ડ અને પ્રમાણપત્ર પાઠવવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને પ્રમાણપત્ર તથા સ્મૃતિ ચિન્હ એનાયત કરવામાં આવશે. કાર્યક્રમનું સ્થળ સરસ્વતી શિશુ મંદિર સ્કૂલના પ્રાર્થના ખંડમાં સાંજે ૫ વાગ્યા થી ૭ વાગ્યા દરમ્યાન રાખવામાં આવેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા માટે હિતેશ દવે ૯૮૨૫૫૧૬૪૯૯, તુષાર વ્યાસ ૯૮૭૯૩૭૫૭૦૨, ડો.દીપક લંગાલિયા ૯૮૨૪૨૩૮૭૦૮, ગૌરાંગ ત્રિવેદી ૯૮૨૫૫૮૬૧૪૧ સ્પર્ધામાં નામ નોંધાવાની છેલ્લી તારીખ ૧૯/૦૩/૨૦૨૬ રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે હિતેશ દવે, ડો.દીપક લંગાલિયા, તુષાર વ્યાસ, ગૌરાંગ ત્રિવેદી, દીપક ભટ્ટ જહેમત ઉઠાવી રહેલ છે. સાહિત્ય ગોષ્ઠી અને સરસ્વતી શિશુ મંદિર સ્કૂલ સહયોગ કરી રહેલ છે.

---

# ધ્રાંગધ્રાઃ નાનકડા સફી સૈયદે રોજુ રાખી કરી ઈબાદત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



પવિત્ર રમજાન માસ નિમિત્તે ધ્રાંગધ્રાના નાનકડા બાળક સફી સોહિલભાઈ સૈયદ એ ૨૬મો રોજો રાખી અલ્લાહની ઈબાદત કરી હતી. નાની ઉંમર હોવા છતાં સફીએ વહેલી સવારે સહેરી કરી દિવસભર ભૂખ્યા-તરસ્યા રહી સાંજે ઈફતાર સાથે રોજો પૂર્ણ કર્યો હતો. ભરઉનાળે આ નાનકડા બાળકની ધાર્મિક લગન અને સહનશકિત જોઈને મુસ્લિમ સમાજમાં ખુશીની લહેર જોવા મળી છે. વડીલો અને યુવાનો માટે પ્રેરણારૂપ બનેલા સફીના આ ઉત્સાહને સૌ કોઈ આશીર્વાદ આપી રહ્યા છે. નાની વયે જ ઈબાદત અને સંસ્કારોના આ સંગમે ધ્રાંગધ્રામાં આકર્ષણ જમાવ્યું છે.

---

# મહિલાઓ સમાજ અને આરોગ્ય તંત્રની કરોડરજજુ છેઃ ડો.માધવી પંડ્યા

## કોટડા સાંગાણી નારણકા આરોગ્ય કેન્દ્રમાં સ્ત્રી સશક્તિકરણ દિવસ ઉજવાયો

**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણીના નારણકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે 'સ્ત્રી સશકિતકરણ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં અમદાવાદથી ખાસ આવેલ ગુજરાત વાઈબ્રન્ટના ઝંખનાબેન ત્રિવેદીએ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી મહિલાઓના આત્મવિશ્વાસ અને પ્રગતિ વિશે પ્રેરણાદાયી સંબોધન કર્યું હતું. ડો.ભૂમિકા જોશી (તાલુકા હેલ્થ ઓફિસર, કોટડાસાંગાણી), ડો.માધવી પંડ્યા (આયુષ મેડિકલ ઓફિસર,નારણકા) હાજર રહ્યા હતા.

આ પ્રસંગે તાલુકા હેલ્થ ઓફિસર ડો.ભૂમિકા જોશીએ આરોગ્ય ક્ષેત્રે પાયાની કામગીરી કરતી મહિલાઓના ફાળાને વિશેષ રૂપે બિરદાવ્યો હતો.

ડો.માધવી પંડ્યાએ જણાવ્યું હતું કે, મહિલાઓ સમાજ અને આરોગ્ય તંત્રની કરોડરજ્જુ છે. આ કાર્યક્રમ દ્વારા મહિલા કર્મચારીઓને પ્રોત્સાહન આપી, સમાજમાં સ્ત્રી સશકિતકરણનો મજબૂત સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

---

# રાજુલાનું રામપરા-૨ ગામ ૧૨૫ સીસીટીવી કેમેરાથી સજજ

## સરપંચ સનાભાઈ વાઘની ટીમની મહેનત લેખે લાગી ગામમાં ૨૪ કલાકનો જાગૃત પહેરો

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રામપરા-૨ ગામ હવે ૧૨૫ સીસીટીવી કેમેરાથી સજ્જ બન્યું છે. રામપરા ગામમાં આહીર સમાજની સવિશેષ વસ્તી છે ગામ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ છે. રામપરા ગામે એલ.એન્ડ ટી.જીઓ સ્ટ્રકચર પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સહયોગથી સીસીટીવી કેમેરામાં લગાડવાના પ્રોજેક્ટને સાકાર કરવામાં આવ્યો છે. ત્યારે સીસીટીવી કેમેરાનું લોકાર્પણ કાર્યક્રમ એએસપી જયવીર ગઢવી, વિવિધ કંપનીઓના અધિકારીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. રામપરા ગામને વિકાસ અને સુરક્ષા માટે હંમેશા સરપંચ સનાભાઈ વાઘ પ્રયત્નશીલ રહ્યા છે. ગામ વિવિધ સુવિધાઓથી પણ વિકસિત બને તેવા પ્રયત્નો સરપંચ દ્વારા કરવામાં આવી રહ્યા છે. રામપરા ગામ જીલ્લાનું પ્રથમ એવું ગામ બન્યું જ્યાં ૧૨૫ સીસીટીવી કેમેરાથી સજ્જ બન્યું છે. આ સુવિધાથી ગામમાં કોઈ અનિચ્છનીય બનાવો ન બંને અને દેખરેખ રાખવામાં મોટી મદદ મળશે. આ સરપંચની કામગીરીને એએસપી તેમજ આગેવાનો સહિત ગ્રામજનોએ બિરદાવી હતી. આ પ્રસંગે મરીન પીએસઆઈ કે.ડી. હડિયા, સરપંચ સનાભાઈ વાઘ, ઉપસરપંચ સાવજભાઈ વાઘ, ભગવાનભાઈ વાઘ, બાધાભાઈ વાઘ, સામતભાઈ વાઘ, લાલાઆતા વાઘ(ગોલ્ડન કિંગ) તેમજ રાજકીય-સામાજીક આગેવાન, કંપનીઓના અધિકારીઓ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

---

# ધ્રાંગધ્રાઃ એસએસપી જૈન કોલેજના વિદ્યાર્થીઓને આપાત બચાવ કામગીરીનું માર્ગદર્શન અપાયું

## પોલીસ પી.આઈ. મશીના માર્ગદર્શન હેઠળ સુરક્ષા વ્યવસ્થા ચકાસાઈ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાની એસ.એસ.પી. જૈન કોલેજ ખાતે આપત્કાલીન સ્થિતિમાં સુરક્ષા અને ત્વરિત કામગીરી અંગે જાગૃતિ લાવવા મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. સિટી પોલીસ પી.આઈ. એમ. યુ. મશીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ ડ્રીલમાં કોલેજમાં આગ લાગી હોવાની કલ્પિત સ્થિતિ ઉભી કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં જ ૧૧૨ હેલ્પલાઈન પર કોલ કરાતા ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ માત્ર ૩ મિનિટમાં જ સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાનું સફળ નિદર્શન કર્યું હતું. આ તકે પીએસઆઈ ચુડાસમા અને નાયબ મામલતદાર સહિતના અધિકારીઓએ વિદ્યાર્થીઓને હોનારત સમયે શાંતિ જાળવવા, તાત્કાલિક મદદ મેળવવા અને સુરક્ષિત રીતે સ્થળ ખાલી કરવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં આપત્કાલીન સતર્કતા વધારવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરાયો હતો.

---

# રેન્જ આઈજી નિર્લિપ્ત રાય ગોંડલમાં રહેવાનાં છે અફવાએ શહેરને ગાંડુ કર્યુ

## બંગલો ખાલી છે પણ સંતોના ઉતારા માટે સાફસફાઈ થઈ રહ્યો છે

## રાજકીય અસ્તિત્વની લડાઈમાં સોશિયલ મીડિયા મારફતે ગોંડલ ચર્ચામાં

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં કોઈ ગેંગ નથી કે ક્યારેય ગેંગવોર થઈ નથી. માત્ર રાજકીય ચડસાચડસીને કારણે ગોંડલ ખરા અર્થમાં બદનામ થયું છે. રાજકીય અસ્તિત્વની લડાઈમાં સોશ્યિલ મીડીયા મારફતે ગોંડલ વધુ બદનામ બન્યુ છે. ત્યાં સુધી કે ગોંડલને મિરઝાપુરનું લેબલ લાગી ગયું. વાસ્તવમાં ભગવત નગરી શાંત અને સોમ્ય છે. નિવૃતિ પછી પાછલી જીંદગી લોકો ગોંડલમાં પસાર કરવા ઈચ્છતા હોય તે ગોંડલની ઓળખ છે. પરંતુ કેટલાક સમયથી બદનામ ગોંડલમાં રેન્જ આઈજી નિર્લિપ્ત રાયનાં આગમનથી અસામાજિક તત્વોમાં ખૌફ ફેલાયો છે. ગુનાહિત કૃત્ય કરનારાં ભોંભીતર બની ગયાં છે. પોલીસ તંત્ર પણ ફુલ એક્શન મોડ સાથે કામ કરી રહ્યુ.

રેન્જ આઈજીનાં નામનો ડર ગોંડલની ગલીઓમાં ફરી વળ્યો છે. ત્યાં જ ગોંડલમાં અફવાએ જોર પકડ્યુ છે. ગોંડલને સીધુ દોર કરવાં હવે નિર્લિપ્ત રાય ગોંડલ માં નિવાસ કરશે.આ માટે સ્ટેશન પ્લોટમાં આવેલા ધનાઢ્ય પરીવારનાં બંગલાની સાફસફાઈ થઈ રહી છે. આ અફવા કર્ણોપ કર્ણ આખા ગામમાં ફરી વળતાં ચર્ચાનું બજાર ગરમ બન્યુ હતું. કેટલાક લોકોએ પુરુ સત્ય જાણ્યાં વગર અફવાને આવકારી લીધી તો કેટલાક લોકોએ અતિરેક ગણાવ્યો.

અફવાનું સત્ય ત્યારે બહાર આવ્યુ કે કોઈ જિજ્ઞાસુએ આ પરીવારનો સંપર્ક કર્યો અને જાણવાં મળ્યુ કે અફવા બિન પાયેદાર છે. હાલ આ બંગલો ખાલી તો છે જ પણ સંતોનાં ઉતારા માટે સાફસફાઈ થઈ રહી છે.

પોલીસ સુત્રોએ પણ રેન્જ આઈજી ગોંડલમાં નિવાસ કરનાર છે. તેવી વાતોને માત્ર અફવા જ ગણાવી હતી. પરંતુ અફવાએ લોકોમાં ડર મિશ્રિત મનોરંજન પુરુ પાડ્યું હતું.

# બોડીની મુદત પુરી:જિલ્લા પંચાયતમાં આજથી વહીવટદાર શાસન

## જિલ્લા અને તમામ છ તાલુકા પંચાયતોની મુદત આજે પૂર્ણ:અનામતના નવા રોટેશનને કારણે અનેક દિગ્ગજોના પત્તા કપાશે; જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીઓ હસ્તક પંચાયતી વહીવટ

જામનગર જિલ્લાના ગ્રામીણ રાજકારણમાં આજે એક મહત્વના અધ્યાયનો અંત આવ્યો છે. જામનગરની ભારતીય જનતા પક્ષ શાસિત જિલ્લા પંચાયત અને તેની અંતર્ગત આવતી તમામ છ તાલુકા પંચાયતોના ચૂંટાયેલા સભ્યોની પાંચ વર્ષની મુદત ૧૬ માર્ચના રોજ પૂર્ણ થઈ છે. કાયદાકીય જોગવાઈ મુજબ, મુદત પૂર્ણ થતાની સાથે જ ચૂંટાયેલી પાંખ હસ્તક રહેલી સત્તાનો અંત આવ્યો છે અને આજથી આ તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વહીવટદાર શાસન લાગુ કરી દેવામાં આવ્યું છે.

જામનગર જિલ્લા પંચાયતના વહીવટની કમાન હાલ પૂરતી જિલ્લા વિકાસ અધિકારી (ડી.ડી.ઓ.) અંકિત પન્નુને સોંપવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. જોકે, રાજ્ય સરકાર દ્વારા મહાનગરપાલિકાની તર્જ પર કોઈ અલગ વહીવટદારની નિમણૂક કરવામાં આવે તો પણ નવાઈ નહીં. બીજી તરફ, જામનગર જિલ્લાની છ તાલુકા પંચાયતો-જામનગર (ગ્રામ્ય), ધ્રોળ, જોડિયા, કાલાવડ, જામજોધપુર અને લાલપુર-ના વહીવટદાર તરીકે જે-તે તાલુકાના વિકાસ અધિકારીઓ (ટી.ડી.ઓ.) આજથી વિધિવત રીતે ચાર્જ સંભાળી રહ્યા છે. હવેથી પંચાયતના તમામ નીતિવિષયક અને વહીવટી નિર્ણયો જનપ્રતિનિધિઓને બદલે સરકારી અધિકારીઓ દ્વારા લેવામાં આવશે.

આગામી પંચાયત ચૂંટણીઓ માટે બેઠકોના અનામતનું નવું રોટેશન જાહેર થઈ ચૂક્યું છે. આ નવા રોટેશને અનેક




રાજકીય દિગ્ગજોના ગણિત બગાડી નાખ્યા છે. જિલ્લાના અનેક સક્ષમ અને અનુભવી સભ્યો કે જેઓ વર્ષોથી પોતાની બેઠક પર મજબૂત પકડ ધરાવતા હતા, તેઓ હવે અનામતના ફેરફારને કારણે આગામી ચૂંટણીમાં દાવેદારી પણ કરી શકે તેમ નથી. આ પરિસ્થિતિને કારણે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોમાં નવા ચહેરાઓની શોધ શરૂ થઈ ગઈ છે. રાજકીય વિશ્લેષકો આ ફેરફારને 'નો-રિપીટ' થિયરીની કુદરતી અસર તરીકે જોઈ રહ્યા છે.

વર્ષ ૨૦૨૧માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જામનગર જિલ્લા પંચાયતની ૨૪ બેઠકોમાંથી ભાજપે ૧૯ બેઠકો પર ભવ્ય વિજય મેળવીને સ્પષ્ટ બહુમતી સાથે સત્તા મેળવી હતી. તે સમયે વિપક્ષ કોંગ્રેસના ફાળે માત્ર એક જ બેઠક આવી હતી, જ્યારે અન્ય બેઠકો પર અપક્ષોનો વિજય થયો હતો. આ પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન પ્રથમ અઢી વર્ષની ટર્મમાં પ્રમુખ તરીકે ધરમશીભાઈ ચનિયારાએ સુકાન સંભાળ્યું હતું, જ્યારે બીજી ટર્મમાં અનામત બેઠક મુજબ મેયબેન ગરસર જિલ્લા પંચાયતના પ્રમુખ પદે રહ્યા હતા.વહીવટદાર શાસન આવતા હવે સામાન્ય પ્રજાના કામો માટે અધિકારીઓ સાથેનો સીધો સંવાદ મહત્વનો બની રહેશે. આગામી સમયમાં જ્યારે જિલ્લામાં ચૂંટણીનો માહોલ જામશે, ત્યારે ગ્રામીણ સ્તરે નવા સંગઠનો અને સમીકરણો રચાય તે નિશ્ચિત છે. હાલ પૂરતું જામનગરની જનતા અને રાજકીય કાર્યકરો વહીવટદાર શાસન હેઠળ પંચાયતી પ્રક્રિયાઓ કેવી રીતે ચાલે છે અને નવી ચૂંટણીઓ ક્યારે જાહેર થાય છે તેની રાહ જોઈ રહ્યા છે

# મહાનગરપાલિકાની બાકીદારો સામે લાલ આંખ: વેરો નહીં ભરનાર ૧૬ સોસાયટીઓના નળ જોડાણો કનેકશન કાપી નંખાયા

## વારંવારની નોટિસો અને વ્યાજમાફીની તક છતાં ૩૭૩૭ મિલકતધારકોએ વેરો ન ભરતા આખરે જામ્યુકો ત્રાટકી; મિલકતોની જપ્તી અને હરાજીની પણ ચીમકી

જામનગર મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરો અને નળ વેરો ભરપાઈ કરવામાં ઢીલાશ દાખવનારા આસામીઓ સામે આખરે કડક કાર્યવાહીનો કોરડો વીંઝવામાં આવ્યો છે. તંત્ર દ્વારા વારંવાર સૂચનાઓ, નોટિસો અને વ્યાજમાફી જેવી આકર્ષક યોજનાઓ આપવા છતાં વેરો ન ભરનારાઓ સામે આખરે લાલ આંખ કરવામાં આવી છે. ગત ૬ માર્ચના રોજ આપવામાં આવેલી સાત દિવસની આખરી મુદ્દત પૂર્ણ થતાં જ મહાનગરપાલિકાએ આજે શહેરની ૧૬ જેટલી



સોસાયટીઓનો પાણી પુરવઠો અસ્થાયી રૂપે બંધ કરી દીધો છે.

આ કડક રિકવરી ઝુંબેશ હેઠળ ગોકુલનગર અને રવિપાર્ક ઝોન વિસ્તારની અંદાજે ૩૭૩૭ જેટલી મિલકતોને સીધી અસર થઈ છે. જેમાં વોર્ડ નંબર ૧૫ ના મારુતિનગર, મથુરાનગર, લક્ષ્મીનગર અને રમેશ હાર્ડવેર વાળી શેરી તેમજ વોર્ડ નંબર ૬ ના રવિપાર્ક ટાઉનશીપ, જય દ્વારકાધીશ પાર્ક, યોગેશ્વરધામ, સ્વામિનારાયણ ધામ, વાયુનગર, શિવ ટાઉનશિપ અને તિરૂપતિ પાર્ક-૨ જેવા વિસ્તારોમાં પાણી સપ્લાય અટકાવી દેવામાં આવ્યો છે. તંત્રએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો હજુ પણ વેરો ભરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં મિલકતો જપ્ત કરી તેની જાહેર હરાજી દ્વારા વસૂલાત કરવામાં આવશે..

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ અને મિલેટ મેળો યોજાયો



જામનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર અને જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુની પ્રેરક ઉપસ્થિતિમાં 'પ્રાકૃતિક કૃષિ તાલીમ અને મિલેટ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાઈસેગના માધ્યમથી રાજ્યકક્ષાના નિષ્ણાતોએ ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા અને જમીનની ફળદ્રુપતા વધારવા અંગે જીવંત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ પ્રસંગે આયોજિત 'મિલેટ મહોત્સવ'માં બાજરી, જુવાર અને રાગી જેવા પૌષ્ટિક ધાન્યોના મહત્વનું પ્રદર્શન યોજાયું હતું. અહીં પ્રાકૃતિક પેદાશોના સ્ટોલ દ્વારા ખેડૂતોની શુદ્ધ જણસોનું સીધું વેચાણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત ખેડૂતોએ ઝેરમુક્ત ખેતી કરવાના સામૂહિક શપથ લીધા હતા. ખેતીવાડી વિભાગ અને આત્મા પ્રોજેક્ટના સહયોગથી યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ધરતીપુત્રો સહભાગી થયા હતા.

# દેવભૂમિ દ્વારકામાં ગેસના બાટલા લખાવવા માટે એજન્સીમાં લાંબી કતારો

## બાટલાની અછત વચ્ચે નોંધણી નહીં થતા લોકોમાં ચિંતા

**અબતક, વિનાયક ભટ્ટ ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગેસના બાટલા મેળવવા માટે લાંબી લાઈનમાં ઉભા રહેવાની સાથે સાથે હવે ગેસના બાટલા લખાવવા માટે પણ લાંબી લાઈનો જોવા મળી રહી છે.

આ પરિસ્થિતિનો લેભાગુ તત્વો લાભ લઈ રહ્યા છે. લોકો પાસેથી મનફાવે તેવા ભાવ વસુલતા હોવાની ફરિયાદ ઉઠી છે. ત્યારે ઈન્ચાર્જ જિલ્લા પુરવઠા અધિકારી, ડે. કલેકટર દ્વારા ગેસ એજન્સી, મામલતદારો સાથે બેઠક કરી હતી અને દ્વારકા જિલ્લામાં રાંધણગેસના બાટલાની અછત ઉભીના થાય તે માટે કાર્યવાહી કરવા તાકીદ કરી હતી. અને લોકોની સમસ્યાનો હલ કરવા માટે સુચના આપી હતી.

દ્વારકા જિલ્લામાં ઓનલાઈન ગેસના બાટલા લખાવવાનું બંધ થતા ગેસ એજન્સીઓમાં લાંબી લાઈનો જોવા મળે છે. એક બાજુ વહીવટી તંત્ર એવું કહે છે કે ગેસના બાટલાનો જથ્થો પુરતો છે. જયારે બીજી તરફ લોકોને ગેસ લખાવવા માટે લાંબી લાઈનમાં ઉભા રહેવું પડે છે. અને તેઓને ચિતા સતાવી રહી છે.

લોકોમાં એવી માંગ ઉઠી છે કે, જો ગેસના બાટલા ઓનલાઈન અથવા તો એજન્સી પર સમયસર લખાવવાનું શરૂ થઈ જાય તો પણ અડધી સમસ્યા ચિંતાનો અંત આવી જાય. હાલની સ્થિતિ સામે લોકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે.

### રામચંદ્રજી પ્રાગટય મહોત્સવ સમિતિ દ્વારા

# રામનવમીના પાવન અવસરે લોહાણ જ્ઞાતિ સમાજનું નાત જમણ

## લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

**અબતક, જામનગર**

આગામી ચૈત્ર સુદ - ૯, તા.૨૭ માર્ચને શુક્રવારના રોજ રઘુવંશી સમાજના આરાધ્ય દેવ ભગવાન શ્રી રામચંજીનો પ્રાગટય મહોત્સવ યાને રામનવમીનો પવિત્ર તહેવાર હોય તેની ઉજવણીના ભાગરૂપે શ્રી રામચંજી પ્રાકટય મહોત્સવ સમિતિ દ્વારા રામનવમી પારણા અંતર્ગત તા.૨૮-૩-૨૦૨૬ ને શનિવારના રોજ જામનગર શહેરના સમસ્ત રઘુવંશી સમાજના સમૂહ જ્ઞાતિ ભોજન યાને નાતનું આયોજન જામનગર ખાતે કરવામાં આવેલ છે. જેના સંદર્ભે ગુજરાત રઘુવંશી લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલના અધ્યક્ષસ્થાને મિટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં રામચંદ્રજી પ્રાકટય મહોત્સવ સમિતિના સદસ્ય માધવ સુખપરીયા દ્વારા કાર્યક્રમ



અંતગર્ત માહિતીની જાણ કરવામાં આવેલ હતી.

જેમાં આ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે તા.૨૭ માર્ચને શુક્રવારના સવારે ૭-૩૦ કલાકે પાંજરાપોળમાં ગૌ માતાનું પૂજન થશે તેમજ ગૌ માતાને ઘાસ તથા લાડુ વિતરણ થશે.

તેમજ તા.૨૮ માર્ચને શનિવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે સ્વયંસેવક ભાઈઓ-બહેનોને સેવાકાર્યની ફાળવણી કરવામાં આવશે તથા સાંજે ૬-૩૦ કલાકે સારશ્વત બ્રાહ્મણ જ્ઞાતિનું સમુહ ભોજન તેમજ સાંજના ૭ થી ૯-૩૦ કલાકે લોહાણા જ્ઞાતિનું સમુહ ભોજન (નાત)નું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોકત તમામ કાર્યક્રમોનું સ્થળ અયોધ્યનગરી, જલારામ ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, હાપા માકેટીંગ યાર્ડ રોડ, ન્યારા પેટ્રોલ પંપ સામે, જામનગર ખાતે રાખવામાં આવેલ છે.આ પ્રસંગ પાર પડે તેવા શુભ હેતુ સાથે ગુજરાત રઘુવંશી લોહાણા સમાજના પ્રમુખ અને શ્રી રામચંદ્રજી પ્રાકટય મહોત્સવ સમિતિના સ્થાપક સદસ્ય જીતુભાઈ લાલ દ્વારા સર્વે જ્ઞાતિજનનો પધારવા તેમજ શહેરમાં વસતા તમામ રઘુવંશી સમાજના જ્ઞાતિજનોના ઘર ઘર સુધી આમંત્રણ પત્રીકા પહોંચાડવાની તથા સર્વે જ્ઞાતિજનો રામનવમી પારણા અંતગર્ત લોહાણા જ્ઞાતિ સમુહ ભોજન (નાત)માં પધારવા અનુરોધ કરાયો છે.

# પોલીસ અને વીજ તંત્રનું સંયુક્ત મેગા ઓપરેશન: ૧૩૧ નામચીન શખ્સોના ઘરે દરોડા

## ૪૭ મકાનોમાંથી ૧૭ લાખની વીજ ચોરી ઝડપાઈ બુટલેગરો અને ડ્રગ્સ માફિયાઓની યાદી બનાવી ત્રાટકી પોલીસ: ગુનાખોરી સાથે વીજ ચોરી કરતા તત્વોમાં ફફડાટ







જામનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓ અને ગુનેગારોને ડામવા માટે એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જિલ્લા પોલીસ વડા (એસ.પી.) ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ પોલીસે માત્ર ગુનાખોરી જ નહીં, પણ ગુનેગારો દ્વારા કરવામાં આવતી સરકારી અસ્કયામતોની ચોરી પર પણ તરાપ મારી છે. ગઈકાલે જામનગર ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ અને પીજીવીસીએલ (PGVCL) ની ટીમોએ સંયુકત રીતે ૧૩૧ નામચીન ગુનેગારોના રહેણાંક સ્થળો પર સઘન ચેકિંગ હાથ ધર્યું હતું, જેમાં કરોડોની વીજ ચોરીનો પર્દાફાશ થયો છે.

બુટલેગરો અને ડ્રગ્સ માફિયાઓ નિશાના પર

પોલીસ તંત્રએ સૌ પ્રથમ પંચકોશી એ-ડિવિઝન, ધ્રોળ, જોડિયા અને કાલાવડ પોલીસ સ્ટેશન વિસ્તારના એવા ૧૦૬ શખ્સોની યાદી તૈયાર કરી હતી જેઓ અગાઉ દારૂ, જુગાર કે ડ્રગ્સ જેવા ગંભીર ગુનાઓમાં પકડાઈ ચૂક્યા છે. આ લિસ્ટેડ બુટલેગરોને ત્યાં વીજ તંત્રની ટુકડીઓને સાથે રાખીને જ્યારે તપાસ કરવામાં આવી, ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી. કુલ ૧૦૬ સ્થળોએ તપાસ કરતા ૩૫ મકાનોમાં વીજ મીટરમાં છેડછાડ અથવા ડાયરેક્ટ જોડાણ દ્વારા વીજ ચોરી થતી હોવાનું માલૂમ પડ્યું હતું. આ તત્વોને વીજ તંત્ર દ્વારા કુલ ૧૨ લાખ ૬૦ હજાર રૂપિયાના તોતિંગ દંડકીય બિલો ફટકારવામાં આવ્યા છે.

લાલપુર પંથકમાં પણ પોલીસની કડક કાર્યવાહી

આવી જ રીતે લાલપુર પોલીસ સ્ટેશન હેઠળ આવતા વિસ્તારોમાં પણ ચોરી, લૂંટ અને શરીર સંબંધી ગુનાઓમાં સંકળાયેલા ૨૫ જેટલા શખ્સોને ત્યાં ઓચિંતું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ પૈકી ૧૨ મકાનોમાં વીજ ચોરી પકડાઈ હતી. વીજ કંપનીએ આ તમામ ૧૨ શખ્સોને કુલ ૫ લાખ ૫૭ હજાર રૂપિયાના બિલ ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ સમગ્ર ઓપરેશન લાલપુર વિભાગના આઈપીએસ અધિકારી પ્રતિભા રાવ અને શહેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક (ડીવાયએસપી) જે.એન. ઝાલાના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું હતું. અલગ-અલગ પોલીસ ટીમો અને વીજ ઈજનેરોની ટુકડીઓએ એક જ દિવસમાં ૧૩૧ સ્થળોને ધમરોળ્યા હતા. સમગ્ર દિવસના અંતે કુલ ૪૭ સ્થળોએથી વીજ ચોરી ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે અને કુલ ૧૭ લાખ ૧૭ હજાર રૂપિયાની રકમ વસૂલવા તજવીજ હાથ ધરાઈ છે.

પોલીસની આ આક્રમક કામગીરીને પગલે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છુપાઈને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા તત્વોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. સામાન્ય રીતે પોલીસ માત્ર ગુનાની તપાસ કરતી હોય છે, પરંતુ આ વખતે ગુનેગારોની આર્થિક કરોડરજ્જુ તોડવા માટે વીજ ચોરી જેવા પાસાઓને પણ આવરી લેવાતા લોકોમાં આ કામગીરીની પ્રશંસા થઈ રહી છે. આગામી દિવસોમાં પણ આ પ્રકારનું સઘન ચેકિંગ ચાલુ રાખવામાં આવશે તેવા સંકેતો પોલીસ વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે.

## રાજકોટમાં ભાવેશ વાણવીની હત્યા મામલે

# દલિત સમાજના ધરણા, ચક્કાજામનો પ્રયાસ, પોલીસનો બળપ્રયોગ: મોડી રાત સુધી હાઈવોલ્ટેજ ડ્રામા





### પાંચ શખ્સો દ્વારા કરાયેલા ખૂની હુમલામાં ઘવાયેલા યુવકે દમ તોડતા બનાવ હત્યામાં પલટાયો: આરોપીઓને પકડી ગુજસીટોક એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની માંગ સાથે પરિજનો-આગેવાનોએ લાશ સ્વીકારવાનો ઈન્કાર કર્યો

- કલેક્ટરને રજુઆત બાદ દલિત સમાજનું ટોળું સિવિલ હોસ્પિટલ ચોક ખાતે મૃતદેહ સાથે ધરણા પર બેસી જતાં મામલો બિચક્યો મોટાપાયે પોલીસ કાફલો ખડકી દેવાયો
- ટોળું વિફરતા પોલીસે હળવો બળપ્રયોગ કરવાની ફરજ પડી અનેક આગેવાનોની અટકાયત, વાતાવરણ ઉગ્ર બન્યું
- ઉચ્ચ પોલીસ અધિકારીઓની સમજાવટથી પરિજનો મૃતદેહ લઈ વતન વંથલી લઈ ગયા

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તાર નજીક ગત રવિવારે રાત્રે ભાવેશ વાણવી પર પાંચ શખ્સો દ્વારા ખૂની હુમલો કરવામાં આવ્યો હતો. જે હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જો કે, ટૂંકી સારવાર બાદ યુવકે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલટાયો હતો. જે બાદ મૃતકના પરિજનો - આગેવાનો દ્વારા આરોપીઓને પકડી ગુજસીટોક એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની માંગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. હોસ્પિટલ ચોક પર મોટા પ્રમાણમાં દલીત સમાજના લોકો ધરણાં પર બેસી ગયાં હતાં. મોડી રાતે ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો મોટો પોલીસ કાફલો ખડકાયો હતો, ત્યાં જ મામલો બીચકતા જ પોલીસે સ્થિતિને બેકાબુ બનતાં અટકાવવા હળવો લાઠીચાર્જ કરી કેટલાક આગેવાનોની અટકાયત પણ કરી હતી જો કે, ઉચ્ચ પોલીસ અધિકારીઓની મધ્યસ્થી અને ત્રણ આરોપીની અટકાયત કરી લેવાતાં પરીવારજનોએ લાશનો સ્વીકાર કરતાં પોલીસ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. સવારથી શરૂ થયેલા હાઈવોલ્ટેજ ડ્રામાનો આખરે મોડી રાતે અંત થયો હતો.

(અનુ. આઠમા પાને)

### બંદોબસ્તમાં હાજર ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈને ધક્કો મારી પછાડી દેવાયા

## તું ઘરે તો એકલો જ જઈશ ને? રસ્તામાં પતાવી દેશું કહી પોલીસમેનને ખૂનની ધમકી

### તમારા બધાના પટ્ટા-ટોપી ઉતારી નાખવા છે કહી ટોળું બેફામ બન્યું દલીત આગેવાન ડી. ડી.સોલંકી સહિતના ટોળા સામે ફરજમાં રુકાવટ, રાયોટીંગ સહિતની ગંભીર કલમ હેઠળ ગુનો નોંધાયો

ભાવેશ વાણવીની હત્યા બાદ શરૂ થયેલા હાઈવોલ્ટેજ ડ્રામાને પગલે ભારે તંગદિલી સર્જાઈ હતી. કલેક્ટરને રજુઆત કર્યા બાદ દલિત સમાજનું ટોળી સિવિલ હોસ્પિટલ ચોક ખાતે ધસી ગયું હતું અને ચક્કાજામનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના એએસઆઈને ખૂનની ધમકી આપી ટોળાં સ્વરૂપે ફરજમાં રુકાવટ કરનાર ટોળાં સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતાં એએસઆઈ સંજયભાઈ દાફડાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિલીપ ધીરૂભાઈ સોલંકી ઉર્ફે ડી. ડી.સોલંકી, અશોકભાઈ સિંઘવ અને નરેશભાઈ ઉગાભાઈ બગડા સહિતના રસ્તો બ્લોક કરનાર ૧૫ થી ૨૦ શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, ગઈકાલે રાતે ૮ વાગ્યાથી તેઓ અને પોલીસ હેડ કવાટર્સ, એ ડીવીઝન, પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન, યુનિ. પોલીસ સ્ટેશન, એસઓજી અને ડી.સી.બી. પોલીસ સ્ટેશન મથકનો સ્ટાફ

(અનુ. આઠમા પાને)

# ૩૧ જિલ્લા પંચાયત અને ૨૨૯ તાલુકા પંચાયતોમાં વહીવટદારોની નિમણુંક

### જિલ્લા પંચાયતોમાં કલેકટર જયારે તાલુકા પંચાયતોમાં પ્રાંત અધિકારી કે સમક્ષ અધિકારીને વહીવટદાર તરીકે જવાબદારી



તસવીરઃ શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

રાજયની અલગ અલગ ૩૧ જિલ્લા પંચાયત અને ૨૨૯ તાલુકા પંચાયતોની વર્તમાન ચૂંટાયેલી બોડીની મૂદત પૂર્ણ થવાની આરે છે. ગઈકાલે રાજકોટ સહિત કેટલીક જિલ્લા પંચાયતોની મૂદત પૂર્ણ થઈ જવા પામી છે. દરમિયાન આજથી ૧૯મી સુધી મોટાભાગની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની મૂદત પૂર્ણ થઈ જશે રાજય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા વહીવટદારની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા પંચાયતોમાં જિલ્લા કલેકટરને વહીવટદાર બનાવવામાં આવ્યા છે. જયારે તાલુકા પંચાયતોમાં પ્રાંત અધિકારી કે સમક્ષ અધિકારીને જવાબદારી સોંપાય છે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૫ અનુસાર પંચાયતની પાંચ વર્ષની મુદત પૂરી થવાને કારણે આવી પંચાયતની પુનઃરચના કરવા સબંધે પંચાયતોની મુદત પૂરી થવાની હોય તેના બે મહિના કરતાં વહેલી નહિં અને પંદર દિવસ કરતાં મોડી હોવી જોઈએ નહિં તેવી જોગવાઈ છે. ૧૬ થી ૧૯ માર્ચ,સુધીમાં રાજયની ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૨૯ તાલુકા પંચાયતોની ભારતીય બંધારણના અનુચ્છેદ-૨૪૩(ચ) તથા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૩ અનુસાર ધોરણસરની પાંચ વર્ષની મુદત પુરી થનાર છે. વિકાસ કમિશનરની કચેરીની દરખાસ્તથી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૭૮ અન્વયે ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૩ અનુસાર ૧૯ માર્ચ, સુધીમાં મુદત પૂર્ણ થનાર જિલ્લા તથા તાલુકા પંચાયતોમાં ચૂંટણીઓ થાય અને પ્રથમ બેઠક મળે નહિં ત્યાં ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૨૯ તાલુકા પંચાયતોમાં વહીવટદારની નિમણુક કરવામાં આવી છે. આ સમયગાળા

(અનુ. આઠમા પાને)

# ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે રજીસ્ટ્રેશનની મૂદત ૨૭મી સુધી વધારાઈ

### ૧૫મી મે સુધી પ્રતિ કિવન્ટલ રૂ.૨૫૮૫ના ભાવે ઘઉંની ખરીદી કરાશે

**અબતક, રાજકોટ**

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંની ખરીદી માટે લઘુતમ ટેકાના ભાવ રૂ.૨.૫૮૫/- પ્રતિ કવી. જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી.. મારફતે કરવામાં આવનાર છે.

લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવા ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વીસીઈ મારફતે ૧ ફેબ્રુઆરી થી ૧ માર્ચ ૨૦૨૬ સુધીની હતી. જેની મુદ્દત વધારીને તા.૧૩ માર્ચ થી તા.૨૭ માર્ચ કરવામાં આવી છે. ઘઉંની ખરીદી તા.૧૫ મે સુધી કરવામાં આવશે. જેથી નોંધણી કરાવવા તમામ ખેડૂત મિત્રોને અપીલ કરવામાં આવે છે.ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા નોંધણી કરવામાં આવશે.

નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭/૧૨ કે

(અનુ. આઠમા પાને)

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં જામશે ત્રિ-પાંખિયો જંગ

### ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી તમામ બેઠકો પર ઉમેદવાર ઉતારશે: જનતાને ત્રણ-ત્રણ વિકલ્પો મળશે



**અબતક,રાજકોટ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીમાં ત્રિ પાંખીયો જંગ જામશે કોંગ્રેસ દ્વારા અગાઉ એવી ઘોષણા કરવામાં આવી હતી કે તેઓ ૧૦ હજારથી વધુ બેઠક પર ઉમેદવારો મેદાનમાં ઉતારશે જયારે આમ આદમી પાર્ટી દ્વારા ગઈકાલે એવી ઘોષણા કરવામાં આવી છે કે ‘આપ’ દ્વારા તમામ બેઠકો પર ઉમેદવારો ઉતારવામાં આવશે. જયારે શાસક પક્ષ ભાજપ તો તમામ બેઠક પર ઉમેદવારો ઉતારે છે જ. જનતાને ત્રણ મજબૂત વિકલ્પ પ્રાપ્ત જશે. આગામી ચૂંટણીમાં રોમાંચક બની રહેશે તેમાં શંકા નથી.

તમામ રાજકીય પક્ષો દ્વારા હાલ ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ચાલી રહી છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા ટુંક સમયમાં ઉમેદવારોના નામનું પ્રથમ લીસ્ટ જાહેર કરવામાં આવશે. ભાજપ દ્વારા હજી સુધી ઉમેદવારોની પસંદગી માટેની કાર્યવાહી હાથ પર લેવામાં આવી નથી.

સ્થાનીક સ્વરાજયની આગામી ચૂંટણીને સત્તાના સેમીફાઈનલ સમોજંગ માનવામાં આવે છે. કારણ કે દોઢ વર્ષ બાદ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. આવામાં મહાપાલિકા, જિલ્લા પંચાયત તાલુકા પંચાયત, નગરપાલિકાની આગામી ચૂંટણીના પરિણામો દરેક રાજકીય પક્ષ માટે ખૂબજ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે.

પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની આવનારી ચૂંટણી નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ તમામ ૧૨૦૦૦ સીટો પર ચૂંટણી લડવાનું નક્કી કર્યું છે. તેના અનુસંધાને રાજ્યને ૭ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે અને દરેક ઝોનમાં ઝોન ચૂંટણી સમિતિઓ બનાવવામાં આવી છે. જેમાં ઝોન પ્રમુખ, સેન્ટ્રલ ઝોન પ્રેસિડેન્ટ, ઓબ્ઝર્વર અને વિધાનસભા પ્રભારીઓ સહિતની ટીમ બનાવવામાં આવી છે. આ ટીમ દ્વારા ૨૬ લોકસભા વિસ્તાર હેઠળ આવતા ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. તેના અનુસંધાને હવે એ-ગ્રેડ, બી-ગ્રેડ અને સી-ગ્રેડ પ્રમાણે ઉમેદવારો અંગે ચર્ચા શરૂ કરવામાં આવી રહી છે. આજથી સ્ટેટ ઈલેકશન કમિટી દ્વારા ત્રણ દિવસ સુધી જુદા જુદા ઝોનમાંથી આવેલા નામો પર ચર્ચા કરવામાં આવશે. ત્યારબાદ ટૂંક સમયમાં ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે.

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં પહેલી વખત આમ આદમી પાર્ટી નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકાની તમામ સીટો પર પૂરજોશમાં ચૂંટણી લડશે. અત્યારે આમ આદમી પાર્ટી સાથે જોડાવા અને ચૂંટણી લડવા માટે અનેક લોકો ઉત્સુક બન્યા છે. આમ આદમી પાર્ટી પહેલી એવી પાર્ટી છે જેણે ‘ઓપન ટુ ઓલ’ની પદ્ધતિ અપનાવી છે. અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસમાં ધારાસભ્યો અથવા નેતાઓના પરિવારજનોને જ તક મળતી હતી, પરંતુ આમ આદમી

(અનુ. આઠમા પાને)

# ગુજકેટની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ આજથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે

### ૨૯મીએ લેવાનારી ગુજકેટ માટે રાજ્યભરમાંથી ૧,૩૫,૮૭૫ વિદ્યાર્થી નોંધાયા

**અબતક, રાજકોટ**

શિક્ષણ બોર્ડ દ્વારા ૨૯ માર્ચના રોજ લેવાનારી ગુજકેટની હોલ ટિકિટ આજે અપલોડ કરવામાં આવી છે. સ્કૂલો બોર્ડની વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. આ વખતે ગુજકેટ માટે રાજ્યભરમાંથી ૧,૩૫,૮૭૫ વિદ્યાર્થી નોંધાયા છે, જે ગત વર્ષની સરખામણીએ ૫ હજાર જેટલા વધુ વિદ્યાર્થી નોંધાયા છે.

ઉમેદવારોને હોલ ટિકિટ ડાઉનલોડ કરવા માટે ગુજકેટ-૨૦૨૬ માટે ભરેલા આવેદનપત્રમાં નોંધાયેલા મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈડી અને જન્મ તારીખ અથવા એપ્લિકેશન નંબર દાખલ કરવો પડશે. ઉપરાંત ઉમેદવારો પોતાના નામ દ્વારા પણ એડમિશન કાર્ડ શોધી શકશે અને ત્યારબાદ જન્મ તારીખની વિગતો દાખલ કરીને તેને ડાઉનલોડ કરી શકશે.શાળાઓને પણ પોતાના ઈન્ડેકસ નંબર અને રજીસ્ટર્ડ મોબાઈલ નંબર દ્વારા લોગ-ઈન થઈ પોતાની શાળાના વિદ્યાર્થીઓના ગુજકેટ-૨૦૨૬ માટેના એડમિશન કાર્ડ ડાઉનલોડ કરવાની સુવિધા આપવામાં આવી છે. શાળાઓ આ હોલ ટિકિટ ડાઉનલોડ કરીને પોતાના વિદ્યાર્થીઓને વિતરણ પણ કરી શકશે. બોર્ડે સ્પષ્ટ કર્યું છેકે, ગુજકેટ-૨૦૨૬ માટેના એડમિશન કાર્ડ ફક્ત ઓનલાઈન માધ્યમથી જ ઉપલબ્ધ રહેશે અને તે જ પરીક્ષા ખંડમાં પ્રવેશ માટે માન્ય રહેશે. હોલ ટિકિટ પર શાળાના આચાર્યની સહી અથવા સિક્કાની જરૂર રહેશે નહીં.

# પીએનજી કનેકશન ધરાવનારાઓએ કાલ સુધીમાં ગેસના બાટલા જમા કરાવી દેવા પડશે

### એલપીજી અને કોમર્શિયલ વપરાશકર્તાઓને પીએનજીમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયાને પ્રથમ પ્રાધાન્ય

**અબતક, રાજકોટ**

પીએનજી કનેકશન ધરાવનારાઓએ આવતીકાલ સુધીમાં ગેસના બાટલા જમા કરાવી દેવા પડશે.

રાજ્યમાં નાગરિકો માટે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે પીએનજીનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

મોના ખંધારના જણાવ્યા અનુસાર અત્યારે એલપીજીના ઘરેલુ તથા કોમર્શિયલ વપરાશકર્તાઓને પીએનજીમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. જે વપરાશકર્તાઓ એલપીજી સાથે પીએનજી કનેક્શન ધરાવતા હોય તેમણે બુધવાર સુધીમાં એલપીજી કનેક્શન સરેન્ડર કરવાના રહેશે.

રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં એલપીજીના પુરવઠાની સાથોસાથ વધારાના વિકલ્પ તરીકે કેરોસીનના વિતરણ અંગેની વ્યવસ્થા પણ શરૂ કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા (૧૪,૫૨,૦૦૦ લિટર) કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે, જેમાંથી દરેક જિલ્લાને ૩૬ હજાર લિટર કેરોસીનની ફાળવણી કરવામાં આવી છે. તેમાં

(અનુ. આઠમા પાને)

### ૨૪૯૭ ચો.કિ.મી. વિસ્તારમાં ફેલાયેલા એશિયાના સૌથી મોટા ઘાસના મેદાન એવા

# કચ્છના બન્નીમાં “ચિત્તા કન્ઝર્વેશન બ્રીડિંગ” સેન્ટર બનાવાશે

### ૫૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઘાસનું વાવેતર કરાશે: ૧૨ વર્ષમાં ગુજરાતમાં વૃક્ષોની સંખ્યામાં ૪૭.૧૮ ટકાનો વધારો



**અબતક, રાજકોટ**

રાજ્યનો કુલ વન વિસ્તાર ૨૧,૮૭૬.૪૫ ચો.કિમી છે, જે રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૧.૧૪ ટકા જેટલો થાય છે. વન વિસ્તારની દષ્ટિએ ગુજરાત દેશમાં ૧૧મો ક્રમ ધરાવે છે. ખાસ કરીને, વન વિસ્તાર બહાર વૃક્ષોની સંખ્યામાં વર્ષ ૨૦૧૩ની સરખામણીએ વર્ષ ૨૦૨૫ સુધીમાં ૪૭.૧૮ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. તેમ વન પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું.

ફોરેસ્ટ સરવે ઑફ ઈન્ડિયાના વર્ષ ૨૦૨૩ના અહેવાલ મુજબ ગુજરાતમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર - ૬૬૩૨.૨૯ ચો.કિમી છે.

સિંહોના સંરક્ષણ માટે રાજ્ય સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ‘લાયન @૨૦૪૭એ વિઝન ફોર અમૃતકાળ’ વિશે વાત કરતાં વનમંત્રીએ કહ્યું કે આ પ્રોજેક્ટ માટે રૂ. ૨૯૨૭.૯૭ કરોડનો સંકલિત પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે.

જેસર અને પાલિતાણા વિસ્તારમાં સિંહ અને દીપડા વસવાટ કરે છે ત્યારે મંત્રીએ વન વિભાગની વિશેષ કામગીરીનો ઉલ્લેખ કરતાં ગૃહમાં કહ્યું હતું કે વિશ્વ પ્રસિદ્ધ જૈન તીર્થ, પાલિતાણા ખાતે શૈત્રુંજય પર્વતની યાત્રા સલામત રીતે પૂર્ણ કરવામાં સહયોગ બદલ વનવિભાગના કર્મયોગીઓનો જૈન અગ્રણીઓ-યાત્રીઓએ વિશેષ આભાર માન્યો હતો.

તેમણે ઉમેર્યું કે મે-૨૦૨૫ દરમિયાન ૧૧ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલ ૧૬મી સિંહ વસ્તી ગણતરી મુજબ રાજ્યમાં સિંહોની સંખ્યા વધીને ૮૯૧ નોંધાઈ છે, જે વન્યજીવ સંરક્ષણની દિશામાં એક ઐતિહાસિક સિદ્ધિ છે. આ વસ્તીમાં ૧૯૬ નર, ૩૩૦ માદા, ૧૪૦ પાઠડા અને ૨૨૫ બચ્ચાનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, આ ગણતરી દરમિયાન ૩૫,૦૦૦ ચો.કિમી વિસ્તારને આવરી લેવામાં

(અનુ. આઠમા પાને)